॥जैनीय-वैराग्यशतकं भाषान्तरसहितं॥
॥ समाप्तम् ॥

आ अमूल्य ग्रंथनी उपरा उपरी मागणी थवाथी आवृत्ति चोथी
प्रसिद्ध करवामां आवी छे.

फक्त १००० नकल.

सूचना.

आ ग्रंथमां प्रसिद्धकर्त्तांना शिक्का शिवायनी कोइ पण कॉपी (नकल) वेचाती कोइपण ठेकाणे जणाशे तेना उपर घटता इलाजो लेवामां आवशे.

पुस्तक मळवानां ठेकाणां.

अमदावाद—प्रसिद्धकर्त्ता पासेथी.
,, —राजनगर प्रिन्टींग प्रेस तथा जाणीता तमाम बुकसेलरो पासेथी
,, —शा. बालाभाइ छगनलाल पासेथी. ठे. कीकाभटनी पोळ.

मुंबाइ—बंदरमां. भीमशी माणेकनी दुकानेथी.

आ ग्रंथनो बालावबोध करनार कहे छे के,--

॥ उपजाति वृत्तम् ॥

प्रबन्धचिन्तामणि, धर्मबिन्दु । श्रीहारिभद्राष्टकसंघपट्टाः ॥
भाषान्तरेणाभियुता यतः स्युः । सोयं प्रभावो मयि संघदृष्टेः ॥ १ ॥

॥ अनुष्टुप् वृत्तम् ॥

मागधी संस्कृतेऽकारिरत्नामञ्जरी नाटिका ॥
जयतिहुयणस्तोत्रे ज्ञानसारे तु गौर्जरी ॥ २ ॥

॥ इति श्री जैनीय अध्यापक, शास्त्री रामचंद्र दीनानाथ विरचित
श्री वैराग्यशतकनो दंडान्वय सहित बालावबोध समाप्त. ॥

कोडाकोडि सागरोपमे, एक कालचक्र थाय. एवा अनंता कालचक्रे एक पुद्गल परावर्त्तन थाय. ॥ इति पुद्गलपरावर्त्तन प्रमाणम्. ॥

थाय. आ दृष्टांत कथनमात्र छे. केम के, आ प्रमाण गणत्रीमां आवतुं नथी. गणत्रीमां तो सूक्ष्म अद्धा पल्योपम आवे छे. तेनुं स्वरूप नीचे कहीए छीए.

पूर्वे कह्या एवा जुगलियाना एकेका वालाग्रना, असंख्याता खंड कल्पवा. ते वालाग्रना खंडे करी पूर्वे कह्या प्रमाणे, ते कूवो ठांशी ठांशीने भरीये. पछी तेमांथी पूर्वनी पेठे एकेको वालनो ककमो सो सो वर्षे काढाए. पछी ज्यारे ते कुवो तमाम खाली थाय, त्यारे एक सूक्ष्म अद्धा पल्योपम थाय. तेनां असंख्यातां कोमाकोमी वर्ष थाय. तेवा दश कोमाकोमो भाग रोपमे एक अद्धा सागरोपम थाय. एवी रीतना सागरोपमनुं प्रमाण आ जग्याए जाणवुं. आ वार्त्तानो विशेष विस्तार श्री अनुयोगद्वार सूत्रमां तथा पांचमा कर्म ग्रंथमां छे. त्यांथी विस्ता रना अर्थिये जोइ लेवुं.

एज रीते एटले पूर्वे कह्या तेवा दश कोडाकोडि सागरोपमे, उत्सर्प्पिणी अने बीजा दश कोडाकोडि सागरोपमे, अवसर्प्पिणी थाय. ए बे मलीने वीश

पयनु स्वरूप जणावीए ठीए केम के, आ बादर अध्धा पल्योपमे करीनेज जीवोनां आउखां कायस्थिति, कर्मस्थिति, पुद्गलस्थिति आदिकनुं प्रमाण गणाय ठे माटे, ते अध्धा पल्योपमना पण सूक्ष्म अने बादर एवा बे भेद ठे, तेमां प्रथम बादर अध्धा पल्योपमनुं स्वरूप कहीए ठीए.

देवकुरु उत्तरकुरु क्षेत्रमां जन्मेलां जुगलियांना वाल ते एवा के, जे जुगलने जन्मे एक बे यावत् सात दिवस थया होय, तेवा जुगलियाना केश (वाल) लेइने तेना एवा ककडा करवा के, ते ककडानो बीजो ककडो थइ शके नही. तेवा वालाग्रने च्यार गाउनो लांबो, च्यार गाउनो पहोलो अने च्यार गाउनो उंडो एवा कूवामां ते वालाग्रने एवा ठांशीठांशीने भरीये के तेना उपर थइने चक्रवर्त्तिनुं सैन्य चाले, तोपण ते वालाग्र हाली शके नही. तथा अग्नियें बली शके नही, तथा पाणीए करी भींजाय नहीं. एटले तेनी अंदर पाणी उतरी शके नही. तथा वायरे करी ते वालाग्र उडी शके नही, एवा ठांशी ठांशीने भर्या होय, पछी ते वालाग्रनो एकेको ककडो सो सो वर्षे काढीए, ते काढतां काढतां ज्यारे ते कूवो त माम खाली थाय, त्यारे एक अध्धा बादर पल्योपम थाय. तेनां संख्यातां कोडाकोडि वर्ष

आ ग्रंथना ७६ मा तथा ७७ मा पानानी पुंठिमां जणाव्युं छे के सागरोपमनुं तथा पुद्गलपरावर्त्तननुं स्वरूप ग्रंथने अंते जणावी शुं. ते ते इहां जणावीए छीए.

अति सूक्ष्मकालने एक समय कहे छे. तेवा असंख्याता समये एक आवली थाय. तेवी (१६७७७२१६) एक क्रोड सडसठ लाख शित्तोतेरहजार बशें ने सोल आवलीये, एक मुहूर्त्त थाय छे. तेवा त्रीश मुहूर्त्ते एक अहोरात्रीरूप दिवस थाय छे. तेवा पंदर अहोरात्रीए एक पखवाडियुं थाय छे. तेवा बे पखवाडिये एक महिनो थाय छे. तेवा बार महिने एक वर्ष थाय छे. तेवा असंख्याता कोडाकोडी वर्षे एक पल्योपम थाय छे. तेवा दश कोडाकोडि पल्योपमे एक अद्धा सागरोपम थाय. ॥ इति सागरोपम प्रमाणम्.[१]॥

---

१ इहां पल्योपम त्रण प्रकारना छे. ते कहे छे. १ उद्धार पल्योपम. २ अद्धा पल्योपम. ३ क्षेत्र पल्योपम. तेमां वली एकेकना बादर अने सूक्ष्म एवा बे भेद छे. तेमांना अद्धा पल्यो

अर्थ.—हे आत्मन्! (किं बहुणा के०) घणुं कहेवे करीने शुं! ते प्रकारे (जिणधम्मे के०) जिनधर्मने विषे (जइयव्वं के०) यत्न करवो. (जह के०) जेम (जिअ के०) जीव जे ते (घोरं के०) भयानक एवा (भवोदहिं के०) संसाररूप समुद्रने (लहु के०) शीघ्रपणे (तरियं के०) तरीने (अणंतसुहं के०) अनंतु छे सुख ते जेने विषे एवुं (सासयं ठाणं के०) शाश्वतुं स्थान एटले मोक्ष, तेने (लहइ के०) पामे. ॥ १०४ ॥

भावार्थ.—हे भव्य जीवो! आखा ग्रंथनो सारमां सार एटलोज कहेवानो छे के, जिनधर्मने विषे प्रमाद रहितपणे प्रयत्न करो. के, जेथी तमने मोक्षनुं शाश्वतुं सुख प्राप्त थाय. ते सुखनुं वर्णन थइ शके तेम नथी, तेम छतां जो तेना स्वरूपने जाणवानी मरजी होय तो श्री आचारांगजी सूत्रना पांचमा लोकसार नामा अध्ययनमां जोइ लेज्यो. ॥ १०४ ॥

१३३

तुना तापवडे सारी पेठे तपेला एवा (नवमरुदेसे के०) संसाररूप मारवाड देशने विषे (सिवसुहदं के०) मोक्ष सुखने आपनार एवा (जिणधम्मकप्परुक्खं के०) जिनधर्मरूप कल्पवृक्षने (तुमं के०) तुं (सरसु के०) आश्रय कर. (आ जग्याये टीकाकारे कल्पवृक्षनुं स्मरण कर्यु. एवो अर्थ कर्यो छे, ते विचारवा योग्य छे.) ॥ १०३ ॥

भावार्थ.—हे जीव! संसारनां अनेक दुःखरूप मारवाड देशनी तपेली रेती, तेमां भ्रमण करता प्राणियोने महोटा भाग्ये प्राप्त थयेलो जिनधर्मरूप कल्पवृक्ष, तेज आश्रय करवायोग्य छे. के, जेथी सकल वांछित सुखनी सिद्धि थाय छे. ॥ १०३ ॥

किं बहुना जिनधर्मे यतितव्यं यथा भवोदधिं घोरं

किं बहुणा जिणधम्मे । जइयवं जेह भवोदहिं घोरं ॥

लघुशीघ्रं तीर्त्वा अनंतसुखं लभते जीवः शाश्वत स्थानं

लहुं तरियं णंतसुहं । लहइ जिउ सासयं ठाणं ॥१०४॥

नवकाणणे के०) लागतुं एवुं जे संसाररूप वन, तेने विषे (रेजीव के०) हे जीव! (तुमं के०) तुं (अमियकुंडसमं के०) अमृतना कुंड समान (जिणवयणं के०) जिनराजना बचनने (सेवसु के०) सेवन करय. एटले सिद्धांतमां कहेला अनुष्ठानने विधिसहित अंगीकार करय. ॥ १०२ ॥

नावार्थ.—आ संसाररूप नयंकर दावानलथी दाझेलो एवो जे तुं, ते जिन वचनरूप अमृतना कुंडमां मग्न था. अर्थात् रूडा अनुष्ठानने ग्रहण करय. जेथी तने अपूर्व सुखशांति थशे. ॥ १०२ ॥

विषमे नवएवमरुदेशे अनंतदुःखान्येवग्रीष्मतापस्तेनसंतप्ते
विसमे नवमरुदेशे । अणंतदुहगिम्हतावसंतत्ते ॥
जिनधर्मएवकल्पवृक्षस्तं स्मर त्वं हेजीव शिवसुखदं
जिणधम्मकप्परुरकं । सरसु तुमं जीव सिवसुहदं ॥१०३॥

अर्थ.—(जीव के०) हे जीव! (विसमे के०) विषम एटले चालनारने दुःख कारी एवा, अने (अणंतदुहगिम्हतावसंतत्ते के०) अनंतां दुःखरूप ग्रीष्मरु-

छे, तेम आ धर्मरूप मित्र पण मनोवांछित सुख मेळवी आपवाथी सुमित्र समान छे. तथा गुरु जेम असत् मार्गथी पाछो वाळे छे, तेम आ जिनधर्म पण, नरक तिर्यंचादिक दुर्गतिमां जवाथी पाछो वाळे छे. माटे उत्कृष्ट गुरुसमान छे. तथा रथे करीने जेम मार्गमां सुखे सुखे जवाय छे, तेम धर्मरूप रथे करीने मोक्ष मार्गमां सुखे सुखे जइ शकाय छे. माटे धर्मने परम रथ समान कह्यो छे. एवुं जाणीने आवा जैनधर्मने विषे उद्यम करवो. ॥ १०१ ॥

॥ आर्यावृत्तम् ॥

चतसृणां गतीनां यान्यनंतानि दुःखानि तान्येवानलस्तेन प्रदीप्ते भवकानने महाभीमे

चउगइणंतदुहानल । पलित्तभवकाणणे महाभीमे ॥

सेवस्व रे जीव त्वं जिनवचनं अमृतकुंडसमं

सेवसु रे जीव तुमं । जिणवयणं अमियकुंडसमं ॥१०२॥

अर्थ.—(महाभीमे के०) महा भयंकर एवुं (चउगइणंतदुहानल के०) च्यार गतिमां रहेलां एवां अनंतां दुःखरुप महोटा अग्निये करीने (पलित्त

अपूर्व कल्पवृक्ष कह्यो. एवुं जाणीने तेनोज आश्रय करवो. ॥ १०० ॥

धर्मः बंधः सुमित्रं च धर्मः च परमः गुरुः

धम्मो बंधु सुमित्तो य । धम्मो य परमो गुरु ॥

मोक्षमार्गप्रवृत्तानां धर्मः परमःस्यंदनःरथः

मुक्खमग्गपयट्टाणं । धम्मो परमसंदणो ॥१०१॥

अर्थ.—रे जीव! (धम्मो के०) आ जिनधर्म जे ते (बंधु के०) बंधु (भाइ) समान छे. (य के०) वली (सुमित्तो के०) सारा मित्र समान छे. (य के०) वली (धम्मो के०) धर्म जे ते (परमो गुरु के०) उत्कृष्टा गुरु समान छे. वली ते (धम्मो के०) धर्म जे ते (मुक्खमग्गपयट्टाणं के०) मोक्ष मार्गने विषे प्रवर्त्तेला पुरुषोने (परमसंदणो के०) उत्कृष्टा रथ समान छे. ॥ १०१ ॥

भावार्थ.—जेम आपद् कालने विषे भाइ सहायता करे छे, तेम संसाररूप आपद्कालमां, आ जिनधर्म पण सहायता करे छे; माटे भाइ समान छे. तथा सारो मित्र जेम हितकारी अर्थने मेलवी आपवाथी सुख करे

॥ अनुष्टुप् वृत्तम् ॥

जिनधर्मः अयं जीवानां अपूर्वः कल्पपादपः

जिणधम्मो ऽयं जीवाणं । अप्पुवो कप्पपायवो ॥

स्वर्गापवर्गसुखानां फलानां दायकः अयं

सग्गापवग्गसुरकाणं । फलाणं दायगो इमो ॥ १०० ॥

अर्थ.—(अयं के०) आ (जिणधम्मो के०) जिनधर्म जे ते (जिवाणं के०) जीवोने (अप्पुवो के०) अपूर्व एटले अप्रसिद्ध एवो (कप्पपायवो के०) कल्पवृक्ष छे. केम के, (इमो के०) ए जिनधर्मरूप कल्पवृक्ष जे ते (सग्गापवग्गसुरकाणं के०) स्वर्ग एटले देवलोक अने अपवर्ग एटले मोक्ष तेना सुखरूप (फलाणं के०) फलनो (दाइगो के०) आपनारो छे. ॥ १०० ॥

जावार्थ.—आ जिनधर्मरूप कल्पवृक्ष अपूर्व छे. एटले प्रसिद्ध कल्पवृक्ष तो, फक्त आ लोकने विषे रहेलां पुद्गलिक सुखनेज आपनार छे. परंतु आ धर्मरूप कल्पवृक्ष तो, स्वर्गादिक फलने तथा मोक्ष फलने आपनार छे. माटे

णंति के०) नथी जाणता. अर्थात् नथी जाणी शकता, (ताणं के०) ते (नराणं के०) पुरुषोना (विन्नाणे के०) विज्ञानने विषे (तह के०) तथा (गुणेसु के०) गुणने विषे, (कुसलत्तं के०) कुसलपणाने (धिद्धि के०) धिक्कार थाउ! धिक्कार थाउ !! ॥ ७७ ॥

नावार्थ.—जगत्ने विषे जे पुरुषोनुं शिल्पचातुर्य, कलाकौशल्य, औदार्य तथा शौर्य धैर्यादिकने विषे कुशलपणुं घणुंज वखणाय छे, एटले रत्नादिकनी परीक्षा करवामां घणा डाह्या कहेवाय छे, ते पुरुषो सुखकारी अने सत्य एवा धर्मरूप रत्ननी परीक्षा, जो न करी शक्या, तो तेमना सघला डहापणपणाने अतिशे धिक्कार थाउ!! धिक्कार थाउ!!! ते उपर शास्त्रमां कह्युं छे के, बहोतेर कलामां कुशल एवा पंडित पुरुषो होय, तोपण जो तेमणे सर्व कलामां श्रेष्ट एवी जे धर्मनी कला नथी जाणी, तो ते निश्चे अपंडितज जाणवा. माटे सर्व परीक्षा करतां धर्मरूप रत्ननी परीक्षा करवी, तेज श्रेष्ठ परीक्षा छे. ॥ ७७ ॥

भावार्थ.—कुगुरु कुदेव अने कुधर्म तेमनो अंगीकार करवारूप अध्यव-सायने विषे एटले मिथ्यात्वने विषे नरकपातादिक अनंत दोष प्रकट दे-खाय छे, पण तेमां गुणनो तो लवलेश पण देखातो नथी. तोयपण मोहे क-रीने अंध थएला जीवो, ते मिथ्यात्वनोज आश्रय करे छे. एटले ते मिथ्या-त्वनेज अंगीकार करे छे. परंतु जिनधर्मने अंगीकार नथी करता, ते घणुंज खेदकारक छे. !!! ॥ ८७ ॥

धिक्धिक् तत् तेषां नराणां विज्ञानेशिल्पे तथा गुणेषु कुशलत्वंयत्

धिद्धी ताण नराणं । विन्नाणे तह गुणेसु कुसलत्तं ॥

सुखरूपे सत्यरूपे धर्मरत्ने सुपरीक्षां ये न जानन्ति

सुहसच्चधम्मरयणे । सुपरिक्खं जे न जाणंति ॥ ८८ ॥

अर्थ.—(सुहसच्चधम्मरयणे के०) सुखकारी अने सत्य एवा धर्मरूप रत्नने विषे (जे के०) जे पुरुषो (सुपरिक्खं के०) सारी रीते परीक्षाने (न जा-

जिनेंद्रधर्मने प्रत्यक्षपणे देखे छे, तोयपण अज्ञाने करीने आंधला एवा जे पुरुषो, ते जेम जे वस्तु छे, तेम ते वस्तुने जणावनार एवा श्री जिनधर्मने अंगीकार नथी करता. ॥ ९७ ॥

मिथ्यात्वे अनंतदोषाः प्रकटा दृश्यंते न अपि च गुणलेशः

मिच्छे[1] अणंतदोसा[3] । पयडा[2] दीसंति[4] न[7] वि[5] य[6] गुणलेसो[8] ॥

तथापि च तं एव जीवाः हीति विस्मये मोहांधाः निषेवते

तहविय[12] तं[13] चेव जिया[11] । ही[15] मोहंधा[10] निसेवंति[14] ॥९८॥

अर्थ.—(मिच्छे के०) मिथ्यात्वने विषे (पयडा के०) प्रकट एवा (अणंतदोसा के०) अनंत दोष जे ते (दीसंति के०) देखाय छे. (य के०) वली. तेमां (गुणलेसो वि के०) गुणनो लेशमात्र पण (न के०) नथी (तहविय के०) तोय पण (मोहंधा के०) मोहे करीने आंधला एवा (जिया के०) जीव जे ते (तं चेव के०) ते मिथ्यात्वनेज (निसेवंति के०) सेवे छे. ते (ही के०) निश्चे घणुंज आश्चर्य छे!!! ॥ ९८ ॥

प्रत्यक्षं अनंतगुणे जिनेंद्रधर्मे न दोपलेशोऽपि

पच्चक्खम णंतगुणे । जिणिंदधम्मे न दोसलेसोवि ॥

तथापि निश्चये अज्ञानेन अंधाः न रमंते कदापि तस्मिनजिनमते जीवाः

तहवि हु अन्नाणंधा । न रमंति कयावि तंमि जिया ॥ए७॥

अर्थ.–(पच्चक्खं के०) प्रत्यक्ष प्रमाणे करीने सिद्ध एवो, अने (अणंतगुणे के०) अनंता छे गुण ते जेने विषे एवो (जिणिंदधम्मे के०) जिनेंद्रनो धर्म तेने विषे (दोसलेसोवि के०) अपयश प्रमुख दोषनो लेश पण (न के०) नथी. (तहवि के०) तोयपण (अन्नाणंधा के०) अज्ञाने करीने आंधला एवा (जिया के०) जीव जे ते (हु के०) निश्चे (तंमि के०) ते जिनेंद्रनाषित धर्मने विषे (कयावि के०) क्यारे पण. एटले कोइ वखत पण (न रमंति के०) नथी रमता. एटले नथी जोडाता ! ॥ ए७ ॥

नावार्थ.–आ लोकने विषे यश, अने परलोकने विषे स्वर्ग तथा मोक्षनां सुख आपवारूप गुणवाला, अने जेने विषे कांइ पण दोष नथी एवा, श्री

यथा दृष्टिसंयोगः न भवति जात्यंधानां जीवानां

जह दिठ्ठीसंजोगो । न होइ जच्चंधयाण जीवाणं ॥

तथा जिनमतसंयोगः न भवति मिथ्यात्वेन अंधानां जीवानां

तह जिणमयसंजोगो । न होइ मिच्छंधजीवाणं ॥९६॥

अर्थ.–(जह के०) जेम (जच्चंधयाण के०) जन्माराथीज अंध एवा (जीवाणं के०) जीव जे तेमने (दिठ्ठीसंजोगो के०) दृष्टिनो संयोग जे ते. एटले आंखे करीने देखवुं (न होइ के०) न होय. (तह के०) तेम (मिच्छंधजीवाणं के०) मिथ्यात्वे करीने आंधला एवा जीवोने (जिणमयसंजोगो के०) जिनमतनो संयोग जे ते. एटले जिनमतनी प्राप्ति (न होइ के०) न होय. ॥९६ ॥

भावार्थ.–जेम जन्माराथी अंध थएला पुरुषोने स्थूल पदार्थ पण देखवामां आवतो नथी, तेम मिथ्यात्वरूप कुवासनाये करीने विवेकरूप चक्षुए रहित थएला जीवोने पण, जिनशासनरूप सूर्य दीठामां आवतो नथी. एटले जिनशासननी प्राप्ति नथी. ॥ ९६ ॥

क्षणमात्र पण रही न शकुं, ते हुं तह्मारा माटे करवा, मांड्या एवा त्रण उप-
वासे करीनेज मरण पामुं. ते माटे एम मानुं छुं के, आ वाणियाये मने मार-
वाने माटे तह्मारुं वर्णन कर्युं जणाय छे! ते माटे तुं त्यां जा, के, ज्यां फरीने
मह्मारे देखवो न पडे. एम कहीने तेणे ते मणिने छेटे नांखी दीधो. ते अवस
रे जयदेवे आनंद पामीने तत्काल नमस्कार करीने चिंतामणी ग्रहण करीने,
संपूर्ण थयो छे मनोरथ ते जेनो एवो सतो पोताना नगरने सन्मुख चाल्यो.
मार्गमां महापुर नगरने विषे मणिना प्रभावथी जेने घणुं द्रव्य प्राप्त थयुं छे
एवो ते कुमार सुबुद्धि शेठनी रत्नवती नामे पुत्री तेने परणीने बहु परिवार
सहित हस्तिनापुर नगरे आव्यो. आवीने पोताना माता पिताने पगे लाग्यो. ते
अवसरे तेवी समृद्धि सहित तेने जोइने माता पिता आनंद पाम्यां, अने तेनी
प्रसंसा करवा लाग्यां. अने कुटुंबी लोको तेनुं सन्मान करवा लाग्यां. अने बीजा
लोको पण तेनी स्तवना करवा लाग्या. पोते जावजीव सूधी सुखी थयो. ए
प्रकारे धर्मरूप रत्ननी प्राप्तिने विषे पशुपाल अने जयदेवनो उपनय कह्यो.

तानी बोकडियोना समूहने लेइने गामना सन्मुख गयो. त्यार पछी जयदेवे निश्चय कर्यो के, पुण्यरहित एवा आना हाथमां आ चिंतामणी रत्न नही रहे, एम विचारीने जयदेव पण तेनी पूंठे चाल्यो. हवे पशुपाल मार्गने विषे चालतो सतो कहेवा लाग्यो के, हे मणे! हमणां आ बोकडियो वेचीने बरास इत्यादिक लावीने तहारी पूजा करीश. तहारे पण महारो चिंतित अर्थ पूरवाने विषे उद्यम करवो. वली हे मणे! हजी गाम पण छेटे छे, माटे मार्गमां कांइक कथा कहे. अने जो तुं न जाणतो होय तो हुं तने कहुं. तुं सांभल्य. एक नगरने विषे एक हाथनुं देहेरुं, अने तेमां चार हाथना देव छे. ए प्रकारे वारंवार मणिनी आगल कह्युं, तोपण ते मणि बोलतो नथी. तेटलामां ते मूर्ख, रोष चढावीने ते मणिने कहेतो हवो. अरे! जो तुं हुंकारो पण आपतो नथी, तो वांछित अर्थ निष्पन्न करवाने विषे तहारी शी आशा!! अथवा तहारुं नाम चिंतामणी ए साचुं छे. जूठुं नथी. केम के, तने पाम्यो त्यांथी मांडीने महारा मननी चिंता जती नथी!! वली जे हुं राब अने छाश विना

करांवने रमवा आपीश. पठी पशुपाले कह्युं. इहां आवा घणा पथरा पड्या ठे, ते तमे पोतेज केम लेता नथी? जयदेव बोल्यो. हमणां मह्यारे घेर जा- वानी उतावल ठे, माटे एज मने आप्य. तुं इहांथी बीजो पामीश. एवी रीते कह्युं, तोपण ते पशुपाले परने उपकार करवाना स्वन्नावे रहितपणे करीने तेने न आप्यो. पठी जयदेवे उपकारबुद्धिये करीने तेने कह्युं. हे जड! जो तुं मने नथी आपतो, तो तुं पोतेज ए चिंतामणी रत्ननुं आराधन कस्य. जेथी आ चिंतामणी तने पण वांठित फल आपे. त्यारे पशुपाले कह्युं. जो आ चिं- तामणी साचुं ठे, तो मह्यारुं चिंतवन करेलुं बहु बोरडीना फलनुं चूरणादिक शीघ्र आपो. त्यारे लगारेक हसीने जयदेवे कह्युं. अहो! एम न विचारीये. त्रण उपवास करीने संध्या समये ए मणिने शुद्ध पाणीथी पखालीने शुद्ध नूमिये उंचे स्थानके स्थापन करीने चंदन, बरास, फूलादिकवडे पूजीने अने वली नमस्कार करीने पठी एनी आगल जे पोताने इष्ट होय, ते चिंतवन क- रीए, ते सर्व पण प्रातःकालमां पामीये. ए प्रकारे सांन्नलीने ते पशुपाल पो-

खाण, करबट, पत्तन, समुद्रतीर एटला स्थानकोने विषे ते चिंतामणीने खोलतो सतो घणो काल नम्यो; परंतु क्यांहि ते रत्न पाम्यो नही. पढी उ-दास मनवालो थइने पोताना मनमां विचार करवा लाग्यो के, शुं! आ चिं-तामणी रत्न साचुं ढे? के जूठुं ढे? जे माटे क्यांहि पण देखवामां आवतुं नथी!! अथवा शास्त्रमां कहेलुं ते मणिनुं ढतापणुं फेरफार न होय; माटे क्यांहि पण हशे. एवो निश्चय करीने फरीने पण घणी मणिनी खाणो जोतो सतो ते रत्ननी घणी खोल करवा लाग्यो. त्यार पढी एक दहाडो कोइ वृद्ध पुरुषे तेने कह्युं के, हे जड! इहां एक मणीनी खाण ढे, तेने विषे जे पुण्यवंत प्राणी होय, ते चिंतामणी पामे. पढी जयदेव तेना वचनथी त्यां जइने चिंतामणी खोलवा लाग्यो. ते अवसरे त्यां एक मंदबुद्धिवाला पशुपालना हाथमां गोल आकारवालो पथरो देखीने ते पथराने शास्त्रमां कहेला लक्षणोये करीने चिंतामणी जाणीने, ते जयदेवे ते पशुपालनी पासे माग्यो. त्यारे पशुपाले कह्युं. तमारे आ पथरानुं शुं काम ढे? जयदेवे कह्युं. हुं मह्रारे घेर जइने गो-

कथा ८ मी.

इहां पशुपाल अने जयदेवनुं वृत्तांत आ नीचे प्रमाणे.

हस्तिनापुर नगरने विषे नागदेव नामा शेठनी वसुंधरा नार्यानी कुखमां उत्पन्न थएलो जयदेव नामे पुत्र हतो, तेणे बार वर्ष सूधी रत्ननी परीक्षानो अभ्यास कर्यो. त्यार पठी ते शास्त्रना अनुसारे महा प्रभाववालुं चिंतामणि रत्न जाणीने बीजा मणियोने पथरातुल्य गणीने तेज चिंतामणि रत्नने मेलववा माटे सर्व नगरने विषे हाट हाट अने घर घर प्रत्ये भमतो हतो; परंतु ते रत्न क्यांहि पण पाम्यो नही. त्यारे खेद पामीने माता पिताने कहेतो हवो के, मह्हारुं चित्त चिंतामणी रत्नने विषे लाग्युं ठे, माटे हुं तेने अर्थे बीजे ठेकाणे जइश. त्यारे माता पिताए कह्युं. हे पुत्र ! आतो निश्चे कल्पनाज ठे. परंतु परमार्थ थकी चिंतामणी नथी. ते कारण माटे तुं पोतानी खुशी प्रमाणे बीजां रत्नोथी व्यापार कर. एवी रीते बहु कह्युं, परंतु जयदेव, चिंतामणी पामवानो निश्चय करीने हस्तिनापुरथी नीकलीने घणा पर्वत, नगर, गाम,

अर्थ.—हे जीव! (तुह्मविहवाणं के०) तुह्म विभववालाने (जह के०) जेम (चिंतामणिरयणं के०) चिंतामणि रत्न जे ते (सुलहं के०) सुलभ एवुं (न हु होइ के०) नज होय (तह के०) तेम (गुणविहवव्रजियाणं के०) गुण रूप वैभवे करीने रहित एवा (जियाण के०) जीवोने (धम्मरयणंपि के०) धर्मरत्न जे ते पण, सुलभ न होय. ॥ ए५ ॥

भावार्थ.—तुह्म विभववाला जीवोने एटले पशुपाल जेवा स्वल्प पुण्यवाला प्राणियोने, जेम चिंतामणि रत्न सुखे पामवा जोग्य न होय, अर्थात् पुण्यहीन जीवो, जेम चिंतामणि रत्न पामी शके नही, तेम सम्यक्त्वादि गुणरूप विभवे करीने रहित एवा प्राणियो, शुद्ध धर्मरूप रत्नने पामी शके नही. जे जयदेव कुमारनी पेठे घणा पुण्यरूप गुणोए करीने भरेला होय, तेज प्राणियो, आ मनुष्यगतिने विषे चिंतामणि रत्नसमान सद्धर्म प्रत्ये पामे छे. ॥ ए५ ॥

चना ककडा साटे, अमूल्य एवा चिंतामणि रत्नने कोण न ग्रहण करे? तथा धूल आपीने सोनुं कोण न ग्रहण करे? तथा पाणीनो बिंदु आपीने अमृतना समुद्रने कोण न ग्रहण करे? तथा पोताने रहेवानुं कुंपकुं आपीने चक्रवर्त्तिनुं राज्य कोण न ग्रहण करे? अर्थात् तत्त्वातत्त्वना विचारनार तो तरतज ग्रहण करे. तेवीज रीते आ मलमूत्रादिके करीने भरपूर एवा देहवडे पूर्वे कहेला चिंतामणीरत्न समान जैनधर्मने कोण न ग्रहण करे? अर्थात् जे महामूर्ख होय तेज न ग्रहण करे. ॥ १ ॥ २ ॥

एवी रीते विचारीने आ महामलिन एवा शरीर उपरथी मोह उतारीने, जेम बने तेम शुद्ध एवा धर्मने ग्रहण करवु. ॥ ए४ ॥

यथा चिंतामणिरत्नं सुलभं न निश्चये भवति तुच्छविभवानां अल्पपुण्यानां

जह चिंतामणिरयणं । सुलहं न हु होइ तुच्छविहवाणं ॥

गुणविभववर्जितानां जीवानां तथा धर्मरत्नमपि

गुणविहववज्जियाणं । जियाण तह धम्मरयणंपि ॥ए५॥

भावार्थ.—हे जीव! आ अशाश्वता देहवडे परलोकमां निरंतर सहायकारी एवो धर्म उपार्जन थाय छे, तो शुं न परिपूर्ण थयुं? अर्थात् सर्वे परिपूर्ण थयुं. एटले घणो महोटो लाभ मल्यो, एम जाणवुं. तेमज आ मलमूत्र भरेला देहवडे निर्मल एवो जिनधर्म उपार्जन थाय तो, शुं परिपूर्ण लाभ न मल्यो कहेवाय? अर्थात् जगत्मां जेटला लाभ कहेवाय छे, ते सर्वे लाभ मली चूक्याज कहेवाय. तेमज रोगादिकने आधीन एवा देहवडे जो स्वाधीन एवो जिनधर्म मले, तो शुं एने कांइ पण मलवानी खामी रही कहेवाय? अर्थात् नज कहेवाय. ते कह्युं छे के,—

चिन्तारत्नमनर्घ्यं चेत्प्राप्यते काचसंचयैः ॥
रेणुना चेद्धिरण्यं चेत्सुधाब्धिर्नीरबिन्दुना ॥ १ ॥
गृहेण यदि साम्राज्यं देहेन सुकृतं यदि ॥
कस्तदा तन्न गृह्णीयात्तत्त्वातत्त्वविचारकः ॥ २ ॥ युग्मम् ॥

अर्थ.—तत्त्व अने अतत्त्वनो विचार करनार (बुद्धिमान्) पुरुष जे ते, का-

सहन करी शकतो नथी, त्यारे नरकनां दुःसह दुःख तहाराथी केम सहन थशे? अने परलोकमां तहारी शी गति थशे? एम गुरु महाराज उपदेश करे छे. ॥ ९३ ॥

अस्थिरेण स्थिरः समलेन निर्मलः परवशेनरोगादिना स्वाधीनः

अथिरेण थिरो समले । ण निम्मलो परवसेण साहीणो ॥

देहेन यदि उपार्ज्यते धर्मः तदा किं न पर्याप्तं किं न संपन्नं

देहेन जइ विढप्पइ । धम्मो तो किं न पज्जत्तं ॥९४॥

अर्थ.—रे जीव! (जइ के०) जो (अथिरेण के०) अस्थिर एवा, तथा (समलेण के०) मलसहित एवा, अने (परवसेण के०) परवश एवा (देहेण के०) देहवडे (थिरो के०) स्थिर एवो, अने (निम्मलो के०) निर्मळ एवो. अने (साहीणो के०) पोताने स्वाधीन एवो (धम्मो के०) धर्म जे ते (विढप्पइ के०) उपार्जन थइ शके छे, तो (ता के०) त्यारे तहारे (किं न पज्जत्तं के०) शुं न प्राप्त थयुं? अर्थात् सर्वं प्राप्त थयुं. ॥ ९४ ॥

जइने धर्म सांजली शकतो नथी, तथा मोहथकी घरनी जंजालने विषे मूढ थइने रह्यो छे. अर्थात् साधु पासे जइ नित्य शुं सांजलवुं छे? घणीवार सांजलेलुं छे. एम धारीने धर्म सांजलवानी अवज्ञा करे छे. तथा जात्यादिकना अजिमानथी तथा क्रोधथी तथा प्रमादथी एटले मद्यादिक कुव्यसन सेववाथी तथा कृपणपणाथी एटले जो उपाश्रे जइशुं, तो कोइ धर्ममार्गनी टीपमां लोकलाजथी कांइ आपवुं पडशे. तथा जयथी एटले जो उपाश्रे जइशुं, तो नरकादिकनां दुःख सांजलवां पडशे. तथा शोकथी तथा अज्ञानथी एटले जाइबंध दोस्तदारना ना कहेवाथी तथा व्याक्षेपथी एटले जाणी जोइने घणी जंजाल उजी करवाथी तथा कुतूहलथी एटले गीत नाटकादिकना छंदमां पडवाथी तथा रमणथी एटले जनावरनी साथे क्रीडा करवाथी इत्यादिक अनेक कारणोथी पामेलुं एवुं पण मनुष्यपणुं एले गमावे छे. एटले जव समुद्रथी तारनार अने सकल सुखने आपनार एवा जिनधर्मने करतो नथी, अने सांसारिक सुखनी वांछा करे छे. पण हे जीव! तुं सामान्य दुःख पण

दुर्लभ पुनः जिनधर्मःएकशोलब्धः त्वं प्रमादस्याकरःखानिः सुखैषोऽपिसुखवांछकः च

दुलहो पुण जिणधम्मो । तुमं पमायायरो सुहेसी य ॥

दुःसहं अस्ति च नरकदुःखं कथंत्वं नविष्यसिअनःकारणात् सन् न जानीमःपरलोके

दुसहं च नरयदुक्खं । कह होहिसि तं न याणामो ॥ ए२

अर्थ.—हे जीव ! आ (जिणधम्मो के०) आ पामेलो जिनधर्म जे ते, (पुण के०) वली फरीथी पामवो (दुलहो के०) महा दुर्लभ ठे, अने (तुम के०) तुं (पमायायरो के०) प्रमादनी खाण ठे, अने (य के०) वली (सुहेसी के०) सुखनी वांठा करे ठे. एटले प्रमाद करीने सुखनी वांठा राखे ठे, ते सुख तने क्यांथी मलशे ? (च के०) अने (नरयदुःखं के०) नरकनां दुःख जे ते (दुसहं के०) दुःखे करीने पण सहन करवां कठण ठे. माटे (तं के०) ते (न याणामो के०) हुं नथी जाणतो के, (कह होहिसि के०) तुं किये प्रकारे थइश ? एटले तहारी शी गति थशे ? ते हुं नथी जाणतो. ॥ ए२ ॥

नावार्थ.—श्री आवश्यक निर्युक्तिमां कह्युं ठे के, आलसथी साधु पासे

यस्मात् पुनरपि एषा सामग्री दुर्लभा हे जीव

जम्हा पुणोरवि एसा । सामग्गी दुल्लहा जीव ॥ ए२॥

अर्थ.—(रे जीव के०) हे जीव (तुमं के०) तुं (बुझसु के०) धर्मने विषे बोध पाम्य. अने (नाऊणं के०) धर्मने जाणीने (जिणमयंमि के०) जिनशाशनने विषे (मामुझसि के०) मोह न पाम्य. एटले सम्यक् प्रकारे जिनधर्म अंगीकार कस्य. (जम्हा के०) जे हेतु माटे (जीव के०) हे जीव! (पुणरवि के०) फरीने पण (एसा के०) आ (सामग्गी के०) धर्म सामग्री जे ते (दुल्लहा के०) दुर्लज बे. एटले फरी फरीने धर्म सामग्री मलवी महा दुर्लज बे. ॥ ए२ ॥

जावार्थ.—हे आत्मन् ! धर्म साधन करवाना अंगरूप एटले मनुष्यनो जव, शुद्ध श्रद्धा, संजम, अने तेने विषे वीर्यनुं फोरववुं, ते फरी फरीने चक्रवेधनी पेठे, मलवुं महा दुर्लज बे. एटले काकतालीया न्यायथी एक वखत तने मल्युं बे, ते फरीथी मलवुं अत्यंत दुर्लज बे. ॥ ए२ ॥

किं परलोके गुरुदुःखभाजनं भविष्यसि हे अज्ञान हे मूढ

। किं परलोए गुरुड । रकनायणं होहिसि अयाण ॥ए१॥

अर्थ.—(रे जीव के०) हे जीव! तुं (बुप्र के०) धर्मने विषे बोध पाम्य. पण (मामुप्र के०) मोह न पाम्य. जे कारण माटे (रेपाव के०) हे पाप जीव ! (पमायं के०) प्रमादने (मा करेसि के०) न करीश. (अयाण के०) हे अजाण ! एटले हे मूढ ! प्रमाद करीने (परलोए के०) परलोकने विषे (गुरुडुरकनायणं के०) महोटा डुःखने रहेवाना नाजनरूप (किं के०) केम (होहिसि के०) थाय बे? ॥ ए१ ॥

नावार्थ.—हे आत्मन् ! तुं अदृष्टना वशथी डुर्लन एवा मनुष्यनवने पामीने तेमां वली जैनधर्म पामीने धर्मने विषे प्रमाद न करय. तेम बतां जो प्रमाद करीश, तो महा डुःखने पामीश. ॥ ए१ ॥

बुध्यस्व रेजीव त्वं मामुह्य जिनमते ज्ञात्वास्वरूपं

बुप्रसु रेजीव तुमं । मामुप्रसि जिणमयंमि नाऊणं ॥

छे माटे. जेमके, कोइने शूली देवा लइ जाय छे, अने ते शूली सो डगलां छेटी छे, त्यारे ते माणस जेम जेम शूली सन्मुख पगलां भरे छे, तेम तेम तेने मृत्यु नजिक नजिक आवतुं जाय छे, अने ते वखत तेनं खानपानादिक कांइ पण गमतुं नथी. केमके, एने मृत्यु नक्की ढुंकडुं जाएयुं छे माटे. तेम हे चेतन! तहारां पण जेम जेम वर्ष जाय छे, तेम तेम तहारे पण मृत्यु सन्मुख आवे जाय छे. एटले जो कदि तहारुं आयुष्य सो वर्षनुं होय, अने तेमांथी जे जे वर्ष गयां, तेटलुं आयुष्य सो वर्षमांथी ओछुं थयुं जाणवुं. अर्थात् आ अल्प आयुष्य ऊपाटाबंध पुरु थशे, अने मनना मनसुबा मनमां रही जशे, अने पाछलथी घणोज पश्चात्ताप थशे! माटे प्रमाद छोडीने परलोकनुं साधन करवामां सावधान था. ॥ ए० ॥

एज वातने मूल ग्रंथकार पण जणावे छे के,

रे जीव बुध्यस्व मामुह्य मा प्रमादं धर्मे कुरु रे पाप

रे जीव बुझ्र मामु । प्र मा पमोयं करेसि रेपाव ॥

कालरहट्टघमीहि । सोसिज्जइ जीवियंजोहं ॥ ए० ॥

अर्थ.—हे जीव! तुं (सरीरवावीइ के०) शरीररूप वाव्यने विषे (कियंतं वेलं के०) केटला काल सूधी (कीलसि के०) क्रीडा करीश? (जह के०) जे शरीररूप वाव्यने विषे (पइसमयं के०) समय समय प्रत्ये (कालरहट्ट घडीहिं के०) कालरूप रहेंटनी घडीयो वडे (जीवियंजोहं के०) जीवितरूप जलनो प्रवाह (सोसिज्जइ के०) शोष पामे छे. अर्थात् सूकाइ जाय छे. ॥ ए० ॥

नावार्थ.—जेम रहेंट वडे वाव्यमांथी जेम जेम पाणी काढीए, तेम तेम ते पाणी ढंडुं थतुं जाय छे. तेम हे जीव! तें पण जेटलुं आयुष्य बांधीने जन्म लीधो छे, ने तेमांथी जे जे समय जाय छे, तेटलुं आउखुं ढंडुं थतुं जाय छे. कहेवत छे के, मावाप जाणे के, म्हारो दिकरो म्होटो थाय छे, पण ते दिवसे दिवसे आउखुं घटवाथी नहानो थतो जाय छे. ए प्रमाणे विचारतां तो, आउखानो अंत आवतां वार नहि लागे. केमके, समये समये घटवापणुं

(जीवा के०) जीव जे ते (कयावि के०) कोइ वखत पण (हु के०) निश्चे (संसारचारगाउ के०) संसाररूप बंधिखानाथी (खणंपि के०) क्षणमात्र पण (नय उविजंति के०) उद्वेग नथी पामता. एटले वैराग्य नथी पामता! आते केटलुं बधुं आश्चर्य? ॥ ८९ ॥

भावार्थ.—जेम कोइ भालो मारे, ने तेनी वेदना थती होय, तेवामां वळी बीजो भालो मारे, एवी रीते उपरा उपरी वागवाथी जेवुं दुःख भोगवे, तेवी रीते आ संसारी जीव पण जन्म जरा मरण इत्यादिकनां घणां भयानक दुःख उपरा उपरि भोगवे छे. ॥ ८८ ॥ तोयपण अज्ञानरूप सर्पे डशेला एवा मूढ जीव, संसाररूप बंधिखानाथी कोइ वखत पण क्षणमात्र उद्वेग पामता नथी. आ केटलुं बधुं आश्चर्य छे!!! ॥ ८९ ॥

क्रीडिष्यसि कियंतीवेलांयावत् शरीरमेववापीतस्यां यत्र प्रतिसमयं

कीलिसि कियंतवेलं। सरीरवावीइ जेठ पइसमयं ॥

दुःखं अनुभवंति घोरं संसारे संसरंतः संतः जीवाः
दुहम अणुहवंति घोरं । संसारे संसरंत जिआ ॥८८॥

तथापि क्षणमपि कदापि निश्चये अज्ञानभुजंगदष्टाः जीवाः
तहवि खणंपि कयावि हु । अन्नाणभुयंगडंकिया जीवा ॥

संसारचारकगुप्तिगृहं तस्मात् नच उद्विजंते मूढमनसः
संसारचारगाउ । नेय उव्विजंति मूढमणा ॥८९॥युग्मम्॥

अर्थ.–(संसारे के०) च्यारगतिरूप संसारने विषे (संसरंत के०) पर्यटन करता एवा (जिआ के०) जीव जे ते (जम्मजरामरण के०) जन्म जरा मरण रूप (तिरकखकुंतेहिं के०) तीक्ष्ण भालाये करीने (असयं के०) वारंवार (विझिजंता के०) विंधाता सता (घोरं के०) रौद्र (आकरा) एवा (दुहं के०) दुःखने (अणुहवंति के०) अनुभवे छे. ॥ ८८ ॥ (तहवि के०) तोपण एटले पूर्वे कह्युं तेवुं दुःख भोगवे छे तोपण (मूढमणा के०) मूढ छे मन ते जेमनुं एवा, अर्थात् मूर्ख एवा, अने (अन्नाणभूयंगडंकिया के०) अज्ञानरूप सर्पे डस्या एवा

भावार्थ.–जेम आकाश मार्गमां वायु फरे छे, तेम आ जीव पण भवाटवीमां अदृश्यपणाथी एटले आ पूर्वे म्हारो कोण सगो हतो? तेवा अजाणपणाथी अनेक स्थानने विषे भ्रमण करे छे. तेमां अनेक भवने विषे मलेलां धन तथा स्वजन इत्यादिकनो त्याग करीने एटले तेमनी शी गति हशे? एवी चिंता मूकीने वर्त्तमानकालनां स्वजनादिकने सुखी करवाने तथा धन मेलववाने अर्थे देशोदेश भमे छे. अर्थात् वायुवडे पानडुं जेम पराधीन थइने उडे छे, तेम केटलाएक पुरुषो धनने अर्थे शरीरनुं दुःख पण न गणतां, कोइ विलायत जाय छे, कोइ चीन जाय छे, कोइ लंकामां जाय छे, कोइ ब्रह्मदेशमां जाय छे. इत्यादिक अनेक देशमां जाय छे. तेवामां त्यां अनेक प्रकारनां निमित्त मलवाथी मरण पामे छे. एवी रीते आ जीव नजरे देखे छे, तो पण कर्म उपर विश्वास राखीने संतोष राखी धर्मसाधन करतो नथी. ॥ ७७ ॥

विध्यमानाः असकृत् जन्मजरामरणान्येवतीक्ष्णाः कुंतास्तैः

विद्धिज्जंता असयं । जम्मजरामरणतिक्खकुंतेहिं ॥

वसर आवे तोयपण तेने ते धन लेवुं सूझे नहीं. तेम आ जीवने पण मनुष्य जवमां जिनधर्मरूप धन ग्रहण करवानो अवसर आव्यो छे, तोयपण बहुल-कर्मिपणाथी जिनधर्मरूप सुवर्णसिद्धिनो रस लेवानुं मन नथी थतुं, ए बहु आश्चर्यकारक छे!!!

पवनः इव गगनमार्गे अलक्षितः सन् भ्रमति जववने जीवः

पवणु व्व गयणमग्गे । अलक्खिउ जमेइ जववणे जीवो ॥

स्थाने स्थाने समुत्सृज्य धनस्वजनसंघातान्

ठाणठाणंमि समु । ज्झिकण धणसयणसंघाए ॥ ७७ ॥

अर्थ.—हे आत्मन्! (जीवो के०) आ जीव जे ते (जववणे के०) संसाररूप अटवीने विषे (ठाणठाणंमि के०) स्थान स्थानने विषे (धणसयणसंघाए के०) धन तथा स्वजन तेना समूहने (समुज्झिकण के०) त्याग करीने (गयणमग्गे के०) आकाशमार्गने विषे (पवणु व के०) पवननी पेठे (अलक्खिउ के०) अदृश्यरूपे थयो सतो (जमइ के०) जमे छे. ॥ ७७ ॥

सूकां एवां कंदमूल फल इत्यादिकनुं ज्ञोजन करीने, एवी रीते महा महेनत करीने अने समडीना पांददानो पडियो करीने ते वडे रसकुंपिकामांथी लइने घणे काले घणा प्रयासथी ते रस तुंबडीमां ज्ञरी राख्यो हतो. ते पेला दरिद्री ब्राह्मणने देखाड्यो. ने कह्युं के, आ सहस्रवेधी रस बे. एटले त्रांबानां हजार पत्रां अग्निमां तपावीने ज्ञपरा उपरी खडकीने मूक्यां होय, तेमां आ रसनुं एक टीपुं मूक्युं होय तो, ते सर्व पत्रांमां रस वेंधइ जाय. एटले पहोंची जाय. अर्थात् तेज वखत ते सर्व पत्रां सुवर्णमय थइ जाय. एवी रीते योगिए वारंवार कह्युं. त्यारे ते निर्ज्ञागी ब्राह्मणने उलटो क्रोध चड्यो, ने तेथी बे हाथे फालीने पेलुं रसनुं तुंबडुं, सादडवृक्षना पांनडामां ढोली दीधुं. त्यारे ते योगिये ते ब्राह्मणने घणोज अयोग्य जाणीने तेनो त्याग कर्यो. अने ते ब्राह्मण पण पृथ्वीमां ज्रमण करतो करतो एटले पैसा पैसा एम पोकार करतो करतो मरण पाम्यो, पण ते मट्या नही.

आ कथानुं तात्पर्य ए बे के, जेम निर्ज्ञाग्य जीवने घणुं धन पामवानो अ

आश्रीने अहं ममत्व तथा मोहपणा सहित निर्भाग्यपणा विषे एक सोमिल ब्राह्मणनी कथा टीकामां लखी छे. ते नीचे प्रमाणे जाणवी. ॥ ७१ ॥

कथा ३ मी.

कौशांबी नगरीमां सोमिल नामे ब्राह्मण जन्मथी दरिद्री एवो रहेतो हतो. तेने स्त्री, पुत्र, पुत्री, इत्यादिक घणुं कुटुंब हतुं. ते कुटुंबनी प्रेरणाथी एक दिवस धन कमाववाने अर्थे देशांतर गयो, त्यां तेणे व्यापारादिके रहित एवो, पण दानजोगे सहित, एटले म्होटा दानेश्वरी जेवो, एक योगी पुरुष दीठो. ते योगीये द्रव्यनी चिंताथी आकुल व्याकुल थएला ब्राह्मणने पूछ्युं के, त्हारे शी चिंता छे? त्यारे तेणे कह्युं के, दारिद्रय एज म्हारे चिंता छे. त्यारे योगी बोल्यो के, जो तुं म्हारुं कह्युं करे, तो हुं तने म्होटो धनाढ्य करुं. त्यारे ते वात ते ब्राह्मणे कबूल करी. पछी ते बे जण पर्वतनी तलाटीमां (गुप्त स्थानकमां) गया, त्यां योगी बोल्यो के, आ सुवर्णसिद्धि थवानो रस छे. एटले योगीए पूर्वे ताढ तडको भूख तृषादिक वेठीने अने घणा काल सूधी

पितृमातृस्वजनराहितः दुरंतव्याधिभिः पीडितः बहुशः

पियमायसयणरहिउ । दुरंतवाहिहिं पीडिउ बहुसो ॥

मनुजभवे निःसारे विलापितः किं न तं स्मरसि

मणुअभवे निस्सारे । विलाविउ किं नं तं सरेसि ॥७६॥

अर्थ.—रे जीव ! (निस्सारे के०) असार एवा (मणुअभवे के०) मनुष्यभव ने विषे (पियमाय के०) पिता माता, अने (सयण के०) स्वजन. तेणे करीने (रहिउ के०) रहित एवो, अने (दुरंतवाहिहिं के०) दुःखे करीने छे अंत ते जेनो, एवा व्याधिये करीने (बहुसो के०) घणीवार (पीडिउ के०) पीडा पाम्यो एवो. एज कारण माटे (विलाविउ के०) विलाप करतो एवो, तुं जे ते (तं के०) ते मनुष्यभवने (किं न सरसि के०) केम नथी संभारतो ? ॥ ७६ ॥

भावार्थ.—हे जीव ! तुं मनुष्यभवमां पण माता पिता स्वजनादिक प्रिय वस्तुनो वियोग थवाथी तथा अनेक प्रकारना शरीरना व्याधिथी विलाप करी करीने मरण पाम्यो हतो, ते वातने तुं केम विसरी जाय छे? मनुष्यभव

तो जेम शीतल चंदननो लेप कर्यो होय, ने तेथी जेम अत्यंत सुखथी निद्रा आवे तेवी रीतनी निद्रा ते नारकीना जीवने आवे छे. एवीज रीते पोष म हिनानी रात्रीने विषे मेघरहित आकाश थये सते, हृदयादिकमां कंपाराना रोगवाला पुरुषने आवरण रहित, हिमाचलनी पृथ्वीने विषे राख्यो होय, अने वली त्यां अत्यंत वायराना झपाटा चालता होय, ते वखत ते जीवने जेवी शीतवेदना थाय, तेथी पण अनंतगुणी शीतवेदना नरकने विषे नारकीना जीवो भोगवे छे. ते नारकीना जीवोने पूर्वे कहेला, हिमाचल पृथ्वीना स्थानमां राख्यो होय, तो जेम वायरा विनाना स्थानमां शियालाने विषे निद्रा आवे, तेम ते नारकीना जीवोने निद्रा आवी जाय छे. माटे एवां दुःख तुं अनंतीवार सहन करी आव्यो छे.

माटे तेथी त्रास पामीने फरीथी त्यां न जवुं पडे, एवा धर्मकृत्यमां सावधान था ! ॥ ७५ ॥

एटले अतिशे तीक्ष्ण छे अग्नि ते जेने विषे, अने (सीयवियणासु के०) अतिशे शीतनी छे वेदना ते जेने विषे, एवी (सत्तसु के०) सात (नरयमहीसु के०) नरक पृथ्वीओने विषे (करुणसद्देहिं के०) करुण शब्दवडे (विलवंतो के०) विलाप करतो सतो (अणंतखुत्तो के०) अनंतीवार (वसियो के०) वस्यो छे. ॥ ७५ ॥

भावार्थ.—हे आत्मन्! तुं साते नरक पृथ्वीयोमां निवास करी आव्यो छे, अने त्यां त्यां उष्ण वेदना तथा शीत वेदना, आ नीचे लख्या प्रमाणे अनंतीवार सहन करी आव्यो छे.

जेम ग्रीष्मऋतुना छेल्ला समयमां आकाशनी मध्ये आवेलो, मेघरहित, घणा आकरा किरणवालो सूर्य, देदीप्यमान सते, जेना शरीरने विषे पित्तनो प्रकोप थयो छे, तेवा पुरुषने, च्यारे बाजु खेरना अंगाराना अग्नि सलगावीने तेनी वच्चे राखीए, ने तेने जेवी उष्णवेदना थाय, ते करतां पण अनंतगुणी उष्ण वेदना, नरकने विषे नारकीना जीवो भोगवे छे. ते नारकीना जीवोने त्यांथी उपाडीने जो कदापि अहिंना धगधगता खेरना अंगारामां सुवाडीए,

निम्न के०) प्रलय कालना वायु वडे (पेरिउ के०) प्रेरणा कर्यो थको, ग्रने (नी-सणमि के०) नयानक एवी (नवरणे के०) संसाररूप ग्रटवीने विषे (हिंडंतो के०) चालतो लतो (नरएसु वि के०) नरकने विषे पण, पूर्वोक्त डुःख (ग्राणंतसो के०) ग्रनंतीवार (पत्तोसि के०) पाम्यो छे. ॥ ७४ ॥

नावार्थ.–हे ग्रात्मन्! तें ज्ञानावरणीयादिक ग्राठ कर्म करीने नरकादिक गतिने विषे, ग्रनंतीवार डुःख नोगव्यामां खामी राखी नथी. तोपण वली पाछां तेनां तेज डुःख प्राप्त थाय, तेवा उपाय करे जाय छे. माटे हवे तेवां दुःखो नोगववां पडे नहि, तेवो उपाय करव. ॥ ७४ ॥

सप्तसु नरकमहीषु वज्रानलदाहस्य शीतस्य च वेदनासु

सत्तसु नरयमहीसु वज्जानलदाहसीयविषणासु ॥

उषितः अनंतकृत्वः विलपन् करुणशब्दैः

वसिर्यो ग्रणंतखुत्तो । विलवंतो करुणसद्देहिं ॥७५॥

ग्रर्थ.–हे जीव ! तुं (वज्जानलदाह के०) वज्राग्निनो जे दाह ते जेने विषे,

अर्थ.–(एवं के०) ए प्रकारे, एटले पूर्वे कह्युं ते प्रकारे (तिरियजवेसु के०) तिर्यंचना जवोने विषे (डुक्खसयसहस्साहिं के०) लाखो गमे डुःखे करीने (कीसंतो के०) क्लेश पामतो एवो (जीवो के०) आ जीव जे ते (जीसणजवा-रणे के०) जयानक एवी संसाररूप अटवीने विषे (अणंतखुत्तो के०) अनंती-वार (वसियो के०) निवास करी आव्यो छे. ॥ ७२ ॥

जावार्थ.–हे आत्मन्! तुं तिर्यंचना जवोने विषे पण अनंतां दुःख जोगवी आव्यो छे. ॥ ७३ ॥

डुष्टाष्टकर्माण्येव प्रलयानिलस्तेन प्रेरितः जीषणे जवारण्ये

डुठ्ठकम्मपलया । निल्लपेरिउ जीसणंमि जवरणे ॥

हिंस्रमानः नरकेषु अपि अनंतशः हे जीव प्राप्तोसि डुःख

हिंम्तो नरएसु वि । अणंतसो जीव पत्तोसि ॥७४॥

अर्थ.–(जीव के०) हे जीव! तुं (डुठ्ठकम्म के०) डुष्ट एवां जे आठ कर्म. एटले डुष्ट फलने आपनारां ज्ञानावरणीयादिक आठ कर्म ते रूप (पलया

(गिरिनिज्झरणोदगेहिं के०) पर्वतनां निर्झरण एज पाणीवडे (वुज्झंतो के०) वहन थतो एटले तणातो, अर्थात् चारे पासे पाणीमां अथडातो एवो, अने (सीयानिल के०) अतिशे शीतल एवो वायुवडे अर्थात् हिमवडे (डज्झवियो के०) दाझेलो सतो (बहुसो के०) घणीवार (मउसि के०) मरण पाम्यो छे. ॥८२॥

भावार्थ.—हे जीव ! तुं तिर्यंचना भवने विषे, चोमासानी ऋतुमां वृक्ष प्रमुखने विषे रात्री दिवस निर्गमन करतां वरसादनी धाराउनां कष्ट सहन करी आव्यो छे. वली हिम पडवाथी बलीने मरण पण पाम्यो छे. ने नदीयोमां तणातो तणातो अनेक प्रकारनी वेदना पामीने अथडाइ कुटाइने पराणे प्राण त्याग कर्यो छे. एसघलां कष्टने तुं आज केम विसरी जाय छे? ॥ ८२ ॥

एवं तिर्यग्भवेषु क्लिश्यन् सन् दुःखशतसहस्रैः

एवं तिरियभवेसु । कीसंतो दुक्खसयसहस्सेहिं ॥

उषितः अनंतवारान् जीवः भीषणभवारण्ये

वसिओ अणंतखुत्तो । जीवो भीसणभवारण्णे ॥८३॥

पमां तें उष्ण परिषह सहन कर्यो. तेमां वली अतिशे तृषा वेदनी तथा अतिशे क्षुधा वेदनी तेणे करीने, तुं अत्यंत खेद पामतो सतो अनंतीवार मरण पाम्यो. परंतु ते डुःखने विसरी जइने, आ जवमां थोडा तापने पण न सहन करतो, तुं पंखा प्रमुखे करीने वायुकायना जीवोनो घात करे छे. पण एम नथी विचारतो के, तिर्यंच जवने विषे तथा नरक जवने विषे में अनंता तापनां डुःख सहन कर्यां छे. ते डुःखना आगल आ तापनुं डुःख श्या हिसाबमां छे? एवो विचार तने लेशमात्र पण आवतो नथी ! ॥ ७१ ॥

वर्षासु अरण्यमध्ये गिरिनिर्झरणोदकः उह्यमानः
वासासु ऽरण्णमज्झे । गिरिनिज्झरणोदगेहिं वज्झंतो ॥
शीतानिलेन दग्धः सन् मृतोसि तिर्यक्त्वे बहुशः
सीयानिलंमझविज्झ । मरुसि तिरियत्तणे बहुसो ॥७२॥

अर्थ.—रे जीव ! तुं (तिरियत्तणे के०) तिर्यंचपणाने विषे (वासासु के०) वर्षाऋतुमां एटले चोमासामां (अरण्णमज्झे के०) अटवीने विषे रह्यो सतो

सहन नथी करतो? ॥ ८० ॥

ग्रीष्मातपसंतप्तः अरण्ये क्षुधितः पिपासितः बहुशः

गिम्हायवसंतत्तो । रन्नो छुहिउ पिवासिउ बहुसो ॥

संप्राप्तः तिर्यग्भवे मरणदुःखं बहु खेदात्तथा विद्यमानः

संपत्तो तिरियभवे । मरणदुहं बहु विसूरंतो ॥ ८१ ॥

अर्थ.—हे जीव! तुं (तिरियभवे के०) तिर्यंचना भवने विषे (अरणे के०) अटवीमां (गिम्हायव के०) ग्रीष्मऋतुना तडकावडे (संतत्तो के०) सारी पेठे तप्यो एवो, अने (बहुसो के०) घणी घणी (छुहिउ के० क्षुधा वेदनाने सहन करतो एवो, अने (पिवासिउ के०) घणी घणी तृषा वेदनाने सहन करतो एवो, ने (बहु के०) घणो घणो (विसूरंतो के०) खेद पामतो सतो (मरणदुहं के०) मरणनां दुःखने (संपत्तो के०) पाम्यो हतो. ॥ ८१ ॥

भावार्थ.—हे आत्मन्! जेम तें तीर्यचना भवमां शीत परिषह सहन कर्यो. तेम उष्ण काळमां (ग्रीष्मऋतुमां) एटले वैशाख जेठ महिनाना आकरा ता-

यलानिल के०) शीतल (ताढो) वायु, तेनी (लहरिसहस्सेहि के०) हजारो ल हेरोवडे (भिन्नघणदेहो के०) भेदायो छे. एटले पीडायो छे हढ एवो पण देह ते जेनो, एवो थयो सतो, तुं (अणंतसो के०) अनंतीवार (निहणं के०) नाश ने (अणुपत्तो के०) पाम्यो छे. ॥ ८० ॥

भावार्थ.—हे आत्मन्! तुं पूर्वे अनुभवेलां दुःखने, लगार विचारी जो के, तिर्यंचना भवमां तहारो देह खूब मजबूत हतो, तोयपण पोष महा महिनानी अत्यंत टाढथी, (हिम पडवाथी) अनंतीवार मरण पाम्यो. एटले आ जीव अनेक प्रकारना रसायण जेवां के, त्रांबु हरिताल विगेरे खाइने शरीरने मजबूत तथा पुष्ट करवुं धारे छे; तोयपण ते शरीर घोडा जेवुं, अथवा पाडा जेवुं कदिपण थतुं नथी. तो पण ते शरीरने घोडानी तथा पाडानी उपमा आपाय छे. तेवा घोडा विगेरे तिर्यंचोनां शरीर पण, अत्यंत टाढथी नाश पामे छे. ते नाश पामवादिक दुःख तें अनंतीवार सहन कर्यां. तो आ भवमां धर्मसाधन निमित्ते अल्प एवो पण शीत (टाढनो) परिषह तुं केम

वातने जीवोनां कर्म जे ते थोडीवारमां करी देखाडे छे. एटले जेनुं मनमां पण चिंतवन नथी, एवुं शुभाशुभ ठचिंतुं एकदम थइ आवे छे. तेनुं कारण पण कर्म छे. माटे कर्मने कांइ शरम नथी. ॥ ३ ॥ माटे तें कर्मने वश थइने अनेक दुःख सहन कर्यां छे. तेना आगल आ धर्मकृत्य करतां थवुं अल्प दुःख श्या हिसाबमां छे? एम उपदेश देइने धर्मने विषे दृढ कर्यो. एम स मजी बीजा जीवोए पण धर्मने विषे दृढता राखवी. आ ठेकाणे मेघकुमारनुं दृष्टांत जाणवुं. ते दृष्टांत प्रसिद्ध छे, माटे लख्युं नथी. ॥ ७९ ॥

शिशिरे काले शीतलानिलस्य लहरीणां सहस्राणि तैः घनं यथा स्यात्तथा भिन्नो देहो यस्य सः

सिसिरंमि सीयलानिल । लहरिसहस्सेहि भिन्नघणदेहो ॥

तिर्यक्त्वे अरण्ये अनंतशः निधनं अनुप्राप्तः

तिरियत्तणंमि रणे । अणंतसो निहणमणुपत्तो ॥ ८० ॥

अर्थ.—हे जीव! (तिरियत्तणंमि के०) तिर्यंचना भवमां (अरणे के०) अर एय (अटवी) ने विषे (सिसिरंमि के०) शिशिरऋतु (शियालो) आवे सते (सी

मायंगघरे हरिचंदराइणो ॥ पंडवाण वणवासो ॥
मुंजस्स जिरकनमणं । कीरइ जं कम्मुणा सच्चं ॥ २ ॥
राउं करेइ रंको । रंको पुण करेइ रायसारित्थो ॥
जं न घर जइ हीयए । कीरइ तं कम्मं जीवाणं ॥ ३ ॥

अर्थ.—जो कदापि आ जीव कर्मना जयथी समुद्र मध्ये वास करे, अथवा पर्वतनी महोटी गुफामां वास करे, तोयपण कर्मनी साथे वलगेला एटले कर्मथी आवरण पामेला ते जीवोने, वलगेलां कर्म कोइ प्रकारे नाश पामतां नथी. अर्थात् निकाचित कर्म जोगव्या विना बुटतां नथी. ॥ १ ॥ वली जुउ के, कर्मने वशे करीने हरिश्चंद्र राजा चंडालने घेर रह्या, तथा पांच पांडवो वनवास पाम्या, तथा मुंजराजाये घेर घेर निक्षा मागी. ते माटे जे कर्म करे ते सत्य छे. अर्थात् कर्म कोइने पण मूकतुं नथी. ॥ २ ॥ वली कर्म केवां छे? ते कहे छे. थोडीवारमां राजाने रंक करे छे, अने रंकने राजा जेवा करे छे. वली जेना घरमां, कोइए जे हिताऽहितकारी वात हृदयमां न धारी होय, ते

थी मेघकुमारनी पेठे नागवाने तैय्यार थयो ठे, पण तेणे विचार्युं के, आ वार्त्ता गुरुने निवेदन करीने पठी म्हारो नियम मूकुं. एम धारीने जेटलाकमां गुरु पासे आवे ठे, तेटलाकमां ज्ञानवंत गुरुए उपदेश आपीने निश्चल कर्यो. ते आ प्रमाणे के,–हे नव्य जीव! अहो हो!! आ घोर नवाटवीने विषे आ जीवे कर्मना वशे करीने शां शां दुःख नथी सहन कर्यां? अर्थात् सर्वे जातिनां वध बंधनादिक दुःख सहन कर्यां ठे, अने अनेक प्रकारना अपराधथी राजा प्रमुखे गधेडा उपर बेसाडीने नाक कान कापीने अने कपालमां डाम देइने इत्यादि घणीज विटंबना पमाडीने, ने आखा शेहेरमां फेरवीने शूलिये देवा प्रमुख असह्य दुःख दीधां. त्यां तें परवशपणाथी तेवां दुःख अनंतीवार सहन कर्यां. वली कर्मे करीने जीवने शुं शुं नथी विततुं? अर्थात् घणुंज वीते ठे. जेम के,–

निवसइ सायरमज्झे । निवसइ गिरिगुहरकंदरामज्झे ॥
कम्मसहायजीयाणं । कहमवि न हणे विलग्गं तु ॥ १ ॥

घटाडवानो उद्यम करो. ॥ ७७ ॥

निजकर्मपवनचलितः जीवः संसारकानने घोरे

नियकम्मपवणचलिउ । जीवो संसारकाणणे घोरे ॥

काः काः विडंबनाःवधबंधनादीरिगोपजाः न प्राप्नुयात् दुःसहदुःखं याभ्यस्ताः

का का विडंबणाउ । न पावए डुसहडुस्काउ ॥७ए॥

अर्थ.—(घोरे के०) घोर (जयानक) एवुं (संसारकाणणे के०) संसाररूप महावनने विषे (नियं के०) पोतानुं (कम्म के०) ज्ञानावरणीयादिक कर्म, ते रूप (पवण के०) वायु, तेणे करीने (चलिउ के०) प्रेरणा कर्यो एवो, अर्थात् उडाड्यो एवो (जीवो के०) आ जीव जे ते (दुसहदुस्काउ के०) दुःखे करीने सहन करवाने अशक्य बे दुःख ते जेनुं एवी (का का के०) केइ केइ (विडंब-णाउ के०) वध वंधनादिक विटंबना तेने (न पावए के०) नथी पामतो? अ-र्थात् सर्वे विटंबनाउने पामे बे. ॥ ७ए ॥

जावार्थ.—कोइ पुरुष पोतानो लीधेलो नियम (व्रत) कोइ अल्प परिषह-

रागद्वेषकषायसंततिमहानिर्विघ्नबीजस्तथा ॥
रोगैरङ्कुरितो विपत्कुसुमितः कर्मद्रुमः सांप्रतं ।
सोढा नो यदि सम्यगेष फलितो दुःखैरधोगामिभिः ॥ १ ॥

अर्थ.—आ कर्मरूप वृक्ष पोते पोताने हाथेज वाव्यो छे, ने तेमां मोह-रूप पाणी शिंच्युं छे, अने ते वृक्षनी जन्मभूमि पण अशुभ कर्मरूप क्यारामां छे. वळी राग द्वेष कषाय, तेनी जे संतति एटले श्रेणि, ते रूप बीज छे. ते मोटा विघ्नरहित छे. एटले ए बीजमांथी वृक्ष उत्पन्न थया विना रहेज नही; तेवुं छे. अने ए वृक्षने रोगरूप अंकुरा उत्पन्न थया छे. अने विपत्तिरूप पुष्प ने जो तुं सम्यक् प्रकारे एटले समभावे नहि सहन करे तो, ते पुष्पमांथी अधोगतिनां दुःखरूप फल उत्पन्न थशे. ॥ १ ॥

वळी आम विचारे छे के, जो हुं आवी पडेली आपदाने समभावे नहिं भोगवुं तो, एमांथी महारे दुर्गतिनां दुःखरूप फल उत्पन्न थशे. माटे हे भव्य जीवो! आ प्रकारनो विचार करीने संसारने दुःखमय जाणीने संसार

आंखमांथी आंसु चाल्यां जाय छे; तोयपण मोहना उदयथी जोगनी आकांक्षा (इच्छा) करे छे. अने पासे बेठेली स्त्रीना उपर हाथ नांखीने पोतानी स्त्रीनुं नाम देतो देतो मरण पामीने सातमी नरकने विषे गयो. अने त्यां पण तीव्र वेदनानो अनुभव करतो सतो, ते स्त्रीनुं नाम वारंवार संभारतो सतो वेदना जोगवे छे. एवी रीते जोगनी आसक्ति त्याग करवी घणी दुष्कर छे. अने केटलाएक महा सत्त्ववाला सनत्कुमार चक्रवर्त्ति जेवा पुरुषो तो, रोगनी वेदना थये सते पण देहने तथा आत्माने जुदो समजीने एवुं विचारता के, आ महारुं करेलुं कर्म मने उदय आव्युं छे, माटे महारेज जोगववुं पडशे. एवो निश्चय करीने समतासहित कर्म जोगवे छे, पण मनमां पीडा उत्पन्न थवा देता नथी. अर्थात् आर्त्तध्यान रौद्रध्यान ध्याता नथी. अने वली एवुं विचारे छे के,–

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

छलो यः स्वत एव मोहसलिलो जन्मालवालोऽशुभो।

चारे छे के, हवे संध्याकाल पडवा आवी, ने कमल मिंचाइ जशे; माटे हुं उडी
जउं तो ठीक. एम विचार करतां करतां संध्याकाल थइ, ने कमल मिंचाइ
गयुं, ते वखते ते भमरो विचार करे छे के, रात्री जशे ने सारो प्रभातकाल
थशे ने सूर्य उगशे, ने कमलनी लक्ष्मी हसशे एटले प्रफुल्लित थशे, त्यारे हुं
उडी जइश. एवो विचार करे छे. एटलामां पाणी पीवाने माटे आवेला हा-
थीए ते कमलने उपाडीने हा इति खेदे!! मुखमां घाली, पेला बिचारा भ-
मराने दांतवडे चाववा मांड्यो! ॥ १ ॥ ते वखते पेलो भमरो मरतां मरतां
पश्चात्ताप करे छे के, जगत्‌मां बंधन तो घणां छे, पण प्रेमरूप दोरीनुं बंधन
तो एक जुदी जातनुंज छे. केम के, गमे तेवुं काष्ट होय तोपण तेने विंध-
वाने भमरो समर्थ होय छे, परंतु हुं तो स्नेहे करीने कमलना दोडाने विंधे र-
हीने क्रियारहित थयो. एटले ते दोडाने कोरीने नीकली जवा समर्थ न
थयो! ॥ २ ॥ वली ब्रह्मदत्त राजा मरणांतिक रोगनी वेदनादिके करीने परा-
भव पाम्यो सतो अतिशे, संतापनो अनुभव करे छे. एटले वेदनाए करीने

तेमां (नेहनिअलेहिं के०) स्नेहरूप बेडीवडे (अइबद्धा के०) अतिशे बंधायेला एवा (जीवा के०) जीव जे ते (तंपि के०) ते संसारने पण (न चयंति के०) नथी त्याग करता. अर्थात् संसारने दुःखदायक जाणे छे, तोयपण तेनो त्याग नथी करता. ॥ ३७ ॥

भावार्थ.—आ संसारमां सर्व बंधन करतां प्रेमबंधन अतिशे महोटुं छे. ते कह्युं छे के,—

॥ वसन्ततिलकावृत्तम् ॥

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं। भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः॥
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे। हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥ १ ॥

॥ स्वागतावृत्तम् ॥

बन्धनानि खलु सन्ति बहूनि। प्रेमरज्जुकृतबन्धनमन्यत् ॥
दारुभेदनिपुणोऽपि षडङ्घ्रि। र्निष्क्रियो भवति पङ्कजकोशे ॥ २ ॥

अर्थ.—जेम कमलनो रस पीवाने बेठेलो एवो जे भमरो, ते मनमां वि-

मां करवुं ठे के. आखा दिवसमां एवुं काम करवुं के, जेथी रात्रीये सुखे निद्रा आवे. तथा आठ मासमां एवुं काम करवुं के, जेणे करीने चोमासाना च्यार महिना निवृत्तिथी सुखे सुखे विशेष धर्मध्यान थाय. तथा पूर्व अवस्थामां एवुं काम करवुं के, जेणे करी वृद्धावस्थामां सुखी थवाय. अने जीवतां सूधीमां एवुं काम करवुं के, जेणे करीने परलोकने विषे सुखी थवाय. माटे परलोक संबंधी कार्यमां आदर करवो. ए उपदेश. ॥ ७७ ॥

संसारः दुःखहेतुः दुःखफलः दुःसहदुःखरूपः च

संसारो दुहहेऊ । दुखफलो दुसहदुक्खरूवो यं ॥

न सजंति तं संसारमपि जीवाः अतिबद्धाः स्नेहनिगडैः

नं चयंति तंपि जीवा । अइबद्धा नेहनिअलेहिं ॥७८॥

अर्थः—हे जीव! (संसारो के०) आ संसार जे ते (दुहहेऊ के०) दुःखनुं कारण ठे. तथा (दुःखफलो के०) दुःख एज फल ठे जेनुं एवो ठे. (य के०) वली (दुसहदुक्खरूवो के०) दुःखे करी सहन थाय, एवुं जे दुःख ते रूप ठे.

र्या) ना मृत्यु पछी, तेज जर्तार बीजी स्त्री साथे विवाह करी जाणे आ संबंध सदाकाल रेहवानोज होयने शुं! एवा खोटा मोहमां मुंझाइ एटले खुशी थइ, अगाउनी स्त्रीने विसरी जाय छे. तेमज पोताना बंधुना मृत्युथी दुःखी थवानुं बतावनार भ्राता (भाइ) थोडा दिवस पछी ते बंधुना [illegible]हने भूली जइ, तेना पुत्रादिकनी साथे द्रव्यादिकना भागमां कपट आदरे छे. एवी रीते स्वजन परिवारनो संबंध स्वार्थयुक्त, अल्प मुदतनो, स्थिति पूर्ण थये त्रुटनारो, आपणो राख्यो नहि रेहेनारो, अने परिणामे दुःखदाइ एवो इंद्रजाल समान खोटो छे. तेथी तेने विषे ममत्व धारण करवो ते पण केवल अज्ञानताज छे! एवीज रीते हाथी, घोडा, रथ, पायदल विगेरे ठकुराइ पण अनित्य छे. तेने विषे जे ममत्व करवो. ते पण मोहचेष्टा जाणवी. तेमज धन, सोनुं, रूपुं, हीरा, माणेक, मोती, शंख, प्रवालां, तेना उपर पण जे ममत्व करवो, ते पण परिणामे दुःखनुंज मूल छे. माटे जे जे कृत्य करवुं तेनुं परिणाम प्रथमथीज विचारवुं के, आ कृत्यनुं परिणाम शुं निपजशे? ते उपर नीतिशास्त्र

अर्थ.—तुं रात्री दिवस एवुं विचारे छे के, आ म्हारो पुत्र, आ म्हारो भाई, आ म्हारां स्वजन, आ म्हारुं घर, आ म्हारां स्त्रीआदिक वाल्हेशरी, परंतु ए प्रकारे बोलनारने जेम घातकी पुरुष, बें बें करता एवा बोकडाने हरण करे छे; तेम मृत्यु जे ते, मे मे (म्हारुं म्हारुं) करता प्राणीने पकडीने लेइ जाय छे. ॥ १ ॥

माटे तेना उपर ममत्व करवाथी उलटुं पाप बंधाशे, पण तेमांनुं कोइ मरी जशे, त्यारे तेमांथी कोइ पण ते मरनारने राखवा समर्थ थतुं नथी; एटलुंज नहि पण, पोताना स्वार्थमां खामी आववाथी, थोडा दिवस रुदन करी "गयेलाने भूली जवुं" ए रीवाज प्रमाणे तेज संबंधीयो तेने विसरी जाय छे. जेम पोताना वीश वर्षना पुत्रना मृत्यु समये फक्त मोहना लागलाथी (गाढ स्वरे लांबा रागे बुमो पाडी) रुदन करनार अने छाती कुटनार पिता, पोताना बीजा पुत्रना लग्न समये, ते मृत्यु पामनारने भूली जइ, वर्त्तमान समयना उत्साहमां पूर्ण हर्षथी दाखल थाय छे. एज रीते अत्यंत स्नेहवाली स्त्री (जा-

घात थयो. वली राज्यना लोभे करीने भरत अने बाहुबली ए बे भाई वच्चे महोटुं युद्ध थयुं. ने तेमां हजारो जीवोनो संहार थइ गयो. वली विषयराग पूरो न थवाथी पोतानो पति जे परदेशी राजा, तेने सूरीकंता राणीये झेर दइने मार्यो, एटलुंज नही पण, छेवटे गले नख पण दीधो. वली पुत्रीना स्नेहे करीने जरासंघे श्री कृष्ण वासुदेव संगाथे महोटुं युद्ध करी, पोताना कुलसहित हजारो जीवोनो नाश कर्यो. वली राज्यना लोभे करीने कनककेतु राजाये पोताना पुत्रोनां सर्व अंग छेदन कर्यां. वली नीतिशास्त्रना कर्त्ता चाणाक्ये राज्यना लोभे करीने पोतानो मित्र जे पर्वत नामे राजा, तेने मारी नांख्यो. वली पोताना स्वार्थ माटे सुभूम चक्रवर्त्तिये ब्राह्मणोनो अने क्षत्रियोनो क्षय कर्यो. एवी रीतनां अनेक दृष्टांतो छे, ते जो लखवा बेशीये तो तेनो एक महोटो ग्रंथ थतां पण पार न आवे. माटे विचारवानुं आटलुं छे के,

पुत्रो मे भ्राता मे। स्वजनो मे गृहकलत्रवर्गो मे ॥
इतिकृतमेमेशब्दं। पशुमिव मृत्युर्जनं हरति ॥ १ ॥

होय तो, एवी रीतना उपकार करनार तो, अनंता जन्ममां अनंतां स्वजना-
दिक थयां छे. माटे ते स्वजनादिकने विषे तुं केम ममत्व नथी करतो? अने
ते स्वजनादिकना शा हवाल थया हशे? तेनो पण लगारमात्र विचार नथी
करतो? वली फक्त आज जन्मना स्वजनादिकने अर्थे राग द्वेष करीने खेती,
व्यापार, अने सेवादिक के, जेमां प्राणीनो उपघात थाय, एवी न करवा यो-
ग्य क्रिया, आ जीव कर्या करे छे. जेम फरशुरामे अनंतवीर्य राजामां आश-
क्त थयली रेणुका नामे पोतानी मातानुं माथुं कापी नांख्युं. तथा तेज फरशु
रामे पोताना पिता उपर राग होवाथी एकवीशवार नक्षत्री पृथ्वी करी. वली
कोणिक राजाये राज्यना लोभे करीने पोताना पिता जे श्रेणिक राजा, तेमने
बंधीखानामां नांख्या. तेमज पोतानी मनोवृत्ति प्रमाणे चालवामां अडचण
करनार जाणीने, चूलणी राणीये पोतानो पुत्र जे ब्रह्मदत्त, तेने मारवाने अर्थे
लाखना मोहोलमां घाली अग्नि सलगाव्यो. वली एक हार हाथीनी लडा-
इने माटे, फक्त एक पद्मावतीना वचनथीज एक कोडने एंशीलाख जीवोनो

शिथिलयसि आदरं पुनः अनंतसुखे मोक्षे

सिढिलेसि आयरं पुण । अणंतसुक्कंमि सुक्कंमि ॥७७॥

अर्थ.—हे आत्मन्! (अणंतडुक्खेसु के०) अनंतु छे दुःख ते जेणे करीने अथवा जेने अर्थे जे थकी अथवा जेने विषे एवां (धण के०) धन एटले सुवर्णादिक तथा (सयण के०) माता पितादिक स्वजन, तथा (विहवपमुहेसु के०) हाथी, घोडा प्रमुख विभव, इत्यादिकने विषे (ममत्तं के०) ममत्वभावने तुं (कुणसि के०) करे छे. (पुण के०) परंतु (अणंतसुक्कंमि के०) अनंतु छे सुख ते जेने विषे एवा (मुक्कंमि के०) मोक्षना सुखने विषे (आयरं के०) आदरने तुं (सिढिलेसि के०) शिथिल करे छे. एटले तुं मोक्षनां सुख पामवानो उद्यम नथी करतो. ॥ ७७ ॥

भावार्थ.—रे मूढ आत्मन्! अनंत दुःखनां कारण एवा, स्वजन, विभव, धन इत्यादिकने विषे ममत्व करी महोटा दुःखनो भार तुं मांथे उपाडे छे. पण वर्त्तमान कालना स्वजनादिकने जो तुं उपकारी जाणीने ममत्व करतो

स्य, जे ते, नाश पामे ळे. अने ते अयोग्य शिष्यो पोताना आत्माने पण नाश करे ळे. अथवा ते अयोग्य शिष्योने गुरु उपर द्वेष थाय ळे. ते कह्युं ळे के,

उपदेशो हि मूर्खाणां । प्रकोपाय न शान्तये ॥
पयःपानं भुजङ्गानां । केवलं विषवर्द्धनम् ॥ १ ॥

अर्थ.—मूर्ख जीवोने करेलो हितोपदेश जे ते, प्रकोपने अर्थे थाय ळे. एटले उपदेश देवाथी उलटो गुरु उपर कोप करे ळे. जेम सर्पने जे दूध पावुं, ते केवल झेरनुं वधारवुं ळे. एटले ते सर्प जेम जेम दूध पीए ळे, तेम तेम तेने झेर वधतुं जाय ळे. ए रीते मूर्खने जेम जेम हितोपदेश करे ळे तेम तेम ते मूर्ख द्वेष वधारतो जाय ळे. ॥ १ ॥

माटे तेवा अयोग्य जीवोने उपदेश देवो ते व्यर्थ ळे. अर्थात् विपरीतपणाने पामे ळे. ॥ ७६ ॥

करोषि ममत्वं धनस्वजनविभवप्रमुखेषु अनंतदुःखकारणेषु

कुणसि ममत्तं धणसयण । विहवपमुहेसु अणंतदुक्खेसु ॥

अर्थ.—अयोग्य शिष्योने कृपाथी उपदेश करता गुरुने जोइ, योग्य शिष्यो गुरु प्रत्ये कहे छे के, हे गुरो ! (जे के०) जे पुरुषो (चिक्कणेहिं के०) चिकणां एवां (कम्मेहिं के०) कर्म करीने (बद्धा के०) बंधाया छे, तेमने (बहुयं के०) घणो (मामः जंपह के०) उपदेश न करो, न करो ! केम के, [illegible]सि के०) ते (सव्वेसिं के०) सर्वे अयोग्य शिष्योने (हियोवएसो के०) हितोपदे[illegible] जे ते (महादोसो के०) महादोषवालो, अथवा महाद्वेषवालो (जायइ के०) [illegible]य छे. ॥७६ ॥

भावार्थ.—अयोग्य शिष्यने वारंवार बोध करता देखीने आचार्यमहाराज प्रत्ये मुनियो जे ते, विनंती करे छे के, हे भगवन् ! आपतो करुणासागर छो. परंतु काला निविड पहर जेवा, आ खल शिष्योने आप गमे तेटलो प्रतिबोध करशो, तोयपण तेने प्रतिबोध पामवा कठण जणाय छे. केम के, जे प्राणियो ज्ञानावरणीयादिक निविड कर्मे करीने बंधाणा छे, ते प्राणियो धर्मोपदेश देवाने योग्य नथी. जेम काचा घडामां नांखेलु पाणी ते पोते नाश पामे छे, अने घडाने पण नाश पमाडे छे, तेम अयोग्य जीवोने बोध करेलुं सिद्धांत रह

थी विराम पामता (ताणं के०) तेमना (धीठ्ठत्तणं के०) धिठ्ठपणाने एटले निर्लजपणाने (धीधी के०) धिक्कार थाओ ! धिक्कार थाओ !! ॥ ७५ ॥

भावार्थ.—स्वर्ग मृत्यु ने पाताल ए प्रकारे त्रण लोकना रहेनारने, अर्थात् सर्व संसारी जीवने, मरता देखीने अने जाणीने पण पोताना आत्माने धर्मने विषे नथी जोडता, तथा हिंसादिक थकी निवृत्ति नथी पामता, अर्थात् जे कृत्यथी पाप बंधाय छे, तेवा कृत्यथी पाछा नथी ओसरता, एवा निर्लज जीवोना धिठ्ठपणाने धिक्कार थाओ ! धिक्कार थाओ !! एम अतिशे धिक्कारपणुं जणाववाने माटे बेवार धिक्कार शब्द कह्यो छे. ॥ ७५ ॥

मामा जल्पत बहुलं ये बद्धाः चिक्कणैः कर्मभिः

मामा जंपह बहुयं । जे बद्धा चिक्कणेहि कम्मेहिं ॥

सर्वेषां तेषां जायते हितोपदेशः महादोषः वा महाद्वेषः

सव्वेसि तेसिं जायइ । हियोवएसो महादोसो ॥ ७६ ॥

ते कदिपण त्रुटतुं नथी.

वळी जेम शिंचाणो पक्षी तेतर पक्षिने उचिंतो फाळी ले छे, अर्थात् नाश करे छे, तेम आउखुं क्षय थए सते जीवित पण नाश पामे छे. माटे एवुं जाणीने पटले क्षणमात्र जीववानो विश्वास न राखीने [illegible] साधन करवामां सावधान था. ॥ ७४ ॥

॥ आर्यावृत्तम् ॥

त्रिभुवनजनान् म्रियमाणान् दृष्ट्वा प्रापयंति ये न आत्मा धर्मे

तिहुयणजणं मरंतं । दठूण नयंति जे न अप्पा [illegible]णं ॥

निवर्त्तते न पापात् धिक्धिक् धृष्टत्वं तेषां

विरमंति न पावाउ । धीधी धीठ्ठत्तणं ताणं ॥ ७५ ॥

अर्थ.—(जे के०) जे पुरुष (मरंतं के०) मरतो एवो (तिहुयणजणं के०) त्रण भुवनना जनने (दठूण के०) देखीने (अप्पाणं के०) आत्माने (न नयंति के०) धर्मने विषे नथी जोडता, अने (पावाउ के०) पापथकी (न विरमंति के०) न

शके, निमित्तनुं पामवापणुं छे ए हेतु माटे. हवे ते सात भेदे देखाडे छे. स- राग स्नेहना भयथकी एटले कोइना उपर अत्यंत स्नेह होय, तेवामां तेनो नाश सांभळवाथी उत्पन्न थयो जे भय, तेथी आउखु त्रुटे छे. एम आगळ पण संबंध जोडवो. ॥ १ ॥ वली दंड शस्त्रादिकना उचिता घातथी. ॥ २ ॥ तथा अत्यंत आहार करवाथी. ॥ ३ ॥ तथा, नेत्र अने [illegible]दिकनी वेद- नाथी. ॥ ४ ॥ तथा पराघातकी एटले गर्भपातादिकथी. ॥ ५ ॥ तथा तरह- [illegible] सर्पादिकना स्पर्शथी. ॥ ६ ॥ अने श्वासोश्वासने रुंधवाथी. ॥ ७ ॥ एम [illegible] प्रकारे आउखुं भेदाय छे. अथवा उपक्रम छे कारण ते [illegible]नुं, एवुं आ- उखुं तेज पूर्वे कहेला निमित्तथी त्रुटे छे. आ पूर्वे जे कह्युं ते [illegible]पक्रम आउ- खुं [illegible]नेज आश्रीने जाणवुं. पण निरुपक्रम आउखावा[illegible]ने आश्रीने न जाणवुं केम के, आउखुं बे प्रकारे बंधाय छे. एक सोपक्रम कर्मथी अने बीजुं निरुपक्रम कर्मथी बंधाय छे. तेमां जे सोप[illegible]म (शिथिल) वाळुं आयुष्य छे ते निमित्त पामवाथी त्रुटे छे अने निरुपक[illegible] (निकाचित) वाळुं आयुष्य छे,

प्राय छे. वली मनुष्यनुं आयुष्य अनेक प्रकारनां कारणो मलवाथी घणुंज चंचल छे, एम जणाववाने अर्थे सर्व अवस्थामां मरण देखाडयुं छे. वली श्री सूयगडांग सूत्रना प्रथम श्रुतस्कंधना बीजा वैतालीय अध्ययननी बीजी गाथानी दीपिकामां तथा टीकामां कह्युं छे के,–

त्रिपल्योपमायुष्कस्यापि पर्याप्त्यनन्तरमन्तर्मुहूर्त्तेनैव कस्यचिन्मृत्यु उपतिष्ठतीति.

अर्थ.–त्रण पल्योपमना आयुष्यवालाने पण, पर्याप्ति पाम्या पछी अंतर्मुहूर्त्ते करीने कोइक पुरुषने मृत्यु जे ते प्राप्त थाय छे.

वली श्री ठाणांगजी सूत्रना सातमा ठाणामां कह्युं छे के,–

सत्त विहे आउ भेदे. पन्नत्ते तं जहा.

॥ आर्यावृत्तम्. ॥

अज्झवसाण निमित्तं । आहारे वेयणा पराघाए ॥
फासे आणापाणू । सत्तविहं भिज्जए आऊ ॥ १ ॥

अर्थ.–आयुष्यनो भेद एटले उपक्रम जे ते, सात प्रकारनो कह्यो छे. के-

मनुष्य जे ते (क्षयंति के०) नाश पामे छे. (पासह के०) तेने तुं जो. वली (ज
ह के०) जेम (सेणे के०) शिंचाणो पक्षी जे ते (वट्टयं के०) तेतर पक्षीने (हरे
के०) हरण करे छे. अर्थात् शीघ्रपणे मारे छे. (एवं के०) ए प्रकारे (आउस्क
यंमि के०) आउखानो क्षय थये सते (तुट्टई के०) त्रुटे छे. एटले क्षणे क्षणे
आयुष्य नाश पामे छे, अथवा मृत्यु जे ते जीवितने हरे छे. ॥ ७४ ॥

भावार्थ.–हे जीव! तुं विचारीने जो के, केटलाएक मनु[illegible]तोमां रह्या
थकाज मरण पामे छे, अने केटलाएक महाकष्ट करीने जन्म थ[illegible] पछी बाल
पणामांज मरण पामे छे, अने केटलाएक जवान अवस्थामांज [illegible]तानां स्त्री-
आदिक वहालां पदार्थोने अणइछाए मूकीने मरण पामे छे, अने केटला-
एक तो वृद्धावस्थानां दुःख भोगवतां भोगवतां पराणे पराणे [illegible]ग घशीने म-
रण पामे छे. वली आ जग्याए मानव शब्द ग्रहण कर्यो छे, ते[illegible]नुं ए कारण छे
के, उपदेश करवा योग्य होय, तेनेज मनुष्य कहीए. परंतु जे उपदेश देवा
योग्य न होय, तेने तो मनुष्यनी पंक्तिमां न गणवा, एम ग्रंथकारनो अभि-

तेम अतिशे अल्प अने तुछ एवा विषयसुखने अर्थे रत्नाकर समान जिनधर्मनो त्याग करवो, ते पंडित पुरुषने घटे नहीं. वली जेणे धर्मकृत्य नथी कर्युं, तेने परभवमां संजमरूप जीवित मलतुंज नथी. वली गएला एवा, जे धर्मसाधन करवाने योग्य एवा, रात्री दिवस जे ते, तथा यौवना[illegible]क काल इत्यादिक पाछां आवतां नथी. केमके, इंद्रादिकनुं पण त्रुटेलुं आउख्य पाछुं संधातुं नथी. माटे एवुं जाणीने रात्री दिवस धर्मनुं आराधन करवुं. ॥ ७२ ॥

हवे सर्व संसारी जीवने आयुष्यनुं अनित्यपणुं देखाडे छे.

बालाः वृद्धाः च पश्यन्त गर्भस्था अपि त्यजंति [illegible]

डहरा बुड्ढा य पासह । गप्भत्था वि चयंति [illegible]वा ॥

श्येनः यथा वर्त्तकंतित्तीरिं हंति एवं आयुःक्षये त्रुटयाति जीवितं

सेणे जह वट्टयं हरे । एवमाऽऽउक्खयंमि तुट्टइ ॥७४॥

अर्थ.—हे आत्मन्! (डहरा के०) बाल एवा (य के०) वली (बुड्ढा के०) वृद्ध एवा, वली (गप्भत्था वि के०) गर्भने विषे रहेला एवाय पण (माणवा के०)

सद्धर्मने विषे बोध पामो. कह्युं छे के:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

निर्वाणादिसुखप्रदे नरजवे जैनेन्द्रधर्मान्विते ।
लब्धे स्वल्पमचारु कामजसुखं नो सेवितुं युज्यते ॥
वैडूर्यादिमहोपलौघनिचिते प्राप्तेऽपि रत्नाकरे ।
लातुं स्वल्पमदीप्ति काचशकलं किं चोऽचितं स[illegible] ॥ १ ॥

अर्थ.—मोक्षादिक सुखनो आपनार एवो, मनुष्यनो जव म[illegible] सते, तेमां वली जिनराजनो धर्म मले सते, तहारे लगारमात्र पण काम[illegible] सेववुं घटतुं नथी. केम के, ते अल्प छे, अने ते सुखनो परिणाम सार[illegible] आवतो नथी. ते उपर दृष्टांत कहे छे के, जेम वैडूर्यादि रत्ननो समूह जेमां [illegible] छे, एवा रत्नाकरने पामीने एटले रत्ननी खाण पामीने कांतिरहित एवो, अने वली अल्प मूल्यवालो एवो काचनो ककडो लेवो शुं तहारे घटे छे? अर्थात् पूर्वे कह्यो एवा रत्नाकरनो त्याग करीने, तेने बदले काचनो ककडो लेवो ते, घटेज नहीं.

(संबुज्झह के०) अहो जव्यो! तमे बुझो. (बोध पामो.)) (किं न बुज्झह के०) केम तमे बोध नथी पामता? जे हेतु माटे जेमणे धर्म नथी कर्यो ते पुरुषोने (पिच्च के०) मरण पाम्या पछी परजवने विषे (संबोही के०) बोधिबीज जे ते (खलु के०) निश्चे (डुल्लहा के०) डुर्लज्ञ छे. शाथी के, (राइउ के०) रात्री दिवस जे ते (हु के०) निश्चे (उवणमंतिनो के०) गयेलां पाछां आवतां नथी. तेम (जीवियं के०) जीवित जे ते (पुणरवि के०) फरीने पण एटले फरी फरी (सुलहं नो के०) सुलज्ञ नथी. एटले संयमरूप जीवित घणुं डुर्लज्ञ छे. अथवा (जीवियं के०) जीवित जे ते अर्थात् तूटेलुं आउखुं जे ते (पुणरवि के०) फरीने पण सांधवुं (सुलहं नो के०) सुलज्ञ नथी. एटले तूटेलुं आउखुं सांधवाने कोइ पण समर्थ नथी. ॥ ७२ ॥

जावार्थ.—हे जव्य जीवो! तमे ज्ञान दर्शन चारित्ररूप धर्मने जाणो. कारण के, आवो अवसर फरी फरीने मलवो दुर्लज्ञ छे. माटे घणी सामग्रीसते पण, केम बोध पामता नथी? अर्थात् जोगने तुच्छ जाणी, तेनो त्याग करीने

वाथी, कोलेरा (कोगलियुं) आववाथी, घर पडवाथी, अग्निवडे बलवाथी, शस्त्र प्रमुख वागवाथी, सर्प करडवाथी, इत्यादिक अनेक प्रकारनां कारणो मलवाथी अचिंतो नाश पामे छे. एम जाणीने हे जीव! धर्मकृत्यने विषे समयमात्रनो प्रमाद न कर. ॥ ७२ ॥

आ ७३ तथा ७४ मी ए बे गाथाउ श्री सूयगडांग सूत्रना [illegible] श्रुतस्कंधना वैतालीय अध्ययननी छे.

संबुध्यध्वं किं न बुध्यध्वं संबोधिः खलु प्रेत्य दुर्लभा

संबुज्झह किं न बुज्झह। संबोहि खलु पिच्च दुल्लहा ॥ [illegible]

न एव उपनमंति आगच्छंति रात्रयोऽतीताः नो सुलभं पुनरपि जीवितं

नो हूं उवणमंति राइउ। नो सुलहं पुणरवि [illegible] जीवियं ॥७३॥

अर्थ.—श्री ऋषभदेव स्वामीना पुत्र श्री भरतेश्वर, तेमणे [illegible] तिरस्कार कर्या एवा, अने राज्यना अर्थि एवा, पोताना अठाणु पुत्रो प्रत्ये श्री आदीश्वर भगवान उपदेश करे छे, अथवा श्री महावीरस्वामी पर्षदा प्रत्ये कहे छे के,

वडे पडवानी तैयारीमां आवेलो (थोवं के०) थोडो काल (चिठ्ठइ के०) रहे छे. (एवं के०) ए प्रकारे (मणुआण के०) मनुष्य जे तेमनुं (जीवियं के०) जीवित जे ते चंचल जाणवुं. माटे श्री महावीरस्वामी गौतमस्वामीप्रत्ये* कहे छे के, (गोयम के०) हे गौतम! (समयं के०) एक समयमात्र पण (मा पमायए के०) प्रमाद न करीश. ॥ ७२ ॥

नावार्थ.—श्री महावीरस्वामी गौतम प्रत्ये कहे छे के, हे गौतम! एक समयमात्र पण प्रमाद न करीश. केमके, आ मनुष्यपणानुं जीवुं [illegible]नना अग्रनागमां रहेला जलबिंदुनी पेठे, थोडोज काल रहे तेवुं [illegible] जोतां जोतां अल्प वायुवडे पण शीघ्रपणे नाश पामे तेवुं छे. अर्थात् डाननना अग्रने विषे रहेला जलबिंदु तो, फक्त वायुवडेज नाश पामे छे; परंतु आ मनुष्य तो, अनेक प्रकारना कारणोथी मरे छे. जेम के, ताव आववाथी, मूंझारो थ-

* आ वार्त्ता श्री उत्तराध्ययन सूत्रना दशमा अध्ययनमा छे, सांथी विस्तारना अर्थि पुरुषोए जोइ लेवुं.

परवुं, एवो विचार पण नथी थतो. अने वळी आवो विचार पण तेमने नथी थतो के, अरेरे ! रात्री दिवस पोताना शरीरनुं सुख पण न विचारतां कूड कपट छलभेद अन्यायादिक करीने एणे आपणुंज भरण पोषण कर्युं छे, पण पोताना परलोकनुं साधन करवानो अवकाश जरापण एणे लीधो नथी. एवी रीते कोइ रुदन करतुं नथी. माटे हे जीव! हे महामूर्ख !! कांइकतो विचारय !! के, हुं आश्रवभावमांथी निवृत्ति पामीने कांइकतो संवरभावमा[illegible]तो ११ ॥

॥ मागधिका वृत्तम् ॥

कुशाग्रे यथा अवश्यायो हिमबिंदुकः स्तोकं तिष्ठति लंबमानः

कुसग्गे जह उसबिंदुए । थोवं चिट्ठइ लंबमाणए ॥

एवं मनुजानां जीवितं समयमपि हे गौतम मा प्रमादीः

एवं मणुआण जीवियं । समयं गोयम मा प[illegible]ए ॥१२॥

अर्थ.—(जह के०) जेम (कुसग्गे के०) डाभना अग्रभागने विषे (उसबिंदुए के०) झाकळनो बिंदु जे ते (लंबमाणए के०) लांबो थतो सतो एटले वायु

जावार्थ.—आ जगत्मां परलोकने विषे कांइ पण सहायता करवाने न समर्थ एवां माता पिता स्त्री पुत्रादिक सौ पोत पोतानां स्वार्थी ठे, पण कोई कोइनुं नथी. जेमके, उपर लखेलां घरनां माणसोने एवो निश्चय थाय ठे के, हवे आ पथारीमां सूवारेलो माणस जीवशे नही, एवुं धारीने [illegible] सूतेला माणसने महा जरपूर वेदनामां तरफडतो नजरे जोइने पण कहे [illegible] के, तमे मने कांइ कहो ठो? एटले तमे ठानी रीते संचय करेलुं, आपेलुं, मू[illegible]लुं, दाटेलुं, कांइ देखाडो ठो? एवी रीते पोतानो स्वार्थ साधवानी वातो करे ठे तथा तेना मरी गया पठी पण केवल पोतानो स्वार्थ संजारी संजारीने [illegible] के, आटलुं काम अधुरुं मूकीने गया! पण तेठ एम नथी विचारता [illegible] ज्यांथी समजणो थयो त्यांथी मांडीने चोके सूतां सूधी पण एणे आपणुं वैतरुं कूट्यां कखुं ठे. परंतु ते बापडो नरकादिक गतिने विषे एटलो गयो ठे, त्यां तेने केवां दुःख पडतां हशे? तथा ते बिचारो घणुं द्रव्य मूकीने गयो ठे! पण तेना बीजा दुःखमां जाग न लेतां फक्त तेनुंज द्रव्य तेनी पठवाडे शुज कृत्यमां वा

वें, वस्तुताए असत् छे. माटे तेने तुं सत्यपणानी भ्रांति न करीश. ॥ ७० ॥

पितृपुत्रमित्रगृहगृहिणीनां जातं समूहः ऐहलौकिकं सर्वं निजकस्य शुभे कल्याणे सहायं निमित्तं

पियपुत्तमित्तघरघरणिजाय। इहलोइअ सव्व नियसुहसहाय ॥

न अपीनिमश्चे अस्ति कोपि तव शरणेत्राणे हेमूर्ख एकाक्येव सहिष्यसे तिर्यक्नरकदुःखानि

नवि अत्थि कोइ तुह सरणि मुक्ख। इक्कल्लु सहसि तिरिनिरयदुक्ख ॥

अर्थ.—(मुक्ख के०) हे मूर्ख! (इहलोइअ के०) आ लोक [illegible] (सव्व के०) सर्वे एवो (पिय के०) पिता (पुत्त के०) पुत्र (मित्त के०) मित्र (घ[illegible] के०) गृह (घरणि के०) स्त्री, तेमनो (जाय के०) समूह जे ते (निय सुह सहाय के०) पो[illegible]ताने सुख करवानो छे स्वभाव ते जेमनो एवो छे. एटले सौ पो[illegible] पोताना सुखना अर्थी छे. पण (तिरि निरय दुक्ख के०) तिर्यंच तथा नरक[illegible] संबंधी दुःख. तेने (इक्कल्लु के०) तुं एकलोज (सहसि के०) सहन करे छे, पण ते वखत तेमां नुं (तुह के०) तहारे (सरणि के०) शरण करवा योग्य (कोइ वि के०) कोइपण (न अत्थि के०) थतुं नथी. ॥ ७१ ॥

के०) शरीरादिक बाह्यभावने तथा (नवभेयपरिग्रह के०) नव भेदवाला परिग्रहनो (विविहजाल के०) अनेक प्रकारनो समूह तेने (मिल्हेविणु के०) मूकीने परलोके जइश. ए हेतु माटे (संसारि के०) संसारने विषे (अछि के०) जे शरीरादिक देखाय छे, (सहु के०) ते सघलुं (इंदयाल वा) इंद्रजाल समान छे. ॥ ७० ॥

भावार्थ.—हे आत्मन्! तहारुं हितकारी एवुं आ एक वाक्य सांभल्य. आ देखातो शरीरादिक सघलो बाह्यभाव छे, इंद्रजाल समान छे, एटलो नव प्रकारनो परिग्रह* ते सघलो चंचल स्वभाववालो छे. एटले क्षणमां देखाय अने क्षणमां नाश पामी जाय एवो छे. एटलुंज नहि पण संसारमां जे ज वस्तु देखाय छे, ते सर्वने तुं इंद्रजाल समान जाणीने तेने विषे मोह ममत्व न कस्य. कारण के, ते सघला बाह्यभावने मूकीने तुं एकलोज परलोकमां जईश, पण पूर्वे कही तेमांनी कोइ वस्तु पण तहारी साथे आववानी नथी. केम के, ते स

* १ धन. २ धान्य. ३ क्षेत्र. ४ घर. ५ सुवर्ण. ६ रूपु. ७ त्रांबुपितलः ८ द्विपद ९ चतुष्पद.

सामग्री लेइने जाय छे. पण भातुं लीधा शिवाय जतो नथी. तेम तहारे तो अहिंथी मरीने क्यां जवुं पडशे? ने त्यां केटला दिवस रहेवुं पडशे? अने कोने त्यां जइने उतारो करवो पडशे? अने मार्गमां भातुं लीधा विना शुं खाइशुं? इत्यादि परलोक संबंधी तने कांइ पण विचार थतो नथी! माटे हे मूढ जीव! सर्व दुःख मात्रने निवारण करनार अने मनोवांछित सुखने आपनार एवुं धर्मरूप भातुं संगाथे राख्य. ॥ ६९ ॥

॥ पद्धरीवृत्तम् ॥

रे जीव नितरांशृणु चंचलस्वभावान् मुक्त्वा परलोके यास्यति सकलान् अपि [illegible]भावन् तथा

रेजीव निसुणि चंचलसहाव। मिल्हेविणु सयलवि [illegible]भाव ॥

नवक्षेत्रपरिग्रहस्य यत् विविधजालंममहं अतःसंसारे अस्तियत् सर्वं तत् इंद्र[illegible]जालमिवासदास्ति

नवक्खेयपरिग्गह विविहजाल। संसारि अंत्थि सहु इंद्[illegible]याल ॥७०॥

अर्थ.-(रे जीव के०) हे जीव! तुं (निसुणि के०) सांभळ्य के जे, (चंचल सहाव के०) चंचल स्वभाववाळा (सयलवि के०) सर्व एवाय पण (वस्त्रभाव

छे. एटले पछी घणो पश्चात्ताप करवो पडे छे. ॥ ६९ ॥

भावार्थ.—अनंता भवरूप समुद्रमां भटकतां भटकतां मनुष्य जन्मरूप कांठो प्राप्त थए सते पण जेणे अहिंसारूप जिनधर्म न आचरण कर्यो, तेने; जेम रणसंग्राममां युद्ध करवा गएला एक धनुर्धारी पुरुषना मनुष्यनी पणछ तूटी गइ, तेथी तेने जेम हाथ घसवा पड्या, तेम तहारे पण हाथ घसवा पडशे. माटे हे जीव! जो तुं पण छती सामग्री सते जिनधर्मरूप भातुं नहि ग्रहण करे, तो तहारे पण मरणावस्थाए पश्चात्ताप करवो पडशे. ते आ प्रकारे के, अरेरे! में छती सामग्रीए पण आ शुं कर्युं? हवे परलोके जतां धर्मरूप भातुं कांइ पण लीधुं नहीं! माटे हवे हुं शुं करीश! एवी रीते तहारे हाथ घसवा पडशे. वली जेम आ भवमां थोडो काल रहेवा माटे कोइ पुरुष ज्यारे परदेश जवानो होय, त्यारे ते पुरुष प्रथमथी भाता विगेरेनो एटलो बधो बंदोबस्त करी राखे छे के, अमुक जग्याए उतरीशुं, ने त्यां अमुक भोजन करीशुं. एवी रीतनो ठराव करीने पछी पोतानी साथे भातादिक घणी

हे जीव! पूर्वे अनुभव करेला पशुपणाना स्वभावने मूकी देइने, मनुष्यभवने लेखे लगाडवामां उद्यम कर.

॥ उपजाति वृत्तम् ॥

मानुष्यजन्मनि तटेसंसारसमुद्रस्य लब्धेमति जिनेंद्रधर्मः न कृतः च येन

माणुस्सजम्मे तडि लद्धयंमि । जिणिंदधम्मो न कओ य जेणं॥

त्रुटते गुणे यथा धानुष्केण हस्तौ घृष्टव्यौ तथा च [illegible] तेन

तुट्टे गुणे जह धाणुक्कएणं । हत्था मलेवा य अवस्स तेणं॥ ३५॥

अर्थ.—(जेणं के०) जेणे (तडि के०) संसाररूप समुद्रना कां[ठा]रूप (माणुस्सजम्मे के०) मनुष्य जन्म (लद्धयंमि के०) पामे सते (जि[णिं]दधम्मो के०) जिनेंद्रनो धर्म जे ते (न कओ के०) नथी कर्यो (तेणं के०) तेणे अर्थात् तेने (य के०) पण (जह के०) जेम (धाणुक्कएणं के०) धनुर्धारि पुरु[ष]ने तेणे अर्थात् तेने (गुणे के०) पणछ (तुट्टे के०) तूटे सते (अवस्स के०) निश्चे (हत्था के०) हाथ (मलेवा य के०) घसवा पडेज छे. तेम आ जीवने पण हाथ घसवा पडे

ह्लकादि दश दृष्टांते करी दुःखे पामवा योग्य एवुं (च के०) वली (विज्जुलया चंचलं के०) विजलीरूप लतानी पेठे चंचलं एवुं (तं के०) ते, एटले ते योग्य एवुं (मणुयत्तं के०) मनुष्यपणुं, तेने पामीने (धम्मंमि के०) धर्मने विषे (विसीयइ के०) खेद पामे छे. (सो के०) ते (काउरिसो के०) कुत्सित (निंदित) पुरुष जाणवो. पण (सप्पुरिसो के०) सत्पुरुष (न के०) न जाणवो. ॥ ६८ ॥

नावार्थ.—जैनशासनमां प्रसिद्ध एवां दश दृष्टांते दुर्लन एवो, अने विजलीना जबकारानी पेठे क्षणनंगुर एवो, ने जेमां कोइ प्रकारनी पण खामी नथी एवो, एटले आ मनुष्यनो नव अढीद्वीपमां थयो, अने वली कर्मनूमीमां थयो, तेमां वली आर्य देशमां थयो, तेमां वली उत्तम कुलने विषे थयो, तेमां वली अविकल पंचेंद्रिये पूर्ण थयो, तेमां वली निरोगी काया पाम्यो, अने तेमां वली सद्गुरुनो अने सत् शास्त्र सांनलवानो जोग बन्यो; तेम छतां पण जे पुरुषो, धर्मसाधन करवामां प्रमाद करे छे, ते पुरुषो निंदा करवा योग्य थाय छे. पण ते सत्पुरुषोनी पंक्तिमां गणवालायक थता नथी. माटे

दिक कारण वडे करीने मनुष्यपणाने पामे छे, त्यारे तेने जोइती चीज मली शके छे. एटले देवताना सुखने आपनारो, तथा मोक्षना सुखने आपनारो आ मनुष्यजव छे. परंतु मनुष्यजव विना कोइ जव वडे सुखनी प्राप्ति थइ शकती नथी. एटलाज माटे ज्ञानी पुरुषोए सर्व जव करतां आ मनुष्यजवने उत्तममां उत्तम गएयो छे. अने दश दृष्टांते करी दुर्लज पण पट[illegible] माटे कह्यो छे. आ दश दृष्टांतनुं स्वरूप प्रसिद्ध छे माटे, तथा ग्रंथ वि[illegible]र [illegible]वाना जयथी लख्युं नथी. माटे आवा मोंघामां मोंघा मनुष्यजवने पामी[illegible] एने गमावी अवसर चूकवो नही. ॥ ६७ ॥

तन्मनुष्यजन्म तथादशदृष्टांतवत् दुर्लजलाजं विद्युल्लताचंचलं [illegible]

तं तहदुल्लहलंजं । विज्जुलयाचंचलं चे[illegible]णुयत्तं ॥

धर्मे यः विषीदति सः कापुरुषः न सत्पुरुषः

धम्मंमि जो विसीयइ । सो काउरिसो न सप्पुरिसो ॥६८॥

अर्थ.—(जो के०) जे पुरुष (तह दुल्लहलंजं के०) तथा प्रकारे एटले चु-

कृत्वा अनेकानि जन्ममरणानां परावर्त्तनशतानि

काऊणमणेगाइं । जम्मणमरणपरियट्टणसयाइं ॥

दुःखेन मानुषत्वं यदि लभते यथेप्सितं सुखं जीवः

दुक्खेण माणुसत्तं । जइ लहइ जहिच्छियं जीवो ॥६७॥

अर्थ.—(जइ के०) ज्यारे (जीवो के०) जीव जे ते (अणेगाइं के०) अनेक एवां (जम्मण मरण के०) जन्म मरण तेनां (परियट्टण के०) परावर्तन तेनां (सयाइं के०) शेंकडो. एटले जन्म मरणनां शेंकडो परावर्त्तनने (काऊणं के०) करीने (दुक्खेण के०) दुःखे करीने (माणुसतं के०) मनुष्यपणाने पामे छे, त्यारे (जहिच्छियं के०) यथा इच्छा प्रमाणे. एटले पोतानी इच्छा [illegible] कुशलपणाने (लहइ के०) पामे छे. ॥ ६७ ॥

भावार्थ.—रे आत्मन् ! अनंत एवां जन्म मरणनां शेंकडो एटले क्यारेक जन्म, क्यारेक मरण, ए प्रकारनां दुःख सहन करीने, ज्यारे आ जीव मनुष्यपणाने पामे छे, एटले अकाम निर्जरा अने भवस्थितिनुं परिपक्वपणुं इत्या

थी पण तुं अनेक प्रकारनां पाप प्रपंचादिक करीने सारां सारां जोजन करी श, तोय पण पूर्वनी पेठे ते जिह्वाइंद्रि तृप्त थवानी नथी. अने जिह्वाइंद्रिनुं पोषण ठे, तेज सर्व इंद्रियोना पोषणनुं मूल ठे. एटले जेम वृक्षना मूलमां पाणी नांखीए, तो बधा वृक्षमां ते पाणी पसरे, तेम एक जिह्वाइंद्रिने ढूटी मूकवाथी बीजी इंद्रियो प्रयासे करीने जीती होय, ते [illegible] कुमार्गे चाले ठे. माटे नीतिशास्त्रमां कह्युं ठे के, "जितं सर्वं जिते रसे" एटले जेणे रसनाइंद्रिय जीती, तेणे सघली इंद्रियो जीती जाणवी. केम के, रसनेंद्रियने मोकली मूकवाथी मद्यमांसादिकने विषे पण प्रवृत्ति थाय ठे, अने तेथी विषयनी वृद्धि थाय ठे. तेणे करीने नरकादिकने विषे जवुं पडे ठे. त्यां पुर्वे कहेली क्षुधावेदनी सहन करवी पडे ठे. एटलाज माटे ग्रंथकारे क्षुधावेदनीना स्वरूपने विशेषे जणाववाने माटे फरीथी वर्णन कह्युं ठे. माटे तेथी पुनरुक्ति दोष समजवो नही. ॥ ६६ ॥

लना समूह जे ते पण (न तरिज्जा के०) न समर्थ थाय ! ॥ ६६ ॥

नावार्थ.—हे आत्मन्! नरक नवने विषे तने एवी क्षुधा उत्पन्न थइ हती के, आ जगत्मां रहेला जे घृतादिक सघला सारा सारा पुद्गलोवडे पण, ते क्षुधानी शांति थाय तेम नहोतुं. एवी क्षुधावेदनी तें परवशपणामां अनंतीवार सहन करी बे, माटे तने उपदेश करवानो एटलोज बे के, आज स्वाधीनपणामां एकासणुं करवुं, अथवा एक उपवास करवो, तेमां पण तने महोटो विचार थइ पडे बे. अने वली तुं एवुं बोले बे के, महाराथी संवत्सरीनो उपवास पण बनी शकवो कठण बे. कारण के, महाराथी तो एक घडिवार पण नूख्युं रहेवातुं नथी. एम कहीने अनेक प्रकारनां सारां सारां नोजन करावी जमे बे. परंतु हे मूढ जीव ! आखो जन्मारो थइने तें केटला मण घृतादिक मिष्ट पदार्थो खाधा हशे? तेनुं सुख लेशमात्र पण आज तने रह्युं नही. केम के, जो तुं तहारा हाथे तहारी जीन उपर हाथ फेरवी जो के, ते घृतादिक पदार्थोनी कांइ पण चिकाश जणाय बे? अर्थात् नथी जणाती. तेमज हवे

पूरी न थाय. ए प्रकारनो विचार करीने जे डाह्यो पुरुष वैराग्यने पामे छे, तेज पुरुष संसारने विषे मोह पामतो नथी. ॥ १ ॥

माटे हे आत्मन्! उपर कह्या प्रमाणे तुं अनंतीवार विषयो भोगवी चूक्यो छे, परंतु जे सुखनो तें एक वखत पण अनुभव नथी कर्यो, एवा आत्म सुखनी प्राप्तिने विषे उद्यम कर! ॥ ६५ ॥

आसीत् अनंतकृत्वः संसारेनरकभवे तव क्षुधापि तादृशी

आसी अणंतखुत्तो। संसारे ते छुहावि तारिसिया ॥

यां प्रशमयितुं सर्वः पुद्गलकायोपिघृतादिरपि न तीर्यात् न शक्नुयात्

जं पसमेउं सव्वो। पुग्गलकाउवि न तारिज्जा ॥ ६६ ॥

अर्थ.—रे जीव! (संसारे के०) नरक भवरुप संसारने विषे (ते के०) तने (तारिसिया के०) तेवा प्रकारनी (छुहावि के०) क्षुधा पण (अणंतखुत्तो के०) अनंतीवार (आसी के०) उत्पन्न थइ हती के, (जं के०) जे क्षुधाने (पसमेउं के०) शमाववाने (सव्वो के०) सर्व एवा (पुग्गलकाउवि के०) घृतादिरूप पुद्-

यत्पृथिव्यां व्रीहियवं । हिरण्यं पशवः स्त्रियः ॥
नालमेकस्य तत्सर्व । मिति पश्यन्न मुह्यति ॥ १ ॥

अर्थ—सघली पृथ्वीमां उत्पन्न थएली अनेक प्रकारनी डांगेर तथा अनेक प्रकारना घउं अने जव विगेरे सघलुं धान्य, जो एक जणने प्राप्त थाय, तो पण तेने धान्य संबंधनी तृष्णा पूरी न थाय. तेमज सघला जगत्मां रहेलुं हीरा, माणेक, मोती, सोनुं, रूपु विगेरे धन, एक पुरुषने प्राप्त थाय, तोपण ते पुरुषनी धन संबंधिनी तृष्णा पूरी न थाय. तेमज जगत्ने विषे जेटला हाथी, घोडा, उंट, बलद, गायो, नेंशो विगेरे चतुष्पद जीवो छे, ते जो एक जणने प्राप्त थाय, तोपण ते पुरुषनी चतुष्पद सबंधिनी तृष्णा पूरी न थाय. तेमज जगत्ने विषे रूपालीमां रूपाली देवांगनाउ तथा महोटा महोटा राजानी राणीयो तथा महोटा महोटा धनाढ्यनी स्त्रीयो जेवी के, अत्यंत लावण्यवाली, अत्यंत रूपवाली, अत्यंत गुणवाली अने सुंदर सुगंधीवाली एवी जवान स्त्रीयो जो एक पुरुषने प्राप्त थाय तोपण, ते पुरुषनी स्त्री संबंधि तृष्णा

तृष्णा अनंतकृत्वः संसारे तादृशी तव आसीन्नरके
तण्हा अणंतखुत्तो । संसारे तारिसी तुमं आसी ॥
यां तृष्णां प्रशमितुं सर्वोदधीनां उदकं न तारीकुर्यात् न समर्थं भवेत्
जं पसमेउं सव्वो । दहीणमुदयं न तिरीज्जा ॥६५॥

अर्थ.—हे जीव! (तुमं के०) तने (तण्हा के०) तृष्णा. अर्थात् तृषा (तारिसी के०) ते प्रकारनी (अणंतखुत्तो के०) अनंतीवार (संसारे के०) नरकरुप संसारने विषे (आसी के०) उत्पन्न थइ हती. (जं के०) जे तृषाने (पसमेउं के०) शमाववाने अर्थे (सव्वोदहीणं के०) सर्व समुद्रोनुं पण (उदयं के०) जल जे ते (तीरिज्जा के०) न समर्थ थाय !!!॥ ६५ ॥

आ प्रकारनो अर्थ प्रथम नरकनी वेदनामां कही गया छीए, माटे पुनरुक्ति दोषनुं निवारण करवा माटे आ प्रकारनो भावार्थ जाणवो. के, हे जीव! तने अनंती तृष्णा उत्पन्न थइ छे, ते तृष्णा शमाववाने माटे, सर्व समुद्रोना पाणीनां बिंदु जेटलां धनादिकवडे पण तहारी तृष्णा पूरी थाय तेम नथी. कह्युं छे के:—

प्राप्तः अनंतकृत्वः जीवः संसारकान्तारे

पत्तो अणंतखुत्तो । जीवो संसारकंतारे ॥ ६४ ॥

अर्थ.—(जीवो के०) जीव जे ते (संसारे के०) संसारने विषे (सारीरा के०) शरीर संबंधी (व के०) वली (माणसा के०) मन संबंधी (जावंति के०) जेटलां (केवि के०) कोइ पण (दुरका के०) दुःख छे, तेने (संसारकंतारे के०) संसाररूपी अटवीने विषे (अणंतखुत्तो के०) अनंतीवार (पत्तो के०) पाम्यो छे. एटले संसाररूप अटवीमां परिभ्रमण करतां आ जीव सर्व दुःख सहन करी आव्यो छे. ॥ ६४ ॥

भावार्थ.—आ संसारने विषे दुःख बे प्रकारनां छे. एक शरीर संबंधी रोगादिके करीने दुःख छे, अने बीजुं मन संबंधी इष्ट वस्तुना वियोगादिक थकी दुःख छे. ते सर्वे दुःख आ संसाररूप अटवीने विषे भ्रमण करतां, आ जीवे अनंतीवार भोगव्यां छे. ॥ ६४ ॥

अवतरीने कुंभाराव्कना हाथनां घणां डफणां खाइ आव्यो छे. वळी घोडा प्रमुखना अवतार धारण करीने घणा कोरडादिकना प्रहार सहन करी आव्यो छे. अने हाथी प्रमुख थइने अंकुशना प्रहार सहन करी आव्यो छे. वळी बलद प्रमुखना भवमां घणी परुणीनां आरोना प्रहार खाइ आव्यो छे. वळी मांकडां प्रमुखना भवमां घेरघेर शलामो करी नाचीने रोटलाना टुकडा पराणे पामवानुं कष्ट सहन करी आव्यो छे. वली बोकडा प्रमुखना भवमां मरणांतकष्ट सहन करी आव्यो छे. वली पोपट प्रमुखना भवमां पांजरादिकने विषे बंधनकष्टने सहन करी आव्यो छे. अर्थात् एवुं कोइ दुःख नथी के, जे दुःखने तें सहन नथी कर्युं!! ए प्रकारे अनंतीवार घोर महा भयानक दुःख तें सहन कर्यां छे. माटे हवे एवुं धर्मसाधन कर्य के, जेथी तेवां दुःख भोगववां पडे नही. ॥ ६२ ॥

यावंति कान्यपि दुःखानि शारीराणि मानसानि च संसारे

जावंति केवि दुक्खा । सारीरा माणसा वे संसारे ॥

एटले इंद्रियोए जेम जेम तने नचाव्यो, तेम तेम तुं नाच्यो, ने तेथी महा जया नक दुःखने पाम्यो; परंतु ते इंद्रियोने तें वश न करी. माटे ज्यारे त्यारे पण, ते इंद्रियोने वश करीने आत्मसाधनमां वर्त्तिश, त्यारेज तहारुं कल्याण थशे.॥६२

तिर्यग्गतिं अनुप्राप्तः भीममहावेदनाः अनेकविधाः

तिरियगइं अणुपत्तो । जीममहावेअणा अणेगविहा ॥

जन्ममरणारघट्टे अनंतकृत्वः परिभ्रांतः

जम्मणमरणारहट्टे । अणंतखुत्तो परिप्भमिउ ॥ ६३ ॥

अर्थ.—हे आत्मन्! तुं (तिरियगइं के०) तिर्यंच गतिने (अणुपत्तो के०) पाम्यो छे. त्यां (अणेगविहा के०) अनेक प्रकारनी (जीममहावेअणा के०) जयंकर एवी महोटी वेदनाउने सहन करतो सतो (जम्मण मरण रहट्टे के०) जन्म मरणरुप रहेंटने विषे (अणंतखुत्तो के०) अनंतीवार (परिभ्रमिउ के०) परिभ्रमण करी आव्यो छे. ॥ ६३ ॥

जावार्थ.—हे जीव! तुं तिर्यंच गतिने विषे गयो, त्यां आगल गधेडादिपणे

सूयगडांग सूत्रना प्रथम श्रुतस्कंधना पांचमां नरक विभक्ति अध्ययनने विषे जोइ लेज्यो.

देवत्वे मनुजत्वे पराभियोगत्वं उपगतेन

देवत्ते माणुअत्ते । पराभिओगत्तणं उवगएणं ॥

भीषणदुःखं बहुविधं अनंतकृत्वः समनुभूतं

भीसणदुहं बहुविहं । अनंतखुत्तो समणुभूअं ॥ ६२ ॥

अर्थ.—हे जीव! (देवत्ते के०) देव भवने विषे, तथा (मणुअत्ते के०) मनुष्य भवने विषे पराभिओगत्तणं के०)परतंत्रपणाने (उवगएणं के०) पाम्यो एवो तुं जे तेणे (बहुविहं के०) बहु प्रकारनुं (भीसणदुहं के०) भयानक दुःख जे ते (अणंतखुत्तो के०) अनंतीवार (समणुभूअं के०) अनुभव कर्युं छे. ॥ ६२ ॥

भावार्थ.—हे आत्मन्! विशेष ज्ञानवंत एवा देव भवने विषे, तथा मनुष्य भवने विषे पण, स्वतंत्रपणुं मूकीने परतंत्रपणा वडे, एटले परवशपणे रहीने, अर्थात् इंद्रियोने वश थइने, महामहा कष्ट अनंतीवार भोगव्यां छे.

वार प्रमुख शस्त्रवडे करीने, ते नारकीना जीवने घर्षण करे, तोपण ते नारकीना जीवनी खरज मटे नहीं. ॥ ५ ॥ तेवी रीते अनंती परवशपणानी वेदना एटली बधी छे के, आखा जगत्ना परवशपणानी वेदना एकठी करीए, तोपण तेना बरोबर न थाय. ॥ ६ ॥ तेवी रीते ज्वर ॥ ७ ॥ दाह ॥ ८ ॥ भय ॥ ए ॥ अने शोक ॥ १० ॥ ए चारनी वेदना आखा जगत्नी एकठी करीए, ते थकी पण एकेक वेदना अनंतगुणी जाणवी. आवी अनंतगुणी वेदनाउ, सात व्यसननो सेवनार प्रमुखने जोगववी पडे छे. जेम के, कोइए परस्त्री संग कस्यो होय, तेने त्यां (नरकमां) तेज स्त्रीना आकार जेवी लोढानी पुतली बनावीने, अने तेने अग्निवडे सारी पेठे लालचोल धखधखती करीने, ते स्त्रीनी साथे ते परमाधर्मियो अनेकवार ते पुरुषने बलात्कारे आलिंगन करावे छे. इत्यादिक नरकने विषे अनंतगुणी वेदना शास्त्रमां कही छे. तेने विचारीने हे मंदमते! कांइक तो पाप करतां पाछो हसख्य! ॥ ६१ ॥

आ नरकनां दुःखना अधिकारने विशेषे जाणवानी मरजी होय तो श्री

अपली एवीयो, अने (बहुविहाउ के०) बहु प्रकारनी (वेअणाउ के०) वेदनाउ जे ते (अणंतखुत्तो के०) अनंतीवार (पत्ता के०) पाम्या छे. अर्थात् तुं नोगवी चूक्यो छे. ॥ ६१ ॥

जावार्थ.—हे आत्मन्! तें बीजी गतियोमां तो अनेक प्रकारनां डुःख जोगव्यां, परंतु रत्नप्रजादिक नरकोनां डुःख तो कही शकाय तेवां छेज नही! केम के, तेने विषे अनंती शीत वेदना. ॥ १ ॥ तेमज अनंती उष्ण वेदना, एटले आपणे अहिंना आकरा धखधखता खेरना अंगारा होय, तेना उपर ते उष्ण वेदनीवाला नारकीना जीवने सुवाडे, तो तेने घणीज निद्रा आवी जाय. ॥ २ ॥ तथा एवीज रीतनी अनंती क्षुधा वेदना, एटले जगत्मां रहेला सर्व घृतादिक पुजलो ते नारकीना जीवने खवरावीए, तोपण तेनी क्षुधा पूरी न थाय. ॥ ३ ॥ तेमज अनंती तृषा वेदना, एटले जगत्मां रहेला सर्व समुद्रोनां पाणी ते नारकीना जीवने पाइए, तोपण ते नारकीना जीवनी तृषा छीपे नही. ॥ ४ ॥ तेमज अनंती खरज वेदना, एटले अनेक प्रकारनां तर-

॥ अनुष्टुप्वृत्तम्. ॥

अवमानात्परिभ्रंशाद्वधबन्धधनक्षयात् ॥
प्राप्ता रोगाश्च शोकाश्च जात्यन्तरशतेष्वपि ॥ १ ॥

अर्थ—अपमानथी, तथा ऊंची पदवीथी पडवाथी, तथा वध बंध अने धननो क्षय ते थकी शैकडो जातिमां रोग ने शोक, आ जीवे जोगव्यां छे. ॥१॥ आ अधिकार संबंधी श्रीआचारांगजी सूत्रमां विशेष प्रकारे कह्युं छे, त्यांथी जोइ लेवुं.

नरकेषु वेदनाः अनुपमाः असातप्रभुर्बहुलयासुनाः
नरएसु वेअणाउ । अणोवमाउ असायबहुलाउ ॥

रेजीव त्वया प्राप्ताः अनंतकृत्वः बहुविधाः
रेजीव तए पत्ता । अणंतखुत्तो बहुविहाउ ॥ ६१ ॥

अर्थ.—(रे जीव के०) हे जीव! (तए के०) ते (नरएसु के०) रत्नप्रभादिक सात नरकने विषे (अणोवमाउ के०) उपमा रहित एवीयो (असायबहुलाउ के०) दुःखे करीने भरेली एवीयो, एटले अशाता वेदनीय कर्मथी उत्पन्न

जीवनां जोखम थाय छे, तथा ते खातां पण कडवुं झेर जेवुं लागे छे. तथा दे खातुं पण काला ठीकरा जेवुं खराब देखाय छे, अने तेनी सुगंध पण अत्तर चंदन जेवी उत्तम नथी. तथा तेना (अफिणना) खावाथी लोकमां पण आबरु इज्जतनो घटाडो देखाय छे. तथा ते खावाथी कांइ उत्तम रसायण जेवो गुण नथी थतो. एटलुंज नही, परंतु शरीर पण खराब थतुं देखाय छे. वली ते अफिण न मलवाथी कोइ वखत टांटिया घशीने मरवा वखत पण आवे छे. इत्यादिक अफिणना अनेक प्रकारना अवगुण जाणे छे, देखे छे, अने अनुभवे छे; तोपण तेने मूकी शकतो नथी तेनुं कारण कांइक अभ्यास अने कुसंग विना बीजुं जणातुं नथी. तेम आ जीवने पण अनादिकालना अभ्यासथी तथा विषयी जीवोनी सोबतथी, आ पंच प्रकारनां विषयसुखमां दुःख छे, एम जाणे छे, देखे छे, तथा अनुभवे छे, तोपण अफिणना व्यसननी पेठे सारुं मानी बेठो छे. तेथी एने अनेक प्रकारनां नीचां उंचां रूप करी आ संसारने विषे नाटक करवुं पडे छे. वली शास्त्रमां कह्युं छे केः—

केo) कोइ प्रकारनो (निअमो केo) नियम जे ते (नवि केo) नथीज. केम के, (सकम्म केo) पोतानां ज्ञानावरणीयादिक जे जे कर्म, तेनी (विणिविठ केo) विनिवेश एटले प्रकृति, स्थिति, अनुभाग अने प्रदेश ते रूप जे रचना, तेना (सरसि केo) सरखी (कयचिठ्ठो केo) करी छे चेष्टा ते जेणे, एटले देवादिक पर्याय रूपनो अध्यास (आश्रय)रूप व्यापार ते जेणे एवो सतो (नडुव केo) नटनी पेठे (अन्नुन्न केo) अन्य अन्य छे (रूववेसो केo) रूप अने वेश ते जेनो एवो (जीवो केo) जीव जे ते (परिअत्तए केo) पर्यटन करे छे. ॥ ६० ॥

भावार्थ.—हे आत्मन् ! तुं चौदराज लोकरूप चौटामां, राजा प्रजादिक-रूपे स्त्री पुरुषोना वेश लइने, नटुआनी पेठे अनेक प्रकारे निष्फल नाच्यो, पण तेमांथी तने कोइ प्रकारनो अविनाशी सरपाव मल्यो नही. उलटो च्यार गतिमां भ्रमण करवारूप सरपाव मल्यो, तोपण ते भ्रमण करवाना अभ्यास थकी निवृत्ति पामतो नथी. जेम कोइ अफिण प्रमुखनो व्यसनी होय, ते व्यसनी ते अफिणने एम जाणे छे के, आ अफिण खावाथी घणा माणसोना

स्वामी दासः पूज्यः खल इति अधनः धनपतिरिति

सामी दासो पुज्जो । खलोत्ति अधणो धणवइत्ति ॥५९॥

नापि अत्र कोपि नियमः स्वस्वकर्मविनिवेशसदृशकृतचेष्टितः

नवि इत्थ कोइ नियमो । सकम्मविणिविठ्ठसरिसकयचिठ्ठो ॥

अन्यान्यरूपवेषः नटवत् परावर्त्तते जीवः

अन्नुन्नरूववेसो । नडुव्व परिअत्तए जीवो ॥६०॥ युग्मम् ॥

अर्थ.—हे जीव ! तुं केटलीएक वखत (राउत्ति के०) राजा ए प्रकारे थयो. (य के०) वली (दमगुत्ति के०) भीखारी ए प्रकारे थयो. (य के०) वली (एस के०) एज तुं (सवागुत्ति के०) चंडाल ए प्रकारे थयो. वली (एस के०) एज तुं (वेयविऊ के०) वेदनो जाण थयो. वली (सामी के०) स्वामी थयो. अने (दासो के०) दास थयो. (पुज्जो के०) पूज्य थयो. अने (खलोत्ति के०) खल ए प्रकारे थयो. वली (अधणो के०) निर्धन थयो. अने (धणवइत्ति के०) धनपति ए प्रकारे थयो. ॥ ५९ ॥—(इच्छ के०) एमां: एटले पूर्वे कह्युं तेमां (कोइ

वेश नजव्यो, त्यारे एवुं विचार्युं के, जगत्मां महारा जेवो कोइ सुखीयो नथी. तथा कोइक वखत नारकीनो वेश नजव्यो, त्यारे एवुं विचार्युं के, जगत्मां महारा जेवो कोइ दुःखीयो नथी. तथा कोइक वखत तिर्यंचनो वेष नज-व्यो, त्यारे एवुं विचार्युं के, जगत्मां महारा जेवुं कोइने पराधीनपणानुं दुःख नथी. वली कोइक वखत मनुष्यनो वेष नजव्यो, त्यारे एवुं विचार्युं के, जग-त्मां कोइ महारा जेवो श्रेष्ठ बुद्धिवालो नथी. एमज कोइक वखत पोताना पुद्गलना रूपनो अहंकार कर्यो के, महारा जेवो जगत्मां कोइ रूपालो नथी. तथा ज्यारे कुरूपवान् थयो, त्यारे एवुं विचार्युं के, महारा जेवो जगत्मां कोइ कुरूपवान् नथी. एम मांकडानी पेठे कोइ वखत सुखी थइने नाच्यो, अने कोइ वखत दुःखी थइने नाच्यो. माटे हे आत्मन्! ए सर्वे वेशने असत्य जाणीने, फरीथी तेवा वेश धारण करवा पडे नहीं, तेवो उद्यम कर. ॥ ५० ॥

राजा इति च द्रमकोरंक इति च एपः श्वपाक इति एपः वेदावित्
राजेत्ति य[2] द्रमगेत्ति य[4]। एस सवागुत्ति एस वेयविऊ ॥

रूपीरूपवान् च विरूपः सुखभागी दुःखभागी च

रूववंस्सी य विरूवो । सुहन्नागी डुरकन्नागी य ॥५८॥

अर्थ.—हे जीव! तुं केटलीएक वखत (देवो के०) देव थयो ले, तथा (नेरइउ के०) केटलीएक वखत नारको ए प्रकारे थयो ले, (य के०) वली (कीड के०) केटलीएक वखत कृमियादिक कीडो थयो ले, तथा (पयंगुत्ति के०) केटलीएक वखत पतंगियो ए प्रकारे थयो ले. वली (माणुसो के०) केटलीएक वखत मनुष्य थयो ले. वली (एसो के०) एज तुं (रूववस्सी के०) केटलीएक वखत रूपवंत थयो ले. (य के०) वली एज तुं (विरूवो के०) केटलीएक वखत कुरूपवंत थयो ले. (य के०) वली (सुहन्नागी के०) केटलीएक वखत सुखनो जोगवनारो थयो ले. अने वली (डुरकन्नागी के०) केटलीएक वखत डुःखनो जोगवनारो पण थयो ले.

जावार्थ.—आ जीवे नटवानी पेठे जूदां जूदां रूपे करीने आ संसाररूपी रंगजूमिमां अनेक प्रकारनां नाटक कर्यां ले. जेम के, कोइक वखत देवतानो

कुलनुं, तथा पोताना उत्तम वर्णनुं, इत्यादिक अभिमानने धारण करतो जो इने, गुरु उपदेश करे छे. के, हे शिष्य! तुं मिथ्या अभिमान शुं करवा करे छे? परंतु तुं विचार कर के, आ संसारमां भ्रमण करतां केटलीएक वखत तुं पर्वतने विषे पत्थररूपे थइ आव्यो छे, तथा केटलीएक वखत पर्वतनी गुफामां पण सिंहादिक पशुरूपे थइ आव्यो छे, तथा केटलीएक वखत समुद्रने विषे जलजंतु रूपे थइ आव्यो छे, तथा केटलीएक वखत वृक्षोना अग्रभागमां कागडा प्रमुख पक्षिरूपे निवास करी आव्यो छे. इत्यादिक घणीक जग्याए निवास करी आव्यो छे. माटे तहारुं कीयुं एक निवासस्थल छे? अर्थात् एक पण छे काणे निवास करवाना स्थाननो तहारो निश्चय नथी. तोपण महारुं महारुं करीने मिथ्या अभिमान शुं करवा करे छे? ॥ ८७ ॥

देवः नैरयिकः इति च कीटः पतंगः इति मानुषः एष

देवो नेरइउ त्ति यं। कीड पयंगु त्ति माणुसो एसो ॥

वसितं गिरिषु उषितं कंदरासु उषितं समुद्रमध्ये

वसियं गिरीसु वसियं । दरीसु वसियं समुद्दमज्झंमि ॥

वृक्षाग्रेषु च उषितं संसारे संसरता कदाचित्

रुक्खगेसु य वसियं । संसारे संसरंतेणं ॥ ५७ ॥

अर्थ.—हे आत्मन्! (संसारे के०) संसारने विषे (संसरंतेणं के०) पर्यटन
करतो थको जे तुं, तेणे (गिरीसु के०) पर्वतोने विषे (वसियं के०) निवास कर्यो
छे. तथा (दरीसु के०) पर्वतोनी गुफाने विषे पण (वसियं के०) निवास कर्यो
छे. तथा (समुद्दमज्झंमि के०) समुद्रनी मध्ये (वसियं के०) निवास कर्यो
छे. (च के०) वली क्यारेक (रुक्खगेसु के०) वृक्षना अग्रने विषे (वसियं के०)
निवास कर्यो छे. अर्थात् पूर्वे कहेला सर्व स्थानकोमां तुं अनंतीवार निवास
करी आव्यो छे. माटे तहारुं निवासस्थान एक ठेकाणे नथी. ॥ ५७ ॥

भावार्थ.—कोइ शिष्यने पोताना देशनुं, तथा पोताना गामनुं, तथा पो-
ताने रहेवानी ईमारतनुं, तथा पोतानी उत्तम जातिनुं, तथा पोताना प्रसिद्ध

अर्थ.—(अणाहो के०) अनाथ एवो, (जीवो के०) जीव जे ते (धणधन्नाहरणाइं के०) धन, धान्य, अने आन्नरणोने तथा (घरसयणकुडुंब के०) घर, स्वजन, अने कुटुंब जे तेमने (मिल्लेवि के०) मूकीने पण (कम्म वाय हन्न के०) कर्मरूप वायुए करीने हणायो सतो (डुम्मस के०) वृक्षना (पुप्फं व के०) पुष्पनी पेठे (जाइ के०) जाय छे. अर्थात् हेठे पडे छे. ॥ ५६ ॥

न्नावार्थ.—जेम वायुथी पराधीन थयेलुं पुष्प, थोडीवारमां नीचे पडी जाय छे, तेम आ जीव पण कर्मे प्रेर्यो सतो धन, धान्य, कुटुंब परिवार, घर, हाट, हवेली अने महोटी महोटी ईमारतो, तथा सारां सारां घरेणां इत्यादिक साह्यबी मूकीने, अनाथ एटले रांक जेवो थइने, नरकादिक दुर्गतिने विषे जाय छे. त्यां गया पछी पूर्वे कहेली कोइ पण वस्तु ते जीवने खप लागती नथी. माटे हे जीव! परिणामे जे वस्तु तहारी साथे नथी आवती, तेवी वस्तु उपरथी मोह ममत्वनो त्याग करीने, जे परन्नवने विषे साथे आवीने सुख करे छे, तेवा ज्ञानदर्शन चारित्रादिक धर्मनुं आराधन करवु. ॥५६॥

ऋिवंत पण मरीने तिर्यंच गतिने विषे अथवा पृथ्वीआदिकमां जडपाषाण पणे उत्पन्न थाय छे! आ शुं छेछुं आश्चर्य छे!! तथा छ खंडना भोक्ता, तथा चोसठ हजार स्त्रीयोना पति, तथा चोराशी लाख हाथी, चोराशी लाख घोडा, चोराशी लाख रथ, अने छन्नुक्रोड पायदल, वली नव निधान, अने चौदरत्न तथा सोल हजार जक्ष तथा बत्रीस हजार मुकुटबंध राजा इत्यादिक, रात्री दिवस जेनी सेवामां रह्या छे, एवा चक्रवर्त्ती राजा पण मरीने नरकनी ज्वालामां उत्पन्न थाय छे!! त्यां ते चक्रवर्त्तिने परमाधर्मी, महा वेदना उपजावे छे. अहो! हो!! आ ते शुं थोडी आश्चर्यकारक वार्त्ता छे!!! ॥५५॥

याति अनाथः जीवः द्रुमस्य पुष्पं इव कर्मएववातस्तेनहतः

जाइ अणाहो जीवो । दुम्मस पुप्फं व कम्मवायहउ ॥

धनधान्याभरणानि गृहस्वजनकुटुंबं मुक्त्वापि

धणधन्नाहरणाइं । घरसयणकुटुंब मिल्लेवि ॥ ५६ ॥

धिक्धिक्धिक् संसारं देवः मृत्वा यत् तिर्यक् जायते

धी धी धी संसारं । देवो मरिऊण जं तिरी होइ ॥

मृत्वा राजराजाश्चक्रवर्तिनः परिपच्यन्तेऽनएव नरकज्वालाग्निः

मरिऊण रायराया । परिपच्चइ निरयजालाए ॥५५॥

अर्थ–(जं के०) जे कारण माटे (देवो के०) देव जे ते (मरिऊण के०) मरण पामीने (तिरी के०) तिर्यंच (होइ के०) थाय छे ! अर्थात् देवता मरीने तिर्यंचमां तथा पृथ्वीआदिकमां उत्पन्न थाय छे ! अने (रायराया के०) राजाना पण राजा जे चक्रवर्त्ती, ते (मरिऊण के०) मरण पामीने (निरयजालाए के०) नरकनी ज्वालावडे करीने (परिपच्चइ के०) अतिशे पचाय छे! माटे (संसारं के०) ते संसारने (धी धी धी के०) धिक्कार थाओ! धिक्कार थाओ!! धिक्कार थाओ!!! इहां अतिशे धिक्कार जणाववाने माटे त्रण वखत धिक्कार कह्यो छे. ॥ ५५ ॥

भावार्थ.–कोइने एकवार धिक्कार! कोइने बे वार धिक्कार!! पण आ संसारने तो त्रणवार धिक्कार कह्यो. तेनुं कारण ए छे के, देवता सरखा महा ऋ-

नथी. (ते के०) तेवा (वराया के०) रांक पुरुषो जे ते. एटले अज्ञान कष्टने करनारा पुरुषो जे ते (मरणंमि के०) मरण (समुवठियंमि के) प्राप्त थये सते (पछा के०) पछी (सोअंति के०) शोक करे छे. के अरेरे! आपणे कांइ पण धर्म साधन कर्या विना परलोकने विषे क्यांथी सुखी थइशुं!! इत्यादिक घणोज पश्चात्ताप करे छे. ॥ ५४ ॥

भावार्थ—हे जीव ! जेवी जोइए तेवी तने धर्मसाधन करवानी सामग्री मली, तोपण कुगुरुना उपदेशथी जिनआज्ञा रहित अनेक प्रकारनां अज्ञान कष्ट करी, आ लोक तथा परलोक ए प्रकारे बे लोकनुं सुख हारी गयो. केम के, लोकमां मनावा पूजावाना अहंकारथी, समज्या विना अज्ञान कष्ट कर्यां, तेथी परलोकमां तने घणोज पश्चात्ताप थशे. माटे थोडुं पण जिनआणा सहित धर्मसाधन करवामां प्रमाद रहित था. अर्थात् *पांच प्रकारना प्रमादना वशथी विराम पामीने जलदीथी धर्मसाधन करय. ॥ ५४ ॥

---

* १ मद, २ विषय, ३ कषाय, ४ निद्रा, अने ५ विकथा.

वलोके गयो. शशिप्रत्न घणोज पश्चाताप पाम्यो. पण ते पश्चाताप कांइ काम आव्यो नही. तेम जे प्राणी चिंतामणी रत्न समान मनुष्यत्नव पामीने जिनधर्म नहि करे, ते प्राणी शशिप्रत्न राजानो पेठे महा शोचनाने पामशे !! अने जे प्राणी शूरप्रत्न राजानी पेठे प्रमाद मूकीने, जलदीथी धर्मसाधन करशे, ते प्राणी मोक्ष देवलोकनां सुख पामशे. एवुं जाणी, प्रमाद मूकीने धर्मसाधन करवुं. ए उपदेश.

शोचंति ते वराकाः पश्चात् समुपस्थिते मरणे
सोअंति ते वरांया । पछा समुवंठियंमि मरणंमि ॥

पापप्रमादवशेन न संचितः यैः जिनधर्मः
पावपमायवसेणं । नं संचियो जेहिं जिणधम्मो ॥८४॥

अर्थ.—(जेहिं के०) जेमणे (पावपमायवसेणं के०) पापरूप प्रमादना वशे करीने (जिणधम्मो के०) जिनधर्म जे ते (न संचियो के०) पोताना आत्माने विषे नथी संचय कर्यो. अर्थात् पोताना आत्मामां जिनधर्म बरोबर ठसाव्यो

पछी घणां तप जप करी अंते अनशन करी, समाधिसहित काल करीने पांचमा ब्रह्मदेवलोकने विषे देवतापणे उपन्या. हवे शशिप्रभराजा राज्य भोगवी, *सात व्यसन सेवी मरीने त्रीजी नरकने विषे नारकीपणे उपन्यो. हवे शूरप्रभ देवताये अवधिज्ञानना बले करी जोयुं, त्यारे पोताना भाई शशिप्रभने त्रीजी नरकने विषे दीठो. देखीने विचार्युं के, एणे महारुं कहेलुं न मान्युं, माटे नारकी थयो, ने घणुं दुःख भोगवे छे. तोयपण हुं ते दुःख टालुं. एम धारी ते देवता मोहनो लीधो नरकावासामां आव्यो. आवीने पोताना भाईने घणो घणो ताणवा मांड्यो, तेम तेम ते घणीज वेदना पामवा लाग्यो. पछी देवता कहे के, भाई ! तें महारुं कहेवुं न मान्युं, भूंडा में तने घणुंए कह्युं हतुं, तोपण तुं समज्यो नही. माटे हवे शुं करीश? त्यारे ते नारकी कहे. हे भाई ! हवे शुं करुं ? पछी शूरप्रभ देव, परमाधार्मिने भलामण दइ पाछो दे-

---

* १ जुगटु, २ मांसभक्षण, ३ सुरापान, ४ वेश्यागमन, ५ आहेडीकर्म (मृगयाकरवी) ६ चोरीकरवी, ७ परस्त्रीसेववी.

नथी. त्यारे शशिप्रभे कह्युं के, श्यामाटे त्हारे राज्यनो खप नथी? त्यारे शूरप्रभे कह्युं. हे भाई! राज्यने छेडे नरक पामीए. माटे म्हारे राज्यनो सर्वथा प्रकारे खप नथी. त्यारे शशिप्रभे कह्युं. भाई! मनुष्यभव पामीने एले शुं करवा गमावे छे? ए सर्वे बालकने बिहामणरूप करी मूक्युं छे. माटे खानु, पीउं, वावरो. काया बालवाथी हाथमां शुं आवशे? कोण जाणे परलोक छे के नथी! अने प्रत्यक्ष सुख मूकीने परोक्ष सुखने शुं करवा वांछे छे. माटे हे भाई! म्हारुं कहेवुं मानीने आ राज्य भोगवो. परंतु उतावला थइने जो संसार मूकशो, तो पछीथी घणोज पश्चात्ताप करशो! अने वली पछी तमे कहेशो के, भाईए कह्युं नहोतुं. माटे हालमां सांसारिक सुख भोगवीने पछी वृद्धावस्थामां संयम लेज्यो. एवी रीते शशिप्रभे कह्युं. त्यारे शूरप्रभ कहेतो हवो. अरे भाई! ए तमे शुं कह्युं? ॥ धर्मस्य त्वरिता गतिः ॥ एटले धर्म तो प्रमाद मूकीने जलदीथीज करवो. माटे आ राज्य ल्यो. एवी रीते कहीने बलात्कारे पोताना भाईने राज्य आपी शूरप्रभ राजाये श्रीगुरु-पासे जइ दीक्षा लीधी.

जन्म मरण थाय छे; माटे जे गृहस्थाश्रममां रहेवुं, ते केवल क्लेशरूप छे. अर्थात् उंटना उपर बेसवा जेवो गृहस्थाश्रम छे. एटले जेम उंटनां अढारे वांकां होय छे, तेम गृहस्थाश्रम वालाने अनेक प्रकारनां वांकां आवी पडे छे, पण कोइ वातनुं पांशरुं पडतुं नथी. एटले गमे तेवी कठण कम्मर बांधीने दृढपणे उंट उपर बेठो होय, तोपण ते पुरुष हाल्या विना रहे नहि. तेम सुझे तेवो खबरदार, संसारमां कहेवातो होय तोपण तेने कोइ प्रकारनुं लांछन (पाप) लाग्या विना रहे नही. अने लक्ष्मी पण स्वभावे चंचल छे, अने खल छे. एटले छेतरनारी छे. अने वैरी एवो काल जे ते, स्वेछाचारी छे. एटले पोतानी मरजीमां आवे ते वखते जीवने पकडीने लेइ जाय छे; माटे आ भवमां उत्कृष्ठ आत्मानुं हित करवुं घटे छे. एटले परलोकमां हितकारी एवुं धर्मसाधन करवुंज योग्य छे. ॥ १ ॥

इत्यादि धर्मदेशना सांभली बन्ने भाई घेर आव्या. घेर आवीने शूरप्रभ पोताना भाई शशिप्रभ प्रत्ये कहेतो हवो. हे भाई! महारे राज्यनो खप

धर्मदेशना दीधी. जेम के.—

॥ शिखरिणीवृत्तम् ॥

सदापायः कायः, प्रणयिषु सुखं स्थैर्यविमुखं ।
महारोगा भोगाः, कुवलयदृशः सर्पसदृशः ॥
गृहावेशः क्लेशः, प्रकृतिचपला श्रीरपि खला ।
यमः स्वैरी वैरी, परमिह हितं कर्तुमुचितम् ॥ १ ॥

अर्थ—आ शरीर निरंतर अपायरूप छे. एटले कष्टरूप, दोषरूप, अने पापरूप एवुं महामलिन आ शरीर छे. तथा स्नेहिनुं सुख पण अस्थिर छे. एटले स्थिरताये करीने रहित छे. अर्थात् ते क्षणमात्रमां स्नेही पण थाय छे, अने तेज स्नेही क्षणमात्रमां वैरी पण थाय छे. अने विषयभोग जे ते, महा रोगरूप छे. एटले विषयभोगथी अनेक प्रकारना रोग उत्पन्न थाय छे. अने स्त्रीयो जे ते, सर्प समान छे. एटले जेम सर्प करडे, ने झेर चडे, ने प्राणनो नाश थाय. तेम स्त्रीना संसर्गथी विकार उत्पन्न थाय छे, अने तेथी अनेकवार

के०) परलोकने विषे तुं (सुबहु के०) अतिशे घणुं (विसूरिहिसि के०) खेद पामीश. अर्थात् घणोज पश्चात्ताप करीश. ॥ ५३ ॥

भावार्थ.–हे आत्मन्! सर्व सुखनी प्राप्तिनुं कारण एवा जैनधर्मने पामीने, केवल प्रमाद दोषथीज, ते धर्मनुं सेवन तें कर्युं नही. माटे तुं तहारी मेलेज तहारा आत्मानो महोटो शत्रु थयो. एटले आत्मानी हत्या करनारो थयो. माटे तुं मरण पामीने परलोकमां शशिप्रभराजानी पेठे घणोज शोक करीश. ॥ ५३ ॥ ते शशिप्रभराजानी कथा नीचे प्रमाणे जाणवी.

कथा ६ ठी.

सावत्थी नगरीने विषे सूरप्रभ, अने शशिप्रभ एवे नामे बे भाई राज्य भोगवता हता. तेवामां एकदा समयने विषे, ज्ञानी गुरु श्री धर्मघोषसूरि नगरीनी बहार उद्यानने विषे पधार्या. वनपालके जइ राजाने वधामणी दीधी. राजाये वनपालकने घणुं द्रव्य आप्युं. पछी बे बांधव, श्री गुरु पासे गया. त्यां विधिपूर्वक वंदन करी उचित स्थानके बेठा. गुरुए पण अवसर जाणी

भावार्थ.—हे आत्मन्! तुं जिनराजनो धर्म पाम्या पछी निश्चय अने व्यवहार ए बे प्रकारे ते धर्मनुं करवुं, ते मूकी दइने, उलटो तेने बदले जेथी फरीथी पण संसाररूप आंधला कूवामां पडाय, एवा निद्रा विकथादिक प्रमादने केम सेवे छे? केम के, मनुष्यनो भव, अने श्री जिनधर्मनी प्राप्ति, ए बेनो योग मलवो तो चिंतामणी रत्ननी पेठे महा दुर्लभ छे. ॥ ५२ ॥

उपलब्धः जिनधर्मः नच अनुचीर्णं सेवितः प्रमाददोषेण

उवलद्वो जिणधम्मो । नय अणुचिण्णो पमायदोसेण ॥

हा इति खेदे हे जीव हे आत्मवैरिन् च सुबहु परतोऽग्रे खेत्स्यसे शोचिष्यसे

हा जीव अप्पवेरि अ । सुबहुं परत्र पिसूरिहिसि ॥५३॥

अर्थ.—(जीव के०) हे जीव! दैवयोगथी (जिणधम्मो के०) जिनधर्म जे ते (उवलद्धो के०) पाम्यो. परंतु (पमायदोसेणं के०) आलस्यादिक दोषे करीने (अणुचिण्णो के०) सेव्यो (नय के०) नथी. (हा के०) आ घणी खेदकारक वार्त्ता छे. (अ के०) वली (अप्पवेरि के०) हे आत्माना वैरिन्! (परत्र

ते ते सुखनी प्राप्ति आ धर्म वडेज मलशे. एवा धर्मने पामीने विषय कषायने छांडवामां दिन दिन प्रत्ये उद्यम करव. के, जेथी मनुष्यजव अने जिनधर्म ए बे पामवानुं सफलपणुं थाय. ॥ ५१ ॥

प्राप्तेऽपि तस्मिन् रे जीव करोषि !!! प्रमादं त्वं तं एव
पत्तेवि तंमि रे जीव । कुणसि पमायं तुमं तयं चेव ॥

येन भवांधकूपे पुनरपि पतितः दुःखं लप्स्यसे
जेणं भवंधकूवे । पुणोवि पमिर्ज दुहं लहसि ॥ ५२ ॥

अर्थ.—(रे जीव के०) हे जीव! (तंमि के०) ते जिनराजनो धर्म (पत्तेवि के०) पामे सते पण (तुमं के०) तुं (जेणं के०) जेणे करीने (पुणोवि के०) फरीथी पण (भवंधकूवे के०) संसाररूप कूवाने विषे (पडिज के०) पड्यो सतो (दुहं के०) दुःखने (लहसि के०) पामीश (तयं के०) ते प्रकारना एटले संसाररूप अंध कूवामां फरीथी नांखे एवा (पमायं के०) प्रमादने एटले निद्रा विकथादिकने (चेव के०) निश्चे (कुणसि के०) केम करे छे? ॥ ५२ ॥

नि:सृत्य कथमपि ततः प्राप्तः मनुजत्वमपि रे जीव
निहरीअ कहवि पत्तो । तत्तो मणुअत्तणंपि रे जीव ॥
तत्रापि जिनवरधर्मः प्राप्तः चिंतामणिसदृक्
तह्विव जिणवरधम्मो । पत्तो चिंतामणिसरिछो ॥ ५१ ॥

अर्थ.—(रे जीव के०) हे जीव ! तुं (कहवि के०) कोइ महा कष्टे करीने पण (तत्तो के०) ते निगोदथकी (निहरीअ के०) निकलीने (मणुअत्तणंपि के०) मनुष्यपणाने (पत्तो के०) पाम्यो छे. (तह्वि के०) तेमां पण (चिंतामणिसरिछो के०) चिंतामणि रत्न सरखो (जिणवरधम्मो के०) जिनवरनो धर्म जे ते (पत्तो के०) प्राप्त थयो छे. ॥ ५१ ॥

भावार्थ.—हे आत्मन् ! तुं अनेक प्रकारनी अकाम निर्जराए करीने तथा निगोदनी भवस्थिति पुरी करीने अने महाकष्टे करीने, महा दुर्लभ एवा मनुष्यभवने पाम्यो. तेमां पण सकल वांछाने पूरण करनार माटे चिंतामणी रत्न समान श्री जिनधर्म, तेने तुं पाम्यो छे. एटले तुं जे जे सुखनी इच्छा करीश,

तस्मिन्नरकाधिके अपि निगोदमध्ये उषितः रे जीव विविधकर्मवशात्
तंमि वि निगोअमझे । वसिउ रेजीव विविहकम्मवसा ॥
विषहमाणः तीक्ष्णदुःखं अनंतान् पुद्गलपरावर्त्तान् यावत्
विसहंतो तिरकदुहं । अणंतपुग्गलपरावत्ते ॥ ५० ॥

अर्थ.—(रे जीव के०) हे जीव! (विविहकम्मवसा के०) नाना प्रकारना कर्मने वशे करीने (तंमि के०) ते (निगोअमझे के०) निगोदनी मध्ये (वि के०) पण (अणंतपुग्गलपरावत्ते के०) अनंत १पुद्गलपरावर्त्त काल सुधी एटले अनंता सूक्ष्म क्षेत्र पुद्गल परावर्त्त काल पर्यंत, तुं (तिरकदुहं के०) तीक्ष्ण दुःखने (विसहंतो के०) सहन करतो सतो (वसिउ के०) रह्यो छुं. ॥ ५० ॥

भावार्थ.—तेवां दुःखने आ जीवे ज्ञानावरणादिक कर्मना वश थकी अनंतीवार भोगव्यां छे. माटे हवेथी तेवां दुःखो न भोगववां पडे, तेवा उद्यममां तत्पर थवुं. ॥ ५० ॥

---

१ पुद्गलपरावर्त्तनुं स्वरूप आगल कहीशुं.

शी रीते रहे ठे? ते जणावीए ठीए. एक सूईना अग्रनाग उपर रहे तेटली कंदमूलनी कली होय, तेमां असंख्याती श्रेणी रहे ठे. ते एकेकी श्रेणीमां असंख्याता प्रतर ठे. ते एकेका प्रतरमां असंख्याता गोला ठे. ते एकेका गोलामां असंख्यातां शरीर ठे. ते एकेका शरीरमां अनंता जीव ठे. एवी रीते निगोदना जीवने रहेवानुं स्थान घणुं सांकडुं ठे. ते उपर एक स्थूल दृष्टांत कहीए ठीए. जेम कोइ लाख औषधियोने नेगी करीने तेने घणा दिवस सूधी खलमां घुंटावीने, पठी तेनी राइना दाणा जेवडी गोलीयो वाली. तेमां जे रीते लाख औषधियोनो समावेश थयो, ते रीते एक शरीरमां अनंता जीव रहेला ठे. ते निगोदना जीव, एक मुहूर्त्तमां पांसठहजार पांचशें ने ठत्रीश नव करे, अने एक श्वासोश्वासमां सत्तरथी कांइक अधिक नव करे ठे. एवी रीते निगोदमां जन्म मरणनां डुःख ठे. के, ते डुःखनी उपमाज नथी! ते आश्रयीने निगोदने विषे नरकनां डुःखथी अनंतगुण डुःख श्री वीतरागे कह्युं ठे. ॥ ४ए ॥

पामे ठे. (तत्तो के०) ते थकी (नीगोअमप्पे के०) निगोद मध्यने विषे (अणंत गुणियं के०) अनंतगुणु (डुहं के०) डुःख जे ते (होइ के०) होय ठे. अर्थात् नरकना डुःखथी पण निगोदने विषे अनंतगुणु डुःख होय ठे. ॥ ४ए ॥

जावार्थ.—नारकीना डुःखनुं वर्णन घणा सिद्धातोमां प्रसिद्ध ठे, तथा निगोदनुं स्वरूप निगोद ठत्रीशी विगेरे प्रकरणथी जाणवुं. परंतु ते डुःखना वर्णनने इहां दिशमात्र देखाडीए ठीए. इहां नारकीना डुःखथी निगोदनुं डुःख अनंतगुणु शाथी कह्युं ? ते कहीए ठीए. दृष्टांत—सातमी नरकमां उत्कृष्टायु तेत्रीश सागरोपमनुं ठ, ते तेत्रीश सागरोपमना जेटला समय थाय, तेटलीवार कोइ जीव सातमी नरकमां पूर्ण तेत्रीश तेत्रीश सागरोपमने आउखे उपजे, त्यारे तेने असंख्याता जव नरकना थाय. ते असंख्याता जवमां सातमी नरकने विषे, ते जीवने जेटलुं ठेदन जेदननुं डुःख थाय, ते सर्वे डुःख एकठुं करीए, तेथी पण अनंतगुणु डुःख निगोदीया जीव एक समयमां जोगवे ठ. वळी एक औदारिक शरीरमां अनंता जीव जेगा रहे ठे. ते जेगा

चार करव के, तें कर्मना वशे करीने अनंता नवमां अनंतां माता पिताने, रोतां कलकलतां मूकीने तुं आ नवमां आव्यो बुं. ते माता पिताउनी आंख मांथी निकलतां आंसुनी संख्या करवा बेशीए तो, समुद्रना पाणीथकी पण अतिशे अधिक थाय बे. त्यारे हवे तुं कियां माता पिताने संतोष पमाडीश? माटे वस्तुताये विचार करव के आत्मानी माता कोण बे? पिता कोण बे? अर्थात् आत्मानां माता पिता बेज नही. एवुं विचारीने साहसिकपणे धर्म साधन करव. ॥ ४७ ॥

यत् नरके नैरयिकाः दुःखानि प्राप्नुवंति घोराण्यनंतानि च

जं नरए नेरइया । दुहाइ पावंति घोरणंताइ ॥

ततः अनंतगुणितं निगोदमध्ये दुःखं नवति

तत्तो अणंतगुणियं । निगोअमप्रे दुहं होई ॥ ४ए ॥

अर्थ.—(नरए के०) नरकने विषे (नेरइया के०) नारकी जे ते (जं के०) जे (घोरणताइं के०) महा घोर, ने अनंतां एवां (दुहाइ के०) दुःखने (पावंति के०)

गलितं रुदंतीनां मातॄणां अन्यान्यासां

गलियं रुअमाणीणं । माऊणं अन्नमन्नाणं ॥ ४७ ॥

अर्थ.—हे आत्मन् (तासिं के०) ते (रुअमाणीणं के०) रडती एवियो ने (अन्नमन्नाणं के०) अपर अपर जन्मने विषे थयेलीयो एवी (माऊणं के०) मातानुं (गलियं के०) शोकथी निकलतां एवां (नयणोदयंपि के०) नेत्रनां आंसु पण (सागरसलिलाउ के०) समुद्रना पाणी थकी (बहुयरं होइ के०) अतिशे अधिक होय छे. अर्थात् समुद्रना पाणीवडे पण आंसुना जलनुं परिमाण थइ शकतुं नथी. ॥ ४७ ॥

नावार्थ.—केटलाएक पुरुषो स्त्रीयादिक पदार्थथी वैराग्य पामीने दीक्षा लेवाने तैयार थया होय, परंतु तेउ फक्त माता पितानो घणो स्नेह देखीने अने तेमने रोतां कलकलतां देखीने, तेना प्रणाम पाछा हठी जता जोइने ज्ञानी महाराज तेने उपदेश देवाने अर्थे कहे छे. के, हे नव्य जीव! तुं एक नवना माता पिताने रोतां कलकलतां जोइने दिलगीर केम थाय छे? परंतु वि

मेवा मिठाइ इत्यादि, देहमां नांखीने तत्काल पाछुं काढीने जोइए, तो तेना सामुं पण जोइ शकातुं नथी, एवुं नठारुं थइ जाय छे. वली गमे एवां अत्तर चंदनादि सुगंधीदार वस्तु, देहनो संबंध पामीने दुर्गंधमय थइ जाय छे. तेमज गमे तेवां सारामां सारां अने बहु मूल्यनां वस्त्र पण, देहना संबंधे करीने मलमलिन थइने गंधाइ उठे छे. एवी अशुचिनुं पात्र आ देह छे, तेवा देहनीज रात्री दिवस ठठवेठ (घणीज सेवा) करवामां काल गमावे छे. तथा ते देहने माटे अधर्म अन्यायादिक करतां पण डरतो नथी; पण तेवा देहतो तें अनंता धारण कर्या, ने मूकी दीधा. जेम शरीर उपर पहेरेलां वस्त्र जूनां थएथी काढी नांखीने नवां धारण करे छे, ए न्याये तें च्यारे गतिमां अनेक प्रकारनां शरीर धारण कर्यां छे. माटे ते शरीर उपरथी मूर्च्छा उतारीने, जेम अशरीरी थवाय, तेवो उद्यम कर्य. ॥ ४७ ॥

नयनोदकमपि तासां सागरसलिलात् बहुतरं भवति

नयणोदयंपि तासिं । सागरसलिलाउ बहुयरं होई ॥

अनंत एवा (सागरेहिं के०) सागरे करीने. एटले अनंता सागरना पाणीना बिंडुए करीने अथवा अनंता *सागरोपम काले करीने पण (संख्या के०) संख्या जे ते (नी के०) नथी (कीरइ के०) करी शकाती. ॥ ४७ ॥

भावार्थ.—हे प्राणिन्! जे शरीरने अर्थे तुं अनेक प्रकारनां पाप करे छे, देहना स्वरूपनो विचार कस्य के, तें केटलां शरीर करी करीने मूकी दीधां छे? ते देहनी संख्या, अनंता सागरना बिंडुवडे पण थइ शकती नथी, अथवा अनंता सागरोपमना काले करीने पण थइ शकती नथी. केमके, शास्त्रमां कह्युं छे के, जीवे जेटलां शरीरनो त्याग कस्यो छे, तेटलां शरीरनो जो ढगलो करीए तो त्रणभूवनमां पण माइ शके नही. केमके, ते शरीर अनंतां छे. ते कारण माटे हे भव्यजीव! तुं एम विचार कस्य के, जगत्मां देह समान कोइ बीजी अशुचि वस्तु प्राये छेज नही. कारण के, गमे तेवी सारी सारी वस्तु होय, ते पण देहना संबंधथी बगडी जाय छे. जेम सारामां सारां

* आ सागरोपमनुं प्रमाण ग्रंथने अंते जणाव्युं छे.

चालता गाडातले कूतरु चालतुं होय, ते कूतरु एम विचारे के, आ सघलो गाडानो जार हुं खेंचुं बुं. तेम तुं पण एम समजे बे के, आ सर्व कुटुंबनुं जरण पोषण पण हुंज करुं बुं, एवो तुं मिथ्या ममत्व करे बे. परंतु एम नथी जाणतो के, सर्वे कर्माधीन बे, तेमां हुं शुं करी शकवानो बुं!! एम विचारीने तेवा खोटा ममत्वने बोडी दइने, कांइकतो आत्मसाधन करवानो अवकाश लाव्य!! ॥ ४६ ॥

जीवेन जवे२ जन्मनि२ मिलिताः देहाः ये त्यक्ताः संसारे

जीवेण जवे जवे । मिलियाइ देहाइ जाइ संसारे ॥

तेषां न सागरोपमैः क्रियते संख्या अनंतैः

ताणं न सागरेहिं । कीरइ संखा अणंतेहिं ॥ ४७ ॥

अर्थ.—हे आत्मन्! (संसारे के०) संसारने विषे (जीवेण के०) जीव जे तेणे (जवेजवे के०) जव जवने विषे (जाइ के०) जे (देहाइ के०) देह (मिलियाइ के०) मेलव्यां बे, एटले कर्या बे. (ताणं के०) ते देहनी (अणंतेहिं के०)

भावार्थ.—हे आत्मन्! आ संसाररूप चकडोल उपर चढीने, तुं एम वि-
चार करे छे के, सघलुं कुटुंब म्हारा जेवुं सदायकाल एक स्थितिमां रहे, पण
आ सर्व कुटुंबनो म्हारे कोइ दिवस वियोग पडे नही, एवा उपायमां तुं
रात्री दिवस मंडेलो छुं; परंतु तुं एम विचार नथी करतो के, जे स्वभावेज अ-
स्थिर वस्तु छे, ते सेंकडो उपाये पण स्थिर थवानी नथी. केम के, जे सर्वे कु-
टुंबी माणसो छे, ते सर्वेनां कर्म जूदां जूदां छे. परंतु एकरुप नथी; तेथी क-
रीने पुत्र, पुत्रीयो, स्त्री अने परिवार इत्यादिक पोतपोतानां कर्मानुसारे नाना
प्रकारनी गतियोमांथी जे रीते आव्यां हतां, तेवी रीते पाछां नाना प्रकारनी
गतियोमां चाल्यां जाय छे. ते केवी रीते चाल्यां जाय छे? तो के, जेम कोइ
भूत देवताने बलिबाकला फेंके छे, ते बलिबाकला पराधीनपणे जूदी जूदी
जग्याए जइ पडे छे, तेम आ बिचारा पुत्रादिक कर्माधीनपणाथी अनेक प्रका
रनी गतियोमां जइ पडे छे. त्यां तथा आ जीवनां सुख दुःखादिकमां पण, त-
म्हारो कोइ उपाय चाली शकवानो नथी. तोपण मिथ्या ममत्व बांधीने, जेम

कह्युं तेवुं अस्थिरपणुं देखीने पण तुं हजु केम बूझतो नथी ! ॥ ४५ ॥

॥ आर्यावृत्तम् ॥

अन्यत्र अन्यगतौ सुताः अन्यत्र गेहिनी परिजनोऽपि अन्यत्र

अन्नत्थ सुआ अन्नत्थ । गेहिणी परिअणोऽवि अन्नत्थ ॥

भूतेभ्यो बलिरिव कुटुंबं प्रक्षिप्तं हतकृतांतेन

भूअबलिव्व कुडुंबं । पक्खित्तं हयकयंतेण ॥४६॥

अर्थ.—(हयकयंतेण के०) निंदा करवा जोग्य एवा जे यमराज (मावुं कर्म) तेणे (कुडुंबं के०) आगळ कहेशे एवा, सर्व कुटुंबने (भूअबलिव्व के०) भूतने जेम बलिदान आपे, एटले जेम बाकला बुटा बुटा फेंके, तेम (सुआ के०) पुत्र पुत्रीयोने (अन्नत्थ के०) अन्य गतिने विषे. तेमज (गेहिणी के०) वल्लभ स्त्रीने पण (अन्नत्थ के०) अन्यगतिने विषे. तेमज (परिअणोऽवि के०) परिजनने. एटले परिवारने पण (अन्नत्थ के०) अन्यगतिने विषे (पक्खित्तं के०) पहोंचाड्यां छे. अर्थात् पुत्र, पुत्री, स्त्री, अने परिजनादिक सर्वने जूदी जूदी गतिमां फेंकी दीधां छे.

देखाडवाने माटे बीजुं दृष्टांत कह्युं छे. के, पाणीना परपोटा जेवुं जीवित अ-स्थिर छे, एटले ते थोडीवारमां नाश पामे तेवुं छे. तथा तेथी पण डाभना अ-ग्रभाग उपर रहेलुं जल, तेथी पण थोडीवारमां नाश पामे छे, माटे तेना जेवुं जीवित कह्युं छे. तेमज जवानीपणुं नदीना वेग जेवुं चंचल कह्युं. एटले न-दीनुं पाणी जे आपणे नजरे जोयुं, तेज पाणी विचारीने जोइए तो केटले छेटे जतुं रह्युं अने आपणे तो जाणीए छीए के, तेनुं तेज आ पाणी छे. तेम क्षणे क्षणे पलटातुं जवानीपणुं, तेने आपणे जाणीए के, तेनुं तेज छे; परंतु जे गइ काले हतुं, ते जवानीपणुं आज नथी. वली जवानी आवतां पहेलां मावाप विगेरे एम जाणे छे के, म्हारो दीकरो जवान थशे एटले म्होटो थशे, एम समजे छे, परंतु वास्तविक रीते विचारीए तो, ते दिवसे दिवसे न्हानो थाय छे. केम के, तेणे जेटलुं आयुष्य बांध्युं छे, तेमांथी तेटलो काल ओछो थयो. एज रीतना विपरित ज्ञानना वेगे चढी जवाथी आ जीव समजतो नथी, माटे ग्रंथकार कहे छे के, हे पापजीव! एटले हे [illegible]रूप थइ गयेला प्राणिन्! आ

पण पडी जाय छे. त्यारे पोतानुं जवानीपणुं देखाडवाने माटे, मूछोमां ज्यारे पलियां आवे छे, त्यारे तेने खुंटावी नांखे छे. एम करतां ज्यारे वधारे धोलां आवे छे, त्यारे तेने गलेफ चढावे छे. एटले कालारंग वडे रंगे छे. तथा दांत पडी जाय छे, त्यारे जवानीपणुं देखाडवाने माटे जनावरना हाडकाना बनावेला दांतनी बत्रीशी मुखमां घलावे छे. एम करीने पराणे पराणे जवानीपणु लाववा जाय छे; तोपण जवानी पाछी आवती नथी. अने न गमतुं एवुं वृद्धपणुं प्राप्त थाय छे, त्यारे पण जीववानी आशा तथा धननी आशा, कुमारी कन्यानी पेठे दिन दिन प्रत्ये वृद्धि पामे छे. एटले तेने कोइ डोसो कहीने बोलावे, तो ते वचन माथुं काप्या जेवुं लागे छे. शाथी के, एने जीववानी आशा घणी छे माटे. एटलाज माटे मूल ग्रंथकार घणां दृष्टांत आपी जीवितनुं तथा जवानीपणानुं अतिशे अस्थिरपणुं देखाडे छे. के, संध्याकालना लाल, लीला, पीला, जजकादार रंगना जेवुं जीवित जणाय छे. पण ते रंग घडि बे घडिमां नाश पामे छे, एवुं जीवित अस्थिर छे. वली तेथी वधारे अस्थिरपणुं

(जीविए के०) जीवित सते (य के०) वळी (नइवेगसंनिभे के०) नदीना वेगने तुल्य एवुं, (जुव्वणे के०) यौवन सते (पावजीव के०) हे पापजीव! (न बुज्झसे के०) तुं नथी बोध पामतो (इयं के०) ए ते (किं के०) शुं!! एटले ए ते केटलुं बधुं आश्चर्य छे!!! ॥ ४५ ॥

भावार्थ.—आ संसारमां बधी आशाउ करतां जीववानी आशा घणी मोटी छे. केमके, आ जीवने ज्यारे छेल्लीवारे श्वास उपडे छे, अने डचकां आवे छे, तोपण हजु हुं जीवीश, हजु हुं जीवीश, एवी आशा रह्या करे छे; माटे कोइ विद्वान पुरुषनुं आवुं वचन छे केः—

जीर्यंते जीर्णवयसः। पुंसः केशरदावपि ॥
जीविताशा धनाशा च। कुमारीव विवर्द्धते ॥ १ ॥

अर्थ.—जीर्ण थइ छे अवस्था ते जेनी, एवा पुरुषना केश तथा दांत जीर्ण थाय छे. एटले वृद्धावस्थामां माथाना केश धोळा थाय छे. एटलुंज नहि पण केटलाक नाश पण पामे छे. अने दांत पण शिथिल थाय छे. एटलुंज नहि

ज्ञान केवुं कहीए? माटे ग्रंथकार एम कहे ठे के, जो एम तमे जाणो गो, एटले पूर्वे कहेली त्रण वस्तुने अतिशे जो चंचल जाणो गो, तो पूर्वे कहेला पोपटिया ज्ञानने मूकीने, तमे खरा अंतःकरणथी अनुजव ज्ञान करो. एटले तमारा कह्या प्रमाणे तमे वर्त्तो. अर्थात् ते खोटाने खोटुं जाणीने, अने एक जिनराजना धर्मने साचो जाणीने, तेने विषे उद्यम करो.

॥ रथोद्धतावृत्तम् ॥

संध्यारागश्च जलबुद्बुदश्च तदुपमे जीविते च जलबिंदुचंचलं

संझरागजलबुब्बुउवमे । जीविए पे जलबिंदुचंचले ॥

यावने च नदीवेगसंनिभं पापजीव किं इदं न बुध्यसे

जुव्वणे यं नइवेगसंनिन्ने । पावजीव किं मियं न बुप्रसे ॥४५॥

अर्थ.—(संझराग के०) संध्या समयनो रंग, तथा (जलबुब्बु के०) पाणीनो परपोटो. (उवमे के०) ए बेनी ठे उपमा ते जेने एवुं, (य के०) अने (जलबिंदु चंचले के०) डाजना अग्रजाग उपर रहेला पाणीना बिंदु जेवुं चंचल एवुं,

पछी ते पोपट पण ते वाक्यनो वारंवार अभ्यास करीने, ते रीते बोलवा लाग्यो. परंतु ते बिचाराने एम खबर नथी के, बिल्लि ते शुं? अने उडी जवुं ते शुं? पछी एक दिवस ते पोपट जेवो पांजरामांथी निकल्यो, तेवोज बिलाडीए झाल्यो. तोयपण ते पोपट पूर्वे शिखवेला वाक्यने बोले जतो हतो, ते वखतेज ते पोपटनी डोकी मरडी नांखी. माटे हे भव्य जीवो! कहो! ते पोपटनुं ज्ञान केवुं कहेवाय? तेम आ सर्वे लोको मूखे एम बोले छे के, जीववुं जलना बिंदु जेवुं चंचल छे. एवुं बोले छे तोयपण, जीववाने माटे अनेक प्रकारना न करवाना योग्य एवा घणा उपाय करे छे. अने वली एम बोले छे के, आ संपत्तियो पण पाणीना तरंगनी पेठे अस्थिर छे. परंतु तेज संपत्तियोने राखवाने माटे, सन्मार्गने विषे वापरवामां घणुंज कृपणपणुं करे छे, अने वली इम बोले छे के, स्त्रीयादिकनो जे प्रेम छे, ते स्वप्न समान छे, एवी रीते बोले छे. परंतु ते स्त्रीयादिक पदार्थोनो ज्यारे नाश थाय छे, त्यारे खरा अंतःकरणथी लांबे रागे पोको मूकीने रुदन करे छे. माटे हे भव्यप्राणियो! तमे विचारो के, आ

स्वप्नसमं च प्रेम यत् जानीषे तत्तथा कुरुष्व
सुमिणयसमं च पिम्मं । जं जाणसु तं करिज्जसु ॥ ४४ ॥

अर्थ.—हे आत्मन् ! (जीअं के०) जीववुं (जलबिंदुसमं के०) जलबिंदु जेवुं छे. एटले डाभना अग्रभाग उपर रहेला, जलना बिंदुसमान चंचल छे. तथा (संपत्तिउ के०) संपत्तियो जे ते (तरंगलोलाउ के०) समुद्रना तरंग जेवी चंचल छे. एटले एक ठेकाणेथी बीजे ठेकाणे शीघ्र जती रहे तेवी छे. (च के०) वली (पिम्मं के०) स्त्रीयादिकनो प्रेम जे ते (सुमिणयसमं के०) स्वप्न समान छे. एटले क्षणमां नाश पामे तेवो छे. ते कारण माटे (जं के०) जो (जाणसु के०) ए प्रकारे खरी रीते, जो अंतःकरणथी अस्थिरपणुं जाणतो होय, तो (करिज्जासु के०) जाण्या प्रमाणे करय. एटले अप्रमादपणे धर्मसाधन कर. ॥ ४४ ॥

भावार्थ.—लोकमां चालतुं घणुं पोपटियुं ज्ञान देखीने ग्रंथकार उपदेश करे छे. हवे पोपटियुं ज्ञान एटले शुं ? जेम कोइ माणसे एक पोपटने भणाव्युं के, बिल्लि (बिलाडी) आवे तो तरत उडी जवुं, एवी रीते शिखव्युं. त्यार

(णेइ के०) लेइ जाय छे. (तस्स के०) ते माणसने (तंमि के०) ते (कालंमि के०) समयने विषे एटले मरणनी वखते (माया के०) माता जे ते (व के०) वली (पिया के०) पिता जे ते (व के०) वली (भाया के०) भाई जे ते (अंसहरा के०) अंशमात्र पण धारण करवाने, एटले लगारमात्र पण रक्षण करवाने (न भ-वंति के०) समर्थ नथी थतां. ॥ ४२ ॥

भावार्थ.—हे जीव गमे तेवो धीरजवालो मनुष्य होय, तोपण अंतकाले मरणनी घणी वेदनाथी ते माणस मृग जेवो निर्बल थइ जाय छे, त्यारे तेने सिंह रूप काल पकडीने लेई जाय छे. ते वखते ते मनुष्यनां माता, पिता, भाई, इत्यादि कोइ पण लगारमात्र राखवा समर्थ थतां नथी. एटले गमे तेटला उपाय करे, तोपण तेने क्षणमात्र राखी शकता नथी. ॥ ४२ ॥

॥ आर्यावृत्तम् ॥

जीवितं जलबिंदुसमं संपत्तयः तरंगलोलाः

जीअं जलबिंदुसमं । संपत्तीउ तरंगलोलाउ ॥

वै० श०

१०

फरीथी आववानो नथी. तेम हे भव्य जीवो! आ गएला दिवस रात्री पण, तेनी पेठे पाछा आववाना नथी. एटले गया ते तो गयाज!! एवुं जाणीने आ धर्मकार्य तो काले करीशुं, एम नही करतां, ते धर्मध्यान प्रमादरहित पणे आजज करवुं. ए उपदेश. ॥ ४२ ॥

॥ उपजातिवृत्तम् ॥

यथा इहलोके सिंहः इव मृगं गृहीत्वा मृत्युः नरं नयति निश्चयेन अंतकाले
जहेह सीहो व मियं गहाय। मच्चू नरं णेइ हु अंतकाले ॥
न तस्य माता च पिता च भ्राता काले तस्मिन् जीवितभागधारकाः भवंति
न तस्स माया व पिया व भाया। कालंमि तंमि ऽसहरा भवंति॥४३

अर्थ.—(इह के०) आ लोकने विषे (जह के०) जेम (सीहो के०) सिंह जे ते (मयं के०) मृग जे तेने (व के०) जेम (व शब्दनो इव अर्थ जाणवो.) (गहाय के०) ग्रहण करीने. एटले पकडीने नाश करे छे, तेम (हु के०) निश्चे (मच्चू के०) मृत्यु जे ते (नरं के०) मनुष्यने (अंतकाले के०) आयुष्य पूरु थये

१०

जेम लांबा दंडवडे करीने उकेले छे, अर्थात् लुगडुं वणवाने माटे लांबो ताणो करवाने अंत्यज लोको फालका उपर चढेला सूत्रने लांबा दंडना लसरकावडे करीने ऊपाटाबंध उकेले छे, तेम (आउसं के०) आउखाने (संविल्लंता के०) उकेलता एवा (राइउ के०) रात्रीयो (य के०) अने (दिवसा के०) दिवसो जे ते (वच्चंति के०) जाय छे. (य के०) अने वली (गयाव्वि के०) गया एवा जे दिवसो तथा रात्रीउ, ते (हु के०) निश्चे (पुणो के०) फरीथी (नियत्तंति के०) पाछां आवतां (न के०, नथी. ॥ ४२ ॥

भावार्थ.—एक कालरूप चंडाल छे, ते दिवस रात्रीनुं जवुं आववुं ते रूप, दंडना लसरकावडे करीने मनुष्यना आउखारूप सूत्रना पिंडने शीघ्रपणे उकेले छे. एटले आउखाने जलदी घटाडे छे. माटे हे आत्मन्! ते आउखामांथी गयेला रात्री दिवस कदीपण पाछा आवता नथी. जेम आ ग्रंथ छपावीने प्रसिद्ध थयानी तिथि विक्रम संवत् १९४७ ना कार्त्तिक शुदि ५ (ज्ञान पांचम) ने सोमवार हतो. हवे ते वर्षनी तेज तिथि, वार, आखा जन्मारामां

के, हुं तो कोइ काले मरवानोज नथी, तो ते पुरुष कदाचित् एम धारे के, हुं आज करवानुं काम्य करीश, तो ते पण युक्त छे. परंतु उपर लखेली सर्व वातो कोइ काले थई नथी, वर्त्तमान कालमां थती नथी, अने आगामी कालमां थशे पण नही. तोयपण एवी मिथ्या कल्पना मनमां करीने, हे जडबुद्धि जीव! तुं बीजा संसारना कामनो प्रमाद करवो छोडी दइने, फक्त धर्म साधन करवामां केम प्रमाद करे छे? ॥ ४१ ॥

॥ आर्यावृत्तम् ॥

दंडेन सूत्रोवेष्टनं यथा कुर्वतस्तथा व्रजंति निश्चये रात्रयः च दिवसाः च

दंडकलिअं करित्ता । वच्चंति हु राइउ य दिवसा य ॥

आयुः लघुकुर्वंतः गताअपि न पुनः निवर्त्तंते

आउस संविल्लंता । गयाविं न पुणो नियत्तंति ॥४२॥

अर्थ.—हे आत्मन्! (दंडकलिअं के०) दंड जेम सूत्रनी कलना (करित्ता के०) करे छे. एटले कोलिआदिक नीच लोको फालका उपर चढेला सूत्रने

शीघ्रता करवाने ठेकाणे आवती काले थशेज तो! एवी रीते प्रमाद, केम करतो हशे!!! ॥ ४१ ॥

भावार्थ.—इहां अद्भूत उपमा अलंकारे करीने उपदेश करे छे. एटले आवी वस्तु कोइ दिवस निपजी नथी, ते कदाचित् जो निपजे, तो ते आश्चर्यकारक कहेवाय. आ जीवना मनमां एम थाय छे के, आजतो धर्मसाधन नही करीए, पण आवती काले करीशुं. पण केम जाएयुं के, तुं आवती काल्य सूधी जीवीश? माटे आवतो काले जीववानुं तो कोण मनमां जाणे के, जेने मृत्युनी साथे खरी भाईबंधी होय, एटले ते मृत्युने पोतानी आज्ञामां राखी शकतो होय, तो ते पुरुष कदापि एम धारे के, आजनुं काल्य करीशुं, तो ते युक्त छे. तथा कोई बलवान् पुरुष, मृत्युना झपाटामां न आवतां, एवी कोई पर्वतनी गुफामां पेशी जाय के, ते मृत्युना हाथमांज न आवे! जो एवो शक्तिवान् होय, तो ते पुरुष कदापि आज करवानुं काल्य करीशुं, एम विचारे तो ते युक्त छे. तथा कोइ पुरुषे कोइ केवलज्ञानी महाराजनी पासेथी जाएयुं होय

यो जानाति न मरिष्यामि केवलिवाक्यात् सः निश्चये कांक्षति श्वःधर्मः स्यादितिनान्यैःकार्यं

जो जांणे न मरिस्सामि । सो हु कंखे सुए सिया ॥४१॥

अर्थ.—हे जीव! (जस्स के०) जे पुरुषने (मच्चुणा के०) मृत्यु संगाथे (स रकं के०) मित्रता (अत्थि के०) छे. (व के०) वली (जस्स के०) जे पुरुषने (पला यणं के०) मृत्युथी नासी जवुं (अत्थि के०) छे. वली (जो के०) जे पुरुष (जाणे के०) एम जाणे छे के, (मरिस्सामि के०) हुं मरीश (न के०) नही. (सो के०) ते पुरुष (हु के०) निश्चे (सुए के०) श्वः एटले आवती काले धर्मसाधन करी श, ए प्रकारे (सिया के०) स्यात् एटले कदाचित् (कंखे के०) आकांक्षा करे. एटले इच्छा करे, अर्थात् ते एवी इच्छा करे, ते प्रमाणे छे. परंतु एवी रीते कोई पुरुषने कोई दिवस पण थयुं नथी के, म्हारे मृत्युनी साथे मित्रता छे; मा- टे म्हारे तो कदि पण मरवुं नही पडे! तथा कोई पुरुषने एम थतुं नथी के, हुं बलवान छुं माटे मृत्युथी नाशीने वचीश. तथा कोईना मनमां एम नथी थतुं के, हुं क्यारे पण नही मरुं, तो पण ते प्राणी धर्म संबंधी कार्यमां

आ जगाए दिवस ग्रहण नथी कर्यो, तोपण उपलक्षणथी ग्रहण करवो. एटले गया दिवस पण पाछा आवता नथी. केमके (अहम्मं के०) अधर्मने (कुणमाणस्स के०) करतो एवो जे तुं, ते तह्मारी (राइओ के०) रात्रीयो जे ते (अहला के०) अफल, एटले निष्फल (जंति के०) जाय छे. अर्थात् अधर्म करीने तह्मारा मनुष्यभवना रात्री दिवस व्यर्थ जाय छे. ॥ ५० ॥

भावार्थ.—आ जीवनो जेटलो वखत धर्मसाधन करवामां जाय छे, तेटलोज वखत ज्ञानी पुरुषोए सफल गएयो छे, अने बाकीनो रात्री दिवसनो जे काल एटले धर्मसाधन विनानो जे काल, ते पशुनी पेठे निष्फल जाय छे. केमके, पशुने विषे आहार, निद्रा, भय अने मैथुन विगेरे जेवी रीते छे, तेवीज रीते तह्मारे विषे पण छे. माटे तह्मारो जन्मारो पण धर्मसाधन विनानो पशु जेवो समजवो.

यस्य अस्ति मृत्युना सख्यं यस्य च अस्ति पलायन मृत्योः सकाशात्

जस्स ऽत्थि मच्चुणा सक्खं । जस्स ऽत्थि पलायणं ॥

ते सडी जाय, पडी जाय, यावत् विध्वंस थइ जाय तेवो छे. अने जे आत्मा छे ते तेथी उलटो छे. एटले सडी जाय तेवो, पडी जाय तेवो, यावत् विध्वंस थइ जाय तेवो नथी. एवी रीते आत्मानुं अने देहनुं स्वरूप जूदुं समजीने तें जे देहने विषे मिथ्या अहंपणुं मान्युं छे, ते तथा देह संबंधी पदार्थोने विषे मिथ्या ममत्व मानेलो छे, तेने खोटो जाणीने ते बेनो त्याग करवाने विषे प्रयत्नवंत था. ए उपदेश.

॥ अनुष्टुप् वृत्तम् ॥

या या व्रजति रजनी न सा प्रतिनिवर्त्तते

जा जा वच्चइ रयणी । न सा पडिनियत्तइ ॥

अधर्मं कुर्वतो जंतोः अफलाः यांति रात्रयः

अहम्मं कुणमाणस्स । अहला जंति राइउ ॥४७॥

अर्थ.—हे आत्मन्! (जाजा के०) जे जे (रयणी के०) रात्री (वच्चइ के०) जाय छे, (सा के०) ते ते (पडिनियत्तइ के०) पाछी आवती (न के०) नथी.

लतां एटले फेरवतां फेरवतां ते घंटीने एवा वेगमां लावे ले के, ते वखते जो घंटी फेरववी मूकी दे, तोपण वेगना जोरथी ते फेरव्या विना पांच सात आं टा फरी जाय ले. तेम आ जीव पण बधो दिवस संसारना कामनो एवो वेग लगाडे ले के, ते रात्रे लांबो थइने सूए ले, तो पण ते कामनां स्वप्न आवे जाय ले. ते स्वप्न, दिवसे करेला कामना ह्रचरका ले. ते ह्रचरका घणुं करीने पाछली रात्रे शांत पडे ले; माटे ते अवसर शुभ ध्यान करवानो शास्त्रकारे जणाव्यो ले. माटे तुं एवो विचार कस्य के, आ बधा मनुष्यभवना अमूल्य दिवसो धर्म विना फोगट केम गमावे ले? अने आ मह्रारुं शरीर पण जरारूप अग्नि नी झालवडे बलवा मांड्युं ले, अने तेनी साथे रहेलो जे आत्मा, ते पण ब- लवा मांड्यो ले, तो ते आत्माने तुं केम बलवा दे ले? परंतु आत्मज्ञानवडे देहथकी आत्माने जूदो समजीने तुं देहना भाव जे जड, दुःख अने मि- थ्याभाव तेने देहने विषेज समज. अने आत्माना भाव जे सत्, चित् अने आनंदरूप एटले सच्चिदानंदरूप तेने तुं आत्मभावे समज. एटले जे देह ले

(झ्झंतं के०) दाऊता एटले शरीररूप घरनी साथे बली मरता एवा (अप्पाणं के०) आत्मानी (उवरकयामि के०) उपेक्षा केम करुं बुं !!! अर्थात् देहनी साथे रहेला बलता आत्मानी तुं रक्षा केम नथी करतो !! इत्यादि आत्मनावना तुं केम जावतो नथी? ॥ ३ए ॥

जावार्थ.–शास्त्रने विषे सर्व हत्याउ करतां आत्महत्या महोटी मणी बे. एटले जाणी जोइने आत्मानुं बगारुवुं, अर्थात् बती सामग्रीए पण आत्म साधन न करवुं, अने रात्रि दिवस देहादिक परजावमांज रच्युं पच्युं रहेवुं; ते शुं आत्मानी घात करी न कहेवाय? अर्थात् आत्महत्याज कहेवाय!! माटे बधो रात्रि दिवसतो संसारना वेगमां चढी जतां कांइ पण विचार न आव्यो, पण पाबली च्यार घमी रात्रे उठीने, जरा निर्मल चित्तवालो थइने, बीजा बधा विचार रहेवा देइने, हे आत्मन्! तुं तहारा आत्मानो विचार कर. इहां पाबली च्यार घमी रात्रे उठीने विचार करवानुं ग्रंथकार लखे बे, तेनो अनिप्राय ए बे के, जेम स्त्रीयो घंटीये दलवा मांमे बे, पबी दलतां व

जूठो मानीने, तेना उपरथी मोह उतारीने, आत्म साधन करवाने विष उद्यमवंत था ! ॥ ३७ ॥

॥ उपजातिवृत्तम् ॥

निशाविरामे जागरितः सन् परिज्ञावयामि गृहे प्रदीप्ते किं अहं स्वपिमि

निसाविरामे परिन्नावयामि । गेहे पलित्ते किम ऽहं सुयामि ॥

दग्धं आत्मानं उपेक्ष्य तत् धर्मरहिताः दिवसान् गमयामि तव

मुज्झंतमप्पाणमुवेक्खयामि । जं धम्मरहिउ दिअहा गमामि॥३८

अर्थ.—हे जीव! तने एवो विचार केम नथी आवतो के, हुं (निसाविरामे के०) रात्रि विराम पामे सते एटले पाछली चार घडी रात्री रहे सते जागीने (परिन्नावयामि के०) आवो विचार करुं के (जं के०) जे हुं (धम्मरहिउ के०) धर्म रहित थयो सतो (दिअहा के०) दिवसोने (गमामि के०) फोकट केम गमावुं छुं!!! अने वली (गेहे के०) शरीररूप घर (पलित्ते के०) बलवा मांडे सते (अहं के०) हुं (किं के०) श्या माटे (सुयामी के०) सूइ रहुं छुं! अने

किये गामथी आवीने नेगा थाय ठे, पठी त्यां थोडीवार विश्राम करीने, ए टले जातुं खाइने पाठा सर्वे पोत पोताना योग्य स्थानक प्रत्ये जता रहे ठे, पण तेउ एक ठेकाणे बेशी रहेता नथी; तेम आ संसारी जीव पण, कोइ कयि गतिमांथी, कोइ कयि गतिमांथी आवीने एकठा थाय ठे; त्यां पोत पोताना कर्मानुसारे सुख डुःख जोगवीने, पठी पाठा पोत पोताने योग्य ग तिमां जता रहे ठे. पण कोइ कोइना जाल्या रहेता नथी. वली जेम चारे दि शाएथी आवेला मनुष्योनां नाम जूदां जूदां ठे, तेमां चारे गतिमांथी आ वेला अने एक घरमां रहेला एवा जीवोनां नाम पण जूदां जूदां कल्प्यां ठे. तेमां कोइ माता कहेवाय ठे, कोइ पिता, कोइ जार्या, कोइ जाइ, कोइ पुत्र, कोइ पुत्री, इत्यादि कल्पनाए करीने नाम ठराव्यां ठे. तेमां तुं म होटो मोह धारण करे ठे, अने तेने सुखे सुखी, अने तेने डुःखे डुःखी थाय ठे. परंतु हे मूढ जीव! तुं एटलुं विचारतो नथी के, आ जूठा संबंधने साचो संबंध मानीने शुं करवा हेरान थउ ठुं? माटे हे जीव! एवा जूठा संबंधने

अर्थ.—हे आत्मन्! (जह के०) जेम (संझाए के०) संध्याकालने विषे (सउणाण के०) पक्षियोनो (संगमो के०) संगम थाय छे. (अ के०) वली (जह के०) जेम (पहे के०) मार्गने विषे (पहिआणं के०) मार्गे जनार लोकोनो समागम थाय छे, एटले मार्गमां जनार लोकोनो समागम तथा पक्षियोनो समागम जेम थोडा कालनो छे, (तहेव के०) तेमज (जीव के०) हे जीव! (सयणाणं के०) स्वजननो (संजोगो के०) संयोग जे ते (खणभंगुरो के०) क्षणभंगुर छे. एटले क्षणमां नाश पामवाना स्वभाववालो छे. ॥ ३८ ॥

भावार्थ.—जेम संध्यासमये अनेक प्रकारनां पक्षियो च्यारे दिशा तरफथी आवीने एकठां मले छे, अने प्रातःकाले तेज पक्षियो पोत पोताना कर्मने अनुसरीने चारे दिशा तरफ उडी जाय छे, तेम आ संसारने विषे अनेक प्रकारना जीवो चारे गतिमांथी आवीने, आ मनुष्यभवमां एकठा थया छे. अने तेज जीवो, पोतानुं आयुष्य पूर्ण करीने, पाछा कर्मानुसारे चारे गतिमां जता रहे छे. तथा जेम मार्गने विषे, कोइ किये गामथी, कोइ

तार मलवो महा डुर्लभ छे. एवां वचन सांजलीने प्रजवो चोर पण प्रतिबोध पाम्यो. अने बोल्यो के, हे जंबू! हुं पण तहारी साथे दिक्षा लेइश. पछी जंबूकुमारे पोताना माता पिताने प्रतिबोध दीधो, तथा आठ कन्याउए वली पोत पोताना माता पिताने प्रतिबोध दीधो, तथा प्रजवे पण पांचसें चोरोने प्रतिबोध दीधो. एम सर्व मली प्रजाते नवाणुंक्रोड सोनैया धर्मक्षेत्रोमां खरची नांखीने उत्तम उत्सवसहित पांचसें ने सत्तावीश जनोनी साथे, श्री जंबूकुमारे श्री सुधर्मस्वामी पासे दिक्षा लीधी. ए रीते लक्ष्मी अने विषयनां सुख त्याग करवा आश्री, जंबूकुमारनुं दृष्टांत कह्युं. आ मधुबिंदुआना दृष्टांतनो सिद्धांत एटले उपनय घणो प्रसिद्ध छे, तोपण किंचित् टीका करीने देखाड्यो छे.

यथा संध्याया शकुनानां संगमः यथा पथि च पथिकानां

जह[1] संझाए[2] सउणा[3] । ण[4] संगमो जह[6] पहे[5] अ[7] पहिआणं[8] ॥

स्वजनानां संयोगः तथैव क्षणभंगुरः जीव

सयणाणं[11] संजोगो[12] । तहेव[9] खणभंगुरो[13] जीव[10] ॥ ३८ ॥

तो तेणे दीठुं के, मधपुडामांथी ए मधुबिंदु पडे छे; एवुं जाणीने ते टींपानी नीचे म्होडुं उघाडुं राखीने लटक्यो, अने टींपाना स्वादमां मग्न थयो थको पोताना उपर पूर्वोक्त अनेक जातनां दुःख पड्यां छे ते सर्वे भूली गयो. एटलामां एक [१२]विद्याधर आवीने कहेवा लाग्यो के, हे पुरुष! तहारुं दुःख देखीने मने दया आवे छे; माटे आव्य! म्हारा [१३]विमानमां बेशी जा. हुं तने दुःखमांथी काढवा वांछु छुं. त्यारे ते पुरुष बोल्यो. हे विद्याधर! आ एक टींपु मधनुं म्हारा मुखमां आववा द्यो, पछी हुं आपनी साथे विमानमां बेशी चालुं, एम एक टींपुं आव्युं. वली पण कह्युं के, आ बीजुं टींपुं आवे तो चालुं. ए रीते एकेक टींपाना स्वादमां लोभाणो थको ते विकट स्थानने छोडे नही, त्यारे विद्याधरे जाण्युं के, ए तो एवोज मूर्ख छे, लोभी छे, ए कांइ दुःखमांथी निकलशे नही. एवुं जाणी तेने त्यांज मूकी विद्याधर चाल्यो गयो. तेम हे भव्यो! आ अवसर चूक्या तो फरी संसारमां पड्या, ने मनुष्य अव

१२ सुगुरुरूप विद्याधर. १३ जिनधर्मरूप विमान.

बिंदुआ समान छे, तेनी लालचे जीव संसारमां रझळे छे. जेम कोइ एक [1]पुरुष मूलथी उजड [2]अटवीमां जइ पड्यो, तेनी पछवाडे एक [3]हाथी दोड्यो, त्यारे ते हाथीना जयथी नासतो जागतो, एक वडनी [4]शाखामां जइ लटकी रह्यो. हवे ते शाखानी नीचे एक [5]कूवो छे, तेमां च्यार [6]सर्प पोतानुं मोढुं फाडीने बेठा छे, तथा एक [7]अजगर पण मोढुं फाडीने बेठो छे, तथा ते वडना थडने हाथी धुणावी रह्यो छे, तथा जे शाखामां ते पुरुष लटके छे, ते शाखाने एक [8]कालो अने बीजो [9]धोलो एवा बे उंदरो कापी रह्या छे. वली तेनी उपर एक मधमाखीनो मधपुडो छे, तेनी [10]मक्षिकाउ उडी उडीने ते पुरुषना शरीरने चटका मारी रहेली छे. एटलामां ते मधपुडामांथी मधनुं एक [11]टीपुं टपक्युं, ते पेला पुरुषनी जीभने जइ लाग्युं, त्यारे ते पुरुषे उंचुं जोवा मांड्युं

---

[1] जीव. [2] संसाररूप अटवी. [3] कालरूप हाथी. [4] आउखारूप शाखो. [5] जन्मरूप कूवो. [6] च्यार कषायरूप सर्प. [7] नरकरूप अजगर. [8] रात्री. [9] दिवस एरूप बे उंदरो. [10] रुव कुटुंबरूप मक्षिकाउ. [11] विषयसुखरूप मधनुं टीपुं.

विचार आव्यो के, म्हारे तो प्रभाते दीक्षा लेवी छे, अने आ चोर लोको जो द्रव्य लेइ जशे, तो लोक कहेशे के, जुओ भाइओ! एनुं धन सर्वे चोर लोको लेइ गया, तेथी ए माथुं मुंडावे छे. एवी रीते धर्मनी निंदा थशे, ते वात सारी नही. एवुं चिंतवीने नवकार गणवा लाग्या, तेथी पांचसें चोरोना पग स्थंभाइ गया. त्यारे प्रभवाने विचार थयो के, आते शुं थयुं! त्यारे जोवा लाग्यो तो जंबूकुमारने जागता दीठा. त्यारे प्रभवे जाण्युं के, एनी पासे कोइ महा जोरावर विद्या छे. एवुं जाणीने जंबूकुमारने कह्युं के, म्हारी विद्या तमे ल्यो, अने तमारी विद्या मने आपो. त्यारे जंबूकुमारे कह्युं के, म्हारी पासे कोइ पण विद्या नथी. वली बीजी विद्या म्हारे जोइती पण नथी. म्हारे तो मात्र नवकार मंत्रनो आधार छे. एवो धर्मोपदेश दीधो. त्यारे प्रभवे कह्युं के, आ नवी परणेली स्त्रीयोनो त्याग करीने तुं दीक्षा शा वास्ते ले छे? संसारनां सुख भोगवीने पछी दीक्षा लेजे. तेने जंबूकुमारे कह्युं के, हे प्रभवा! संसारमां सुख छेज क्यां? के जेने हुं भोगवुं. संसारनुं सुख तो मधु-

करतां घणा दिवसे तेनुं शरीर सारुं थयुं, त्यारे वली कपडां प्रमुख पहेरीने बजारमां फरवा निकल्यो. तेने राणीये देखीने बोलाव्यो. ते बोल्यो के, हवे हुं तमारा फंदमां पडुं नही. ॥ इति ॥ ललितांग कथा ॥ एवी रीते आठे स्त्रीयोए जुदी जुदी आठ कथाओ संसारना सुखनो त्याग न करवो, ते आश्रयथी जंबूकुमारने कही, अने जंबूकुमारे पण फरी संसारनी असारता बतावनारी जुदी जुदी आठ कथाओ आठे स्त्रीयोने कही. ते कथाओ इहां ग्रंथ वधवाना जयथी लखी नथी. जो जाणवानी मरजी होय तो श्री जंबूचरित्रमां जोइ लेज्यो. त्यारे स्त्रीयो प्रतिबोध पामी. एवामां एक प्रजवो नामे चोर पांचसें चोरने साथे लेइने, जंबूकुमारना घरमां आव्यो. तेणे सर्वने विद्याना बलथी अवस्वापिनी निद्रा मूकी, तेथी सर्वने निद्रा आवी गइ; परंतु जंबूकुमारने निद्रा न आवी. पछी ताळां उघडवानी विद्याथी जंडार उघाडीने, नवाणुंक्रोड सोना महोरोनी गांठडियो बांधी, तेने लेइने चालवा मांड्या, एटलामां जंबूकुमारने, यद्यपि द्रव्य उपर मूर्छा तो बिलकुल नथी, तोपण एवो

पण त्यां आव्यो. त्यारे जयभ्रांत थइने, राणीए ते ललितांग कुमारने, खा-
लमां उतार्यो. अने विचार्युं के, पछी कढाडीश. हवे राणीतो राजानी साथे
रमवा लागी गइ, अने ललितांग खालमां भूखे मरतो कोइ अन्य आवीने
एठवाडो नांखे ते खाय, अने एठनुं पाणी पडे ते पीए. एवी रीते च्यार म-
हिना पर्यंत खालमां पडी रह्यो. इहां कोइ छ महिना सूधी पडी रह्यो एम
पण कहे छे. " तत्व केवली गम्य " त्यार पछी ललितांगना मावापे घणोये
जोयो, पण जड्यो नही, तेथी शोक करवां बेठां. एटलामां वर्षाद आव्यो
तेथी खालमां पाणी भराणुं, ते पाणी कढाडवा सारु खाल उघाडी, ते खालना
पाणीनी साथे ललितांग पण तणातो तणातो नगरनी म्होटी खालमां जइ
पड्यो. तेने लोकोए देखीने तेना माता पिताने जइ कह्युं. माता पिता जइ
खालमांथी कढाडी घेर लइ गया, त्यां मूर्छा खाइने पडी रह्यो. शरीर पीलुं
पडी गयुं, हाडकां नीकली आव्यां, माता पिताये घणा प्रकारना तैलादिक
मसली जागतो कर्यो, त्यारे कांइक सावचेत थयो. पछी औषधोपचार करतां

वीश. त्यारे लोको कहेवा लाग्या के, आ देशमां पाणी नथी, माटे शेलडी थशे नही. तेम छतां जो तने शेलडीज वाववानी इछा होय तो, एक-वार जे आ घउंनी खेती करेली छे ते कपावी ले, पछी शेलडी बनावजे. एवुं लोकोनुं कहेवुं तेणे मान्युं नही, अने शेलडी वावी, ते थोडी उगी, एटलामां कूवानुं पाणी खूटी पडयुं, तेथी जे उगेली शेलडी हती ते पण सुकाइ गइ. त्यारे पश्चात्ताप करवा लाग्यो. तेम हे स्वामिन्! तमे पण छतुं सुख मूकीने बीजा नवा सुखनी चाहना करो छो तो पछी पस्ताशो!! एवी स्त्रीयोनी वाणी सांभली जंबूकुमारे कह्युं के, पूर्वोक्त दृष्टांते पश्चात्ताप नही करुं. परंतु जो नही समजशो तो तमेज पस्तावो करशो. हुं तो ललितांग कुमारनी पेठे तमारा फंदमां नही पडुं. तेनी कथा कहुं छुं ते सांभलो. एक नगरमां एक शेठनो पुत्र ललितांग कुमार एवे नामे महा रूपवंत पुत्र हतो, तेने एक दिवसे ते नगरना राजानी रूपवती नामा राणी छे, तेणीये दीठो. त्यारे एकांते बोला वीने तेनी साथे संसार संबंधी भोगविलास करवा लागी. एटलामां राजा

के, हुं तो प्रजाते दीक्षा लेइश. केम के, आ संसार सर्व अनित्य ढे, कोइ को-
इनो साथे आवनार नथी. त्यारे स्त्रीउए कह्युं के, हे स्वामिन्! तमे हमणां
दीक्षा लेशो नही, हमणां तो जे संसारनुं सुख मल्युं ढे, ते सारी रीते जोग-
वीने पढी दीक्षा लेजो, नहि तो कर्षणीना न्याये पश्चात्ताप करशो. जेम कोइ
मारवाड देशनो कर्षणी, पोताने घेर घउं वावीने पढी मेवाडमां पोताने सा-
सरे गयो, त्यां तेनी सासुए सारा रोटला करीने थालमां मूक्या. उपरथी शे-
लडी मूकी. ते शेलडी कर्षणीने घणी सारी स्वादिष्ट लागी. पढी ज्यारे पो-
ताना सालाने पूढ्युं के, आ शेलडी तमने क्यांथी मली? एटले तमारे घेर
क्यांथी आवी? त्यारे सालाए कह्युं के, ए अमारा घरमां नीपजे ढे. वलीथीए
पूढ्युं. ते केवी रीते निपजे ढे? त्यारे सालाए शेलडी वाववानो विधि देखा-
ड्यो. पढी कर्षणीए जाण्युं के, म्हारे घेर पण हुं वावीश. एम निर्धार करी
घेर आवीने प्रथम जे घउंनुं खेत्र वाव्युं हतुं, तेने उखेडी नांखवा लाग्यो.
त्यारे लोकोए कह्युं के, आ तुं शुं करे ढे? तेणे कह्युं के, हुं एमां शेलडी वा-

मस्वामी पासे दीक्षा लेउं. त्यारे माता पिताए कह्युं के, हे पुत्र! दीक्षा पालवी घणी डुष्कर बे. एवी रीते घणो घणो समजाव्यो, तोपण जंबूकुमारे मान्युं नही. त्यारे माता पिताए कह्युं के, हे पुत्र! आठ कन्याउ साथे तहारुं सगपण करेलुं बे, माटे तेने परणीने पबी दीक्षा लेजे. ते सांजली जंबुकुमार मौनपणुं धारण करी रह्या. त्यार पबी माता पिताए, आठ कन्याउना पिताउने कह्युं के, अमारो पुत्र वैराग्यवान् थयो बे, माटे तमारे दीकरीयो परणाववानी मरजी होय तो जले परणावो. पण ते कन्याउनो त्याग करीने जो दीक्षा ले, तो अमारो दोष कहाडशो नही. ते सांजली सर्व शेठिया कहेवा लाग्या के, अमे नही परणावीए. पण ते शेठियाउनी दीकरीउए कह्युं के, अमे तो जंबुकुमारनेज परणीशुं, पण बीजाने परणवानो त्याग बे. त्यारे शेठियाउए पोतानी पुत्रीउने कह्युं के, एतो दीक्षा लेशे. तोपण दीकरीयोए कह्युं के, ए दीक्षा ले तो जले ल्यो, पण अमे तो एनेज परणीशुं. पबी ते एक रात्रीमां आठे कन्या परण्या, अने रात्रिये सय्या उपर बेसीने सर्व स्त्रीयोने कह्युं

पणे आवीने उपन्यो. त्यार पछी माताए स्वप्नमां जंबूवृक्ष दीठो, पछी ज्यारे ते कुमारनो जन्म थयो, त्यारे तेनो जन्ममहोत्सव करीने जंबुकुमार एवुं नाम दीधुं. अनुक्रमे युवान अवस्था पाम्यो, त्यारे सुधर्म गणधरनी पासे धर्म देशना सांभलीने वैराग्य पाम्यो. त्यारे श्री सुधर्मस्वामीने कह्युं के, हे भग-वन्! हुं चारित्र लेइश, पण म्हारा माता पिताने पूछी आवुं. एम कहीने पाछो घर तरफ आवे छे, एटलामां मार्गमां आवतां जंत्रथी उपडेलो पत्थर, पोतानी पासेथी निकल्यो देखीने विचारवा लाग्यो के, हमणां जो मने आ तोपनो गोलो लागी जात, तो हुं अव्रतिपणामां मरण पामत! एवुं जाणी श्री सुधर्मस्वामीनी पासे पाछो आवीने, ते कुमारे सम्यकित मूल जे बार व्रत छे, ते बारे व्रत लीधां. एटले अंगिकार कर्यां. तेमां चोथा व्रतमां एटली मर्यादा राखी के, कदापि माता पिताना कहेवाथी स्त्रीयो परणवी पडे तो तेने परणुं, पण ते स्त्रीयोनी साथे भोग भोगवुं नही. एवो त्याग करीने, फरी घेर आवी माता पिताने कह्युं के, हे माता! हे पिता!! मने आज्ञा आपो, हुं श्री सुध

के, आ लक्ष्मी जीवतां सुधीमा महारो पासेथी जवानीज नथी; परंतु ए लक्ष्मीयो हाथीना काननी पेठे चंचल छे. केम के, थोमा काल उपर तें जे उने मोटा धनाढ्य दीठा हता, तेउज कर्मना वश थकी थोडा कालमां दरिद्र थएला तहारा जोवामां आवे छे; माटे लक्ष्मीयोनुं स्थिरपणुं नथी. वली जीवोनां शब्दादिक विषयसुख पण इंद्रधनुषनी पेठे एटले आकाशना लीला पीला रंगनी पेठे शीघ्र नाश पामे तेवां छे. एटले वस्तुगते विषयनां सुख फांफवाना पाणी जेवां, तथा धूमाडाना बाचका जेवां असत्य छे. माटे हे जीव! मनथी मानी लीधेलां विषयसुखने तथा लक्ष्मीने असत्य जाणी, श्री जंबूकुमारनी पेठे धर्मसाधन करवाने तत्पर था !! ॥ ३७ ॥

कथा. ५

राजगृही नगरीने विषे ऋषनदत्त नामा शेठ तेनी धारणी नामे नार्यानी कूखमां जंबुस्वामीनो जीव, जे पूर्व नवे पांचमा ब्रह्मदेवलोकने विषे तिर्यक् जृंनक जातिमां महर्द्धिक देवता हतो, ते त्यांथी (देवलोकथी) चवीने, पुत्र

नो त्याग करीने चाली निकल्यो. एवुं जाणीने अहं ममत्व न करवो.

गजकर्णवच्चंचलाः लक्ष्म्यः त्रिदशचापसदृशं चंचलं

गयकन्नचंचलाउ । लच्छीउ तिअसचावसारिच्छं ॥

विषयसुखं जीवानां बुध्यस्व रे जीव मा मुह्यस्व

विसयसुहं जीवाणं । वुझसु रे जीव मा मुझ ॥ ३७ ॥

अर्थ.–(जीवणं के०) जीवोनी (लच्छीउ के०) लक्ष्मीयो जे ते (गयकन्न चंचलाउ के०) हाथीना कान जेवी चंचल छे. अने (विसयसुहं के०) विषयसुख जे ते (तिअसचावसारिच्छं के०) इंद्रनां धनुष (आकाशमां लीलां पीलां धनुषनी आकृतिवालां वादलां देखाय छे ते) सरखां चंचल छे. ए हेतु माटे (रे जीव के०) हे मूढ जीव! (वुझसु के०) बोध पाम्य. अने (मामुझ के०) मोह न पाम्य. केम के, फरीथी आवी मनुष्य देहादिक सामग्री मलवी घणीज दुर्लभ छे; माटे धर्मने विषे बोध पाम्य. ॥ ३७ ॥

भावार्थ.–रे आत्मन्! जे लक्ष्मीयोने देखीने तुं अहंकार धारण करे छे

एनुं शुं कारण छे? ते मने कहो. [illegible] विप्रे कह्युं के, हे महा राज! ते रूपमां अने आ रूपमां भूमी अने आकाश जेटलो फेर पडी गयो छे. चक्रवर्तिए ते वात स्पष्ट समजवा पूछ्युं, त्यारे ब्राह्मणे कह्युं. अधिराज! प्रथम तमारी कोमल काया अमृततुल्य हती, पण आ वेलाए झेररूप छे. तेथी ज्यारे अमृततुल्य अंग हतुं, त्यारे आनंद पाम्या हता. आ वेला झेरतुल्य छे, त्यारे खेद पाम्या. अमे कहीए छीए ते वातनी सिद्धता करवी होय तो, तमे हमणां तांबुल थुंको, तत्काल तेना उपर मक्षिका बेसशे अने ते परधाम प्राप्त थशे. सनत्कुमारे ए परीक्षा करी तो सत्य ठरी. पूर्व कर्मना पापनो जे भाग, तेमां आ कायाना मद संबंधनुं मेलवण थवाथी ए चक्रवर्तिनी काया झेरमय थइ गइ. विनाशी अने अशुचिमय कायानो आवो प्रपंच जोइने सनत्कुमारना अंतःकरणमां वैराग्य उत्पन्न थयो के, केवल आ संसार तजवा योग्य छे. आवीने आवी अशुची स्त्री, पुत्र, मित्रादिना शरीरमां रहेली छे. ए सघलुं मोहमान करवायोग्य नथी. एम बोलीने, ते छ खंडनी प्रभुता

हुं ज्यारे राजसभामां वस्त्रालंकार धारण करी केवल सज्ज थइने, ज्यारे सिंहा
सन उपर वेसुं हुं, त्यारे म्हारुं रूप अने म्हारो वर्ण जोवायोग्य छे. अत्यारे
तो हुं खेलभरी कायाए वेठो हुं. जो ते वेळा तमे म्हारुं रूप वर्ण जुओ तो
अद्भूत चमत्कारने पामो, अने चकित थइ जाओ. पछी देवोए कह्युं, त्यारे
अमे राजसभामां आवीशुं, एम कहीने त्यांथी चाल्या गया. त्यार पछी सन
त्कुमारे उत्तम अने अमूल्य वस्त्रालंकारो धारण कर्यां, अनेक उपचारथी
जेम पोतानी काया विशेष आश्चर्यने उपजावे तेम करीने ते राजसभामां
आवी सिंहासन उपर वेठो. आजुबाजु समर्थ मंत्रियो, सुभटो, विद्वानो
अने अन्य सभासदो योग्य आसने वेसी गया छे, राजेश्वर, चामरछत्रथी
अने खमाखमाथी विशेष शोभी रह्यो छे. (वधाइ रह्यो छे.) त्यां पेला देवताओ
पाछा विप्ररूपे आव्या. अद्भुत रूप वर्णथी आनंद पामवाने बदले जाणे
खेद पाम्या छे ! एवा स्वरूपमां तेओए माथुं धुणाव्युं. चक्रवर्तिए पूछ्युं,
अहो ब्राह्मणो ! गइ वेळा करतां आ वेळा तमे [illegible] रूपमां माथुं धुणाव्युं,

सनत्कुमारना वर्ण अने रूप अनुपम हता. एक वेला सुधर्मसभामां ते रूप नी स्तुती थई, ते वात कोइ बे देवोने रुची नही. पछी तेओ ते शंका टाल वाने विप्ररूपे सनत्कुमारना अंतःपुरमां गया. सनत्कुमारनो देह ते वेला खेलभर्यो हतो, तेने अंगे मर्दनादिक पदार्थोनुं मात्र विलेपन हतुं, एक न हानुं पंचियुं पहेर्युं हतुं, अने ते स्नानमंज्जन करवा माटे बेठो हतो. तेवामां विप्ररूपे आवेला देवता, तेनुं मनोहर मुख, कंचनवर्णी काया अने चंद्र म जेवी कांती, जोइने बहु आनंद पाम्या. जरा मांथु धुणाव्युं, एटले चक्रवर्त्ति ए पूछयुं. तमे मांथु केम धुणाव्युं? देवोए कह्युं. अमे तमारुं रूप अने वर्ण निरीक्षण करवा माटे बहु अभिलाषी हता, स्थले स्थले तमारा वर्णरूपनी स्तुति सांभली हती. आज ते वात अमने प्रमाणभूत थइ, एथी अमे आ नंद पाम्या; माटे मांथु धुणाव्युं के, जेवुं लोकोमां कहेवाय छे, तेवुंज रूप छे. एथी वली विशेष छे, पण ओछुं नथी. सनत्कुमार, शरीरना वर्णनी स्तु तिथी प्रभुत्व लावी बोल्यो. तमे आ वेला म्हारुं रूप जोयुं तो भले, परंतु

(खणरमणीओं के०) क्षणमात्र सुंदर देखाय तेवुं छे ॥ ३६ ॥

भावार्थ—जेम संध्याकाले अनेक प्रकारना वादलांना रंग थाय छे, ते क्षण मात्र देखाइने वायुना प्रयोगथी नाश पामे छे. वली जेम जलकमल (पुंडरी कादि कमल) अने स्थलकमल (गुलाबनां फूल आदि)केवां सुंदर प्रफुलित देखाय छे? परंतु तेज फूल, बे त्रण दिवसमां एवां करमाइ जाय छे के, तेनी कांइ पण शोभा रहेती नथी; तेम जवानी अवस्थामां पण शरीर, पुष्पनी पेठे खीलेलुं देखाय छे. अर्थात् मोहनुं कारण थइ पडे छे. परंतु तेनुं तेज शरीर, वृद्धावस्थामां एवुं नठारुं थइ जाय छे के, तेना सामुं जोवुं पण बहुधा गमे नहीं! माटे एवी तरुणावस्थामां शरीरनो शो मद करवो? ॥३६ ॥

आ शरीरनी सुंदरतानो अहंकार न करवा आश्री सनत्कुमार चक्रवर्त्ति नी कथा टीकामां जणाव्याथी लखीए छीए.

कथा. ४

भरतचक्रवर्त्तिना जेवी रुद्धिवालो सनत्कुमारनामा चक्रवर्ती राजा हतो.

माटे धर्मसाधनमां वर्त्तवानो अभ्यास करवो ॥ ३५ ॥

रूपं अशाश्वतं एतत् विद्युल्लतावच्चंचलं जगति जीवितं

रूवमसासयमेयं । विज्जुलयाचंचलं जए जीअं ॥

संध्याभ्ररागसदृशं क्षणरमणीयं च तारुण्यं

संझाणुरागसरिसं । खणरमणीअं च तारुन्नं ॥ ३६ ॥

अर्थ.—हे आत्मन्! (एयं के०) आ (रूवं के०) शरीरनुं सुंदरपणुं जे ते (असासयं के०) अशाश्वतुं छे. केम के, रोगादिके करीने सनत्कुमार चक्रवर्त्तिना शरीरनी पेठे नाश पामे छे. वली (जए के०) जगत्‌ने विषे (जीअं के०) जीवित जे ते (विज्जुलयाचंचलं के०) वीजलीरूप लतानी पेठे चंचल छे. एटले जेम वीजली क्षणमात्र देखाइने पछी नाश पामे छे, तेम जीवित पण थोडा कालमां नाश पामे छे. अने (च के०) वली (तारुन्नं के०) जवानीपणुं जे ते (संझाणुरागसरिसं के०) संध्याकालना नाना प्रकारना रंग सरखुं, एटले संध्याकाले आकाशमां पंचवर्णां अभ्रपटलना रंग उत्पन्न थाय छे, तेना जेवुं

पशुनी पेठे फोगट अवस्था गमावी. अने हवे ज्यारे शरीरनी शक्ति क्षीण
थवाथी नकामा जेवो थयो, अने वली ज्यारे तने कूतरानी पेठे तहारां स्त्री
पुत्रादिके तिरस्कार कर्यो, त्यारे तुं पराणे धर्मसाधन करवाने तत्पर थयो;
पण हे मूढ जीव ! तुं एवुं विचारतो नथी के, हवे महाराथी शुं बनवानुं
छे ? जेम च्यारे तरफथी घर बलवा मांड्युं, ने तेने होलववाने माटे, जाणे
कूवो खोदी पाणी काढीने, ते बलतुं घर होलवुं. इत्यादिक विचार जेम को
मूढ छे, तेम शरीरनुं सामर्थ्य गया पछी, धर्मसाधन करवानो विचार ते
व्यर्थ छे. एम देखी तुं विचारय के, धर्मसाधन तो नानपणमांथीज, अन्यथा
स करतां करतां प्राये पाणे कालेज सिद्ध थाय छे. जेम कूवाना कांठा उपर
पाणी काढवानी जग्याए पथरो अथवा लाकडुं पड्युं होय, तेमां पण कोमल
ल एवा दोरडावडे, घणे काले करीने घसाराथी ऊंडा कापा पडे छे, पण
तेवो कापो पाडवाने, कदापि लोढानी सांकलथी आखो दिवस घसे, तोय
पण तेवो कापो न पडे तेम तुं बाल्यावस्थाथीज त्रिणा कषाय ओछा करवाने

यथा गेहे प्रदीप्ते कूपं खनयितुं न शक्नोति कोऽपि

जह गेहंमि पलित्ते । कूवं खणिउं न सक्कए कोइ ॥

तथा संप्राप्ते मरणे धर्मः कथं क्रियते हे जीव

तह संपत्ते मरणे । धम्मो कह कीरए जीव ॥३५॥

अर्थ.–हे जीव! (जह के०) जेम (गेहंमि के०) घर (पलित्ते के०) बलवा मांड्ये सते (कोइ के०) कोइ पण, एटले समर्थ होय ते पण (कूवं के०) कूवाने (खणिउं के०) खोदवाने. अर्थात् कूवो खोदी पाणी काढीने, बलता घरने होलववाने (न सक्कए के०) न समर्थ थाय. (तह के०) तेम (जीव के०) हे जीव! (मरणे के०) मरण (संपत्ते के०) प्राप्त थए सते एटले मरण नजीक आव्ये सते (धम्मो के०) धर्म जे ते (कह के०) किये प्रकारे (कीरए के०) करी शकाय? ॥ ३५ ॥

भावार्थ– हे आत्मन्! ज्यारे (जवानी अवस्थामां) तहारे धर्म करवानो अवसर हतो, त्यारे तुं बीजे चाले चढी गयो; एटले विषयीजीवनी संगते

जरा नथी आवी, त्यां ज्यां सूधी इंद्रियोनी शक्ति नाश नथी पामी, तथा ज्यां सूधी आउखुं पूरुं नथी थयुं, त्यां सूधी पंडित पुरुषे पोताना कल्याणने अर्थे म्होटो प्रयत्न करवो. अर्थात् रात्रि दिवस परलोके सुख थाय, एवाज साधनमां प्रवर्त्तवुं. जेम के, कोइ एवुं विचारे के, हालतो जवानी अवस्था छे, माटे हालमां संसारनां सुख भोगवीने, पछी वृद्धावस्थामां धर्मसाधन करीशुं. पण हे सज्जनो ! जेम (प्रोद्दीप्ते के०) घर अतिशे बलवा मांड्युं, त्यारे जे कूवो खोदवानो उद्यम करवो, ते केवो कहेवाय ? एटले घर बलवा मांड्या पछी कूवो खोदी पाणी कहाडी घर होलवायज नहीं. तेम वृद्धावस्थामां वधुं धर्मसाधन करीशुं, एम धारवुं ते सिद्ध थायज नहीं. केम के, वृद्धावस्थाना स्वाभाविक दुःखथी, धर्मसाधन बनी शकवुं घणुंज कठण छे; माटे धर्मसाधन करवामां प्रमाद न करवो ॥

वली एज वातने मूल ग्रंथकार पण जणा

भावार्थ.—हे प्राणिन् ! ज्यां सूधी तहारी [illegible] शक्ति भरपूर छे, अने ते शक्तिने जरारूप राक्षसीए भक्षण नथी करी, अ[illegible]ज्यां सूधी रोग विकाररूप शत्रुए, काय[illegible]प नगरमां घेरो नथी घाल्यो, अने ज्यां सूधी कालना सपाटामां बरो[illegible]र नथी आव्यो, त्यां सूधी तुं जेटलुं आत्मसाधन करवुं धारीश, तेटलुं ब[illegible] शकशे. माटे जेम बने तेम प्रमाद मूकीने जलदी थी धर्मसाधन करव ॥ [illegible] ॥ वली भर्तृहरिये पण कह्युं छे केः—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

यावत् स्वस्[illegible]मिदं कलेवरगृहं, यावज्जरा दूरतो[1] ।
यावच्चे[illegible]न्द्रयशक्तिप्रतिहता, यावत् क्षयो नायुषः ॥
आत्मश्रेय[illegible]स तावदेव विदुषा, कार्यः प्रयत्नो महान् ।
प्रोद्दी[illegible] भवने हि कूपखननं, प्रत्युद्यमः कीदृशः ॥ १ ॥

अर्थ.—(यावत् क०) ज्यां सूधी आ शरीररूप घर साजुं छे, तथा ज्यां सूधी

यावच्च दूरे जरा.   २ संदीप्त.

संबंधी दुःखनो [illegible] करवा, पण अधपरंपराए न चालवुं. ए उपदेश.

॥ आर्यावृत्तम् ॥

यावत् न इंद्रियाणां हानिः यावत् न जराराक्षसी परिस्फुरति

जाव न इंदि[illegible]हाणी । जाव न जररक्खसी परिप्फुरई ॥

यावत् न रोगविकाराः यावत् न मृत्युः समाश्लिष्यति

जाव न रोगवि[illegible]आरा । जाव न मच्चू समुल्लिअई ॥ ३४ ॥

अर्थ.—हे जीव! (जा[illegible] के०) ज्यां सूधी (इंदियहाणी के०) इंद्रियोनी हानी, एटले इंद्रियोनुं क्षीणपणुं (न के०) नथी थयुं, तथा (जाव के०) ज्यां सूधी (जररक्खसी के०) जरारूप राक्षसी (न परिप्फुरई के०) नथी प्रकट थइ, तथा (जाव के०) ज्यां सूधी ([illegible]गविआरा के०) रोग विकार (न के०) नथी प्रकट थया, तथा (जाव के०) [illegible]ां सूधी (मच्चू के०) मृत्यु जे ते (न समुल्लिअई के०) नथी उदयमां आव्युं, त[illegible] सूधीमां शक्तिने न गोपवतां त[illegible]थी बने तेटलुं [illegible] करी ले. नहि तो पछीथी तने घणो[illegible] पश्चात्ताप थशे. ॥ ३४ ॥

[illegible]

आ एज अधिकारन विशेष जाणवा[illegible] जोए, तो आचारां गजी सूत्रमांथी जोइ [illegible]. वली गाथामां च शब्दनुं ग्रहण कर्युं छे तेथी द्रव्य संबंधी पण घणुंज दुःख छे. ते देखाडे छे.

अर्थानाम[illegible]ने दुःखमर्जितानां च रक्षणे ॥
आये दुःखं व्यये दुःखं धिगर्थं दुःखसाधनम् ॥ ४ ॥

अर्थ.—आ संसारने विषे मनुष्योने बे प्रकारना प्राण छे. तेमां एक अंतःप्राण, ने बीजो बहिःप्राण. तेमां अंतःप्राणतो प्रसिद्ध छे, अने बहिःप्राण ते धन छे. केमके, प्राण जतां जेवुं दुःख थाय छे, तेवुंज दुःख धन जतां पण थाय छे. एटलाज माटे ज्ञानी पुरुषोए आ दुःखनी पंक्तिमां धनने पण गण्युं छे. केम के, (अर्था[illegible] के०) धन मेलवतां पण दुःख छे, तेमज उपार्जन करेला धनने साचववामां पण दुःख छे; माटे धन आव्ये पण दुःख छे, अने धन गये पण दुःख छे. अर्थात् ते धनज दुःखदायक छे. माटे दुःखनुं साधन एवा धन ने धिक्कार थाओ ! ॥ ४ ॥—ए रीते जन्म, जरा, रोग, मरण अने धन, ते

ते डोसाने घणी पीडा थवाथी डोसो नाना कहेतो जाय छे, तोपण पराणे पराणे शेके जाय छे अने मनमां विचारे छे के, आ डोसाए लोकमां अमारी बहु फजेती करी छे माटे फरी फरीने आवो लाग मलवानो नथी. एम विचारीने ते डोसाने बहु पराजव करे छे. त्यार पछी ते डोसो पण आर्त्तध्याने करी थोडा दिवसमां मरण पाम्यो. ए रीते वृद्धावस्थानुं दुःख जाणवुं.

वली ते वृद्धावस्थाना दुःखना वर्णननुं बीजुं काव्य, टीकामां लख्युं छे, ते लखीए छीए.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

गात्रं संकुचितं गतिर्विगलिता, दन्ताश्च नाशं गता ॥
दृष्टिर्भ्रश्यति रूपमेव ह्रसते, वक्त्रं च लालायते ॥
वाक्यं नैव करोति बान्धवजनः पत्नी न शुश्रूषते ।
धिक् कष्टं जरयाभिभूतपुरुषं, पुत्रोऽप्यवज्ञायते ॥ २ ॥

अर्थ — वृद्धावस्थाए शरीर संकोचाइ जाय छे, [illegible] शरीरे कर [illegible]

...तु होय, तो कोइ माणस पासे ... चोकरी करावो, एटले खबर पडशे. पछी ते पुत्रोए तेमज कर्युं. त्यार पछी एक दिवसे पुत्रे पूछ्युं के, हे पिताजी! केम हवे सारी रीते चाकरी थाय छे? त्यारे ते डोसो बोल्यो के, नाइ... शुं कहुं!! म्हारुं मन जाणे छे, कांइ कहेवानी वात नथी. एवी रीते ते डोसानुं बोलवुं सांभळीने, ते सर्वे स्त्रीयो पोताना पतिने कहेवा लागी के, तमे म्हारुं कह्युं प्रथम नहोता मानता, पण हवे जखमारीने मान्युं!! इत्यादि रीते बोलीने, ते डोसाना अवगुण पोताना पतिना हृदयमां सारी रीते ठसाव्या. ते पुत्रो पण ते स्त्रीयोनुं कहेवुं मान्य करीने, पोताना पिताने तिरस्कार करवा लाग्या. ए रीते च्यारे तरफनुं दुःख जोगुं थवाथी, ते डोसाए ...को मूकवा मांडी. ते सांभळीने ते स्त्रीयो बोली के, आपणा ससराने ... पचतुं नथी, ने वगर विचार्युं खा खा करे छे, तेथी चूंक आवती हशे; माटे लावो! देवतावडे शेकीए. पछी ते स्त्रीयो पण लूगडाना डुचा सारी ...ठे बंना करीने जेम काम दे, तेम डोसाने शेके छे; तेथी

जेम करवुं घटे, ते तेम निरंतर करतो हतो. तेम करतां करतां केटलाएक दिवस गया. पछी वृद्धपणुं वृद्धि पाम्युं, एटले आखा शरीरनी इंद्रियो स्वाधिन न रही, अने सर्व अंग कंपवा लाग्यां, अने नेत्रादिकमांथी पाणी गलवा मांड्युं. त्यारे हलवे हलवे ते स्त्रीयादिकोए, ते वृद्धनी चाकरी घटाडवा मांडी. केमके, वृद्धपणुं वधवा लाग्युं माटे. वली ते वृद्ध चित्तना अभिमान वडे करीने, वृद्धावस्थानां दुःखरूप समुद्रमां पड्यो. वली ते वृद्धना दीकरानी स्त्रीयो एम कहे छे के, आ डोसानुं वरतरु कूटवानुं ते अमारा कर्ममां क्यां सूधी घाली मूक्युं हशे ? ते कांइ मालम पडतुं नथी. त्यारे तेमना स्वामीजी (डोसाना पुत्र) वली ते स्त्रीयोने समजावीने डोसानी चाकरीमां वलगाडे छे. त्यार पछी एक दिवस ते सर्वे स्त्रीयो, संप करीने पोत पोताना भरतारने कहे छे के, तमारा पितानी अमे घणी घणी चाकरी करीए छीए, तोयपण ते वृद्धपणामां बुद्धिनी विकलताथी, अमारी [illegible] चाकरीना ज [illegible] त्रामां
[illegible] आपे छे [illegible] तु [illegible]

कौशांबी नगरीने विषे घणा धनवालो, अने घणा [illegible]वालो एवो, एक धनो नामे सार्थवाह हतो, तेणे एकलेज नाना प्रकारना उद्यमे करीने, धन उपार्जन कर्युं. ने ते सघलुं धन, दुःखवालां बंधुजन, तथा स्वजन, तथा मित्र, तथा स्त्री, अने जाइ आदिक सर्वे संबंधीउना जागने अर्थे वापर्युं. त्यारपछी ते धनो, कालना परिपाकथी वृद्धअवस्थाने पाम्यो. तेना सघला पुत्रो तेनुं सारी रीते पालन पोषण करवानी योग्य कलामां कुशल हता. संसार संबंधि सघलां कामनी चिंता जार तेणे ते पुत्रो उपरज नांख्यो हतो, तोयपण ते पुत्रो एम बोले छे के अमने आ पिताजीएज आवी सुंदर अवस्थाने पमाड्या छे, तथा सर्वे लोकना अग्रेसर कर्या छे, तथा तेमणे अमारो बहु उपकार कर्यो छे. ए रीते पोतानुं [illegible]रुं कुलीनपणुं, ते पुत्रो जणावता हता. पछी कोइ कार्य प्रसंगे, ते वृद्धनी [illegible]यो पोताना स्वामीनी चाकरी करती हती. तेमां पण शरीर चोलीने [illegible] करावकुं, तथा जोजन करावकुं, इत्यादिक जे काले

पराजेव करे छे, एवा वळी कहे छे के, आ डोसो मरतोए नथी, ने मांचो मूकतो पण नथी. वळी ते डोसानी घरमां रहेला माणसोज निंदा करे छे, एटलुंज नहीं परंतु ते वृद्ध पोतेज, पोताना देहनी निंदा करे छे. ते उपर टीकामां लखेलुं काव्य तथा तेनो अर्थ लखीए छीए.

॥ वैतालीयवृत्तम् ॥

वलिसंततमस्थिशेषितं शिथिलस्नायुधृतं कलेवरम् ॥
स्वयमेव पुमान् जुगुप्सते किमु कान्ता कमनीयविग्रहा ॥ १ ॥

अर्थ.—वृद्धावस्थाथी जेना बधा शरीरनी त्वचा (चामडी) मां करचोलीयो वळी गइछे, तथा शरीरमां केवल हाडकांज देखायछे अने नाडियो पण शिथिल थइ गइ छे, एवा देहना कलेवरने जोइ, ए वृद्ध पोते पोतानी मेळेज ते शरीरनी निंदा करे छे; तो जेनुं शरीर सुंदर छे एवी स्त्रीयो निंदे, तेमां तो शुंज कहेवुं? ॥ १ ॥

वळी ते वृद्धावस्थाना दुःख उपर टीकामां कथा कही छे, तेनो अर्थ

[illegible]

[illegible] पूरु देखातु [illegible], कान पूरु सांभलातु नथी, [illegible]माथा लींट ने-
तरे छे ने दांत पण हाली [illegible] छे तथा पडी पण जाय छे, त[illegible]खांसी, श्वास
अने शरीरनुं निर्बलपणुं [illegible] छे, अंग भागे छे, तुटे छे अने फाटे छे. वली मु-
खेथी बराबर चोखुं बोल[illegible] शकातुं नथी, अने लोकने पण अनादर करवाजोग्य
तथा हांसी करवा जोग्य [illegible]ाय छे, तथा दिवसे दिवसे भान पण भुलुं थतुं जा
य छे. तोयपण वधा का[illegible]ां डहापण डाहोलवा घणो जाय छे, त्यारे पोतानी
स्त्री तथा वहालो पुत्र [illegible] पुत्री विगेरे, ते डोसाने तिरस्कार करीने एम कहे
छे के, तमे छाना मा[illegible] खाटलामां पड्या रहोने! नकामो लवारो शुं करवा
करो छो! तमारुं हैयुं [illegible]टी गयुं छे पण कांइ अमारुं फूटी गयुं नथी के, तमारुं
कह्युं करीए!! वली [illegible]रना खूणाने विषे खांसी खातो खातो एक तूटमूट खा
टलीमां पड्यो रहे छे वली जवानी अवस्थामां पुत्रादिकने पालन पोषण करे
लां, ते एवी आशा[illegible] के, तेओ वृद्धावस्थामां म्हारी चाकरी करशे, तोयपण
ते स्त्री, [illegible] ते डोसाथी न सहन थाय तेवो

जेम जतरडामा [illegible] सोना रुपाना तारने, [illegible] कोइ छे, ए दृष्टांते माताना योनि [illegible]त्रमांथी निकलतां, माताने तथा पोताने अतुल वेदना थाय छे. तेवी रीते मरणनुं दुख पण जाणी लेवुं. हवे जन्म अने मरण ए बे दुःखोनी मध्ये [illegible] दुःखोनुं वर्णन करीए छीए. बाल्यावस्थाने विषे ते बालकने बोलतां न [illegible]वडवाथी तेने जे वेदना थइ होय, ते वेदना मटाडवाना उपचारने बदले उलटी तेने वधारे वेदना थाय, तेवा उपचार करवामां आवे छे. जेम के ते बालकने माथुं दुःखतुं होय, तेनो उपचार मूकीने पेट दुःखतुं मटाडवा [illegible] उपचार करे छे. इत्यादि. वली जवानीमां एटले मानी लीधेली सुखनी अ[illegible]थामां पण, संसारना समस्त सुखनी प्राप्ति थती नथी. कदापि पराणे एक [illegible]खनी प्राप्ति थाय छे, तेवामां बीजां बे दुःख उत्नां थाय छे. जेम कोइ वस्तु[illegible] घडो करवा माटे, कांइ पण चीज न जडवाथी, चोमासामां उत्पन्न थए[illegible] आशरे दश पंदर देडकां लेइ, पांचशेरीनो घडो करे छे, तेवामां ते घडो कांइक [illegible] थवाथी जेवामां बीजुं एक देडकुं लेवा जाय

(मरा ॥ आर्यावृत्तम् ॥

सर्वाः ऋद्धयः [illegible]प्राः सर्वेऽपि स्वजनसंबन्धाः

सवाउ रिद्धीउ । [illegible]त्ता सव्वेवि सयणसंबंधा ॥

संसारे तस्मात् विरम ततःऋद्ध्यादिभ्यः यदि जानासि तदा आत्मानं सुखिनं

संसारे ताँ विरमसु । तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥

अर्थ–(संसारे [illegible]) संसारने विषे (सव्वाउ के०) सर्व एवी (रिद्धीउ के०) ऋद्धियो जे ते. तथा ([illegible]वि के०) सर्व एवा पण (सयणसंबंधा के०) स्वजन संबंध जे ते (पत्ता के०) [illegible]म्यो छे (तो के०) ते कारण माटे (जइ के०) जो (अप्पाणं के०) आत्माने (मुणसि के०) जाणे छे, तो (तत्तो के०) ते ऋद्धिआदिक थकी (विरमसु के[illegible]) विराम पाम्य. अर्थात् निवृत्ति पाम्य. ॥ २५ ॥

भावार्थ–हे आत्म[illegible]! संसारने विषे अनादिकाल[illegible]थी भ्रमण करतां आ जीवे देव मनुष्यादिकनी सर्वे समृद्धियो पामी छे, [illegible] सर्वनी साथे पोतानो माता पिता भाई भार्यादिक संबंध जोडायो छे. [illegible]मां तहारे मोह रा-

ह्मारुं स्वरूप तो निश्चे नयमते करीने अछेद्य, अभेद्य, अजर, अमर, ज्ञान-रूप, सुखरूप अने सत्तारूप एवुं छे. तेने तुं विसरी जइने, देहादि परभावमां आसक्त थइने पंच प्रकारना विषयसुख भोगववानी तृष्णा हजु सूधी तने जती नथी. परंतु तुं एम वांछा राखे छे के हुं सारी सारी जाति आदिकमां जइने सारा सारा विषय भोगवुं. पण ते विषयनां सुख तें अनंतीवार भोगवी ने वमन कर्यां छे, तोयपण तेने तेज भोगनी इछा राखीने वातांशी (वमन करेलाने खानारो) केम थाय छे? वली ए विषयसुखने भोगवीने कांइ तृप्त थवातुं नथी, पण उलटी तेनी तृष्णा जेम बलता अग्निमां घी होमे, ने तेनी ज्वाला वृद्धि पामे, तेम विषयतृष्णा वृद्धि पामशे. माटे हे जीव! तुं एम विचार के, हुं सर्व ठेकाणे जइने सर्व जातिनां सुख दुःख अनंतीवार भोगवी आव्यो छुं, पण कोइ ठेकाणे नथी जइ आव्यो एम नथी. एवुं विचारी विषय सुखथी विराम पामीने तुं तहारा आत्मस्वरूपना अविनाशी सुखमां मग्न था. आ बे गाथानो भेगो भावार्थ छे. ॥ २३ ॥ २४ ॥

अर्थ—(जह के०) जे स्थानने विषे (जावा के०) जीव जे ते (सुह दुक्ख परंपरं के०) सुख दुःखनी परंपराने (बहुसो के०) घणीवार (न पत्ता के०) नथी पाम्या. (तं के०) ते. अर्थात् तेवुं (किंपि के०) कोइ पण (लोए के०) लोकने विषे (वालग्ग के०) वालनो अग्र तेनो (कोडिमित्तंपि के०) प्रांतभाग मात्र पण, अर्थात् किंचित्मात्र पण (ठाणं के०) स्थान जे ते (नत्थि के०) नथी. अर्थात् आ जीव, सर्व स्थानकमां जइ आव्या छे. ॥ २४ ॥

भावार्थ—व्यवहार राशीने पामेला जीवोने अनंतो काल थइ गयो छे, माटे ते जीवोने सर्व जाति आदिकने विषे अनंतीवार उत्पत्ति थइ ज हशे? एम संभावना करीए छीए. केमके, ए अभिप्राय तो बहुश्रुतनेज गम्य छे. अर्थात् ते अभिप्राय तो बहुश्रुत जाणे. हे जीव! तुं अनंतीवार सारी सारी जातिमां तथा सारी सारी योनिमां उत्पन्न थयो छे, अने सारा सारा स्थानमां तथा सारा सारा कुलमां उत्पन्न थयो छे, अने तुं त्यां अनेक प्रकारे जन्म मरण पाम्यो छे; परंतु विचारी जोतां तो तुं जेवो छे, तेवोने तेवोज छे. एटले त

जाति जे ते (न के०) नथी. अने (सा के०) ते अर्थात् तेवी कोइ (जोणी के०) योनी जे ते (न के०) नथी, अने (तं के०) ते अर्थात् तेवुं कोइ (ठाणं के०) स्थान जे ते (न के०) नथी. अने (तं के०) ते. अर्थात् तेवुं कोइ (कुलं के०) कुल जे ते (न के०) नथी. एटले सर्वे जीवोने पूर्वे कहेलां सर्वे स्थानको अनंतीवार थयां छे ॥ ३३ ॥

वली आ अधिकारने विशेषे जाणवानी मरजी होय तो, श्री भगवती सूत्रना बारमा शतकना सातमा उद्देशामांथी बोकडानुं दृष्टांत जोइ लेज्यो.

॥ आर्यावृत्तम् ॥

तत् किमपि नास्ति स्थानं लोके वालाग्रकोटीमात्रमपि.
तं किंपि नत्थि ठाणं । लोए वालग्गकोडिमित्तंपि ॥
यत्र न जीवाः बहुशः सुखदुःखपरंपरां प्राप्ताः
जत्थ न जीवा बहुसो । सुहदुक्खपरंपरं पत्ता ॥ ३४ ॥

माता थइ, पिता थयो, जाइ थयो, ए रीते उपर कह्या प्रमाणे पूर्वे सर्व संबंध करी चूक्यो छे. एज प्रकारे सर्व जीवो पण आ जीवना मातादिकपणे करीने, अनेकवार, तथा अनंतीवार पूर्वे उत्पन्न थया छे. ए रीते सर्व जीवोने मांहो मांहि सर्व संबंध थइ चूक्या छे. इति संसारनी अनवस्था उपर कुबेरसेना गणिकानुं दृष्टांत तथा श्री जगवती सूत्रना पाठनो अर्थ जाणवो.

॥ अनुष्टुप्वृत्तम् ॥

न सा जातिः न सा योनिः न तत् स्थानं न तत् कुलम्

न सा जाइ न सा जोणी । न तं ठाणं न तं कुलं ॥

न जाताः न मृताः यत्र सर्वे जीवाः अनन्तशः

न जाया न मुआ जह । सवे जीवा अणंतसो ॥ ७३ ॥

अर्थः—(जह के०) ज्यां (सव्वे के०) सर्व (जीवा के०) जीव जे ते (अणंतसो के०) अनंतीवार (न जाया के०) नथी उत्पन्न थया, तथा (न मुआ के०) नथी मरण पाम्या, एवी (सा के०) ते. अर्थात् तेवी कोइ (जाई के०)

भाईपणे करीने, बहेनपणे करीने, स्त्रीपणे करीने, पुत्रपणे करीने, पुत्रीपणे करीने, पुत्रनी स्त्रीपणे करीने, सामान्यथकी शत्रुपणे करीने, वैरिपणे करीने एटले शत्रुभावना अनुबंध सहितपणे करीने, घातकपणे करीने एटले मार नारपणे करीने, अने ताडन करनारपणे करीने, प्रत्यनीकपणे करीने एटले प्रतिकूलपणे करीने, अने कार्यना उपघातपणे करीने, एटले अमित्रसहायीपणे करीने, राजापणे करीने, जुवराजपणे करीने, यावत् शार्थवाहपणे करीने, दासपणे करीने एटले घरनी दासीना पुत्रपणे करीने, प्रेष्यपणे करीने एटले चाकरपणे करीने, भृतकपणे करीने एटले डुकालादिकने विषे अन्न साटे लीधेला तेपणे करीने, कर्षणादि लाभना भाग ग्राहकपणे करीने, अन्य पुरुषोए उपार्जन करेला अर्थना भोगकारी नरपणे करीने, वली कला शीखववा जोग्यपणे करीने. अने वली द्वेष करवा जोग्यपणे करीने पूर्वे उत्पन्न थयो छे ? ए रीते गौतमस्वामीए भगवंतने पूछ्युं. त्यारे भगवंत कहेता हवा. हे गौतम ! हा ! अनेकवार अथवा अनंतीवार [illegible] सर्व जीवोनी

ली पोतानी वींटी कुबेरदत्तने आपती हवी. त्यार पछी कुबेरदत्त पण ते वींटी देखीने सर्व संबंधनुं विरुद्धपणुं जाणीने, ततकाल वैराग्य पामीने, पोतानी निंदा करतोसतो पोतानी शुद्धिने अर्थे, चारित्र ग्रहण करतो हवो. अने वली महा तप करतो हवो. तथा कुबेरसेना वेश्या पण ते प्रवृत्ति सांभलवा थकी प्रतिबोध पामी सती श्रावकनो धर्म अंगीकार करती हवी. त्यार पछी कुबेरदत्ता साध्वी, ए प्रकारे तेमनो उद्धार करीने पोतानी प्रवर्त्तिनी पासे गइ, एटले पोतानी गुरुणी पासे गइ. अनुक्रमे ए सर्व जीवो, पोतानो धर्म सम्यक् प्रकारे आराधन करीने सद्गतिनां भजनार थयां. अर्थात् रूडी गतिमां गयां. ए प्रकारे अढार संबंध उपर कुबेरदत्तनुं दृष्टांत कह्युं. आ एक भवने आश्रीने संबंध देखाड्या. अनेक भवनी अपेक्षामां तो प्राये करीने सांव्यवहारीक जीवोने एकएक संबंध पण अनंतीवार थया छे. ते प्रकारे श्री भगवती सूत्रना बारमा शतकना सातमा उद्देशमां कह्युं छे, तेनो अर्थ इहां लखीए छीए.

हे भगवंत ! आ जीव सर्व जीवोना मातापणे करीने, पितापणे करीने,

महारा काकानो पिता थयो, तेथी महारो वमाउन थयो ॥ ३ ॥ अने प्रथम मने परण्यो छे, माटे महारो जरतार थाय छे ॥ ४ ॥ अने महारी शोक्यनो पुत्र थाय छे, माटे महारो पुत्र पण थाय छे ॥ ५ ॥ अने महारा दीयरनो पिता थाय, माटे महारो ससरो छे ॥ ६ ॥—ए प्रकारे बालकना पिता कुबेरदत्तनी साथे पोताना छ संबंध कहीने, वली कहेती हवी. जे आ बालकनी माता छे, ते मने पण जणनारी छे, माटे महारी पण माता छे ॥ १ ॥ अने महारा काकानी माता छे, तेथी महारी दादी लागे छे ॥ २ ॥ अने महारा जाइनी स्त्री थइ, तेथी महारी जोजाइ थाय छे ॥ ३ ॥ अने महारी शोक्यना पुत्रनी स्त्री थइ, माटे महारी वहु थइ ॥ ४ ॥ अने महारा जरतारनी माता थइ, तेथी महारी सासु थइ ॥ ५ ॥ अने महारा जाइनी बीजी स्त्री थइ, माटे महारी शोक्य थइ ॥ ६ ॥ ए रीते आ बालकनी माता कुबेरसेना वेश्यानी साथे पोताना छ संबंध देखाड्या. ए प्रकारे आ अढार संबंध कहीने ते साध्वी, ते संबंधोनी खातरी करवाने अर्थे, पोते व्रत ग्रहण कर्युं ते अवसरे राखे

बालकने वारंवार बोलावे छे. त्यार पछी एक [illegible] कुबरदत्त तेनुं वचन
सांभलीने, आश्चर्य पाम्यो छतो, ते साध्वीने कहेतो हवो. हे आर्ये! वारंवार
आवुं अजुक्त शुं बोलो छो? त्यारे साध्वी कहेती हवी. हुं अजुक्तुं नथी बोल
ती. जे कारण माटे आ बालक एक मातापणा थकी भाई छे, एटले तेनी
अने महारी एक माता छे, तेथी महारो भाई थाय छे ॥ १ ॥ अने महारा भ-
रतारनो पुत्र छे, माटे महारो पुत्र थाय छे ॥ २ ॥ अने महारा भरतारनो न-
हानो भाई छे, माटे महारो दीयर छे ॥३॥ अने महारा भाईनो पुत्र छे, माटे
महारो भत्रीजो छे ॥ ४ ॥ अने महारी माताना पतिनो भाई छे, माटे महारो
काको लागे छे ॥ ५ ॥ अने महारी शोक्यना पुत्रनो पुत्र छे, माटे महारो पौत्रो
लागे छे ॥ ६ ॥—ए प्रकारे बालकनी संघाथे पोताना छ संबंध देखाडीने,
वली कहेती हवी. जे आ बालकनो पिता छे, ते महारे एक मातापणा थकी
भाई छे, एटले तेनी अने महारी एक माता छे, माटे भाई थाय छे ॥ १ ॥
अने महारी मातानो भरतार थयो, तेथी महारो पिता थाय छे ॥ २ ॥ अने

ध्वी पण, पोताना परिवारसहित तेणीए आपेला उपाश्रयमां रही. हवे ते वेश्या, निरंतर त्यां आवीने, ते बालकने साध्वीनी आगल जूंइ उपर लोटतो मूकती हवी. ते अवसरे अवसरनी जाण एवी जे साध्वी, ते आगामी काल-लमां लाज्ञ जाणीने ते बालकने आ प्रकारे बोलावती हवी. हे बालक! तुं म्हारो ज्ञाई बुं. ॥ १ ॥ तुं म्हारो पुत्र बुं. ॥ २ ॥ तुं माहारो दीयर बुं. ॥३॥ तुं म्हारा ज्ञाईनो पुत्र बुं एटले ज्ञत्रिजो बुं. ॥ ४ ॥ तुं म्हारो काको बुं. ॥५॥ तुं म्हारा पुत्रनो पण पुत्र बुं. ॥ ६ ॥ तथा जे तहारो पिता ठे, ते म्हारो ज्ञाई ठे. ॥ १ ॥ अने म्हारो पिता ठे. ॥ २ ॥ अने म्हारा पितानो पिता, एटले म्हारो वडावड ठे. ॥ ३ ॥ माहारो ज्ञरतार ठे. ॥ ४ ॥ म-हारो पुत्र ठे. ॥ ५ ॥ अने म्हारो ससरो पण ठे. ॥ ६ ॥—तथा जे तहारी माता ठे, ते म्हारी माता ठे. ॥ १ ॥ अने म्हारा पितानी माता ठे. ॥ २ ॥ अने म्हारा ज्ञाईनी स्त्री ठे. ॥ ३ ॥ अने म्हारी वहु ठे. ॥ ४ ॥ अने म्हारी सासु ठे. ॥ ५ ॥ अने म्हारी शोक्य पण ठे. ॥ ६ ॥ ए रीते कहीने साध्वी ते

सांजलीने, तत्काल वैराग्य प्रत्ये पामी सती [illegible] (साध्वी) ना संजोग थये सते दीक्षा ग्रहण करीने, घणां महोटां तप करीने, विशुद्ध अध्यवसायना योग थकी थोमा कालमांज, तेणीए अवधिज्ञान उत्पन्न कर्युं. त्यार पछी ते साध्वी, अवधिज्ञानना बले करीने पोताना भाईनुं स्वरूप जोती सती मथुरा नगरीने विषे पोतानी माता संगाथे लागेलो एवो, अने पुत्रसहित एवो, तेने देखीने कर्मनी गतिने धिक्कार करती एटले धिक्कार पमो कर्मने!!! एम कहेती सती पोताना भाईने अकारजरूप महोटा पापरूप कादव थकी उद्धारवाने एटले काढवाने, पोते मथुरा प्रत्ये आवीने, कुबेरसेना वेश्यानेज घर जइने, धर्मलाभरूप आशिष् देइने तेनी पासे पोताने उतरवानुं स्थानक माग्युं. ते अवसरे कुबेरसेना पण ते आर्याने नमस्कार करीने एम कहेती हवी. हे महासती! हु वेश्या छुं, पण हमणां एक भरतारना संजोगथकी निश्चे कुलस्त्री थइ छुं. ते कारण माटे तमे सुखे करीने महारा घरनी समीपे पापरहित एवा आश्रयने ग्रहण करीने, अमने रूमा आचारमां प्रवर्त्तावो. त्यार पछी कुबेरदत्ता सा

पण बगमयुं नथी. जे कारण माटे तमारा बेनुं एक करपीमनज थयुं छे. एटले फक्त एक हाथनोज मिलाप थयो छे, पण मैथुनकर्म थयुं नथी. ते माटे तुं खेद न करीश. तने बीजी कन्या परणावीशुं. त्यार पछी कुबेरदत्ते कह्युं. तमारुं वचन म्हारे प्रमाण छे, परंतु हमणां तो हुं व्यापार करवाने माटे परदेश जवानी इछा राखुं छुं. ए कारण माटे मने आज्ञा आपो. त्यार पछी ते शेठ शेठाणीए आज्ञा आपी. पछी कुबेरदत्त, ते वृत्तांत पोतानी बहेनने कही ने, घणांक क्रियाणां लेइने, दैवयोग थकी पोताने उत्पत्तिनुं स्थानक एवी मथुरा नगरीए गयो. त्यां ते निरंतर पोताने उचित व्यापार करतो सतो, एक दहाडो कोइक माठा कर्मना जोगथकी अद्भूतरूपे करीने शोभायमान एवी, पोतानी माता कुबेरसेना वेश्याने देखीने, कामे पीडीत थयो सतो, ते वेश्याने बहु द्रव्य आपीने, पोतानी स्त्री करीने निरंतर तेनी संगाथे विषय संबंधी सुख भोगवतो हवो. त्यां अनुक्रमे करीने तेने एक पुत्र थयो. हवे शौर्यपुरने विषे ते कुबेरदत्ता, माताना मुखथकी मुखथकी पोतानी ते प्रवृत्ति

कानी साथे सरखी आकृतिवाली, अने एक देशमा घडेली, अने सरखा ना-
मवाली एवी देखीने मनने विषे कुबेरदत्तने पोतानो भाई छे, एम निश्चे क-
रीने ते बे वींटीयो कुबेरदत्तना हाथमां घाली. ते अवसरे कुबेरदत्त पण ते
वींटी जोवा थकी तेमज तेने पोतानी बहेन छे, एम निश्चे करीने अतिशे खेद
पाम्यो. त्यार पछी ते बे जणे पण पोताना विवाहना कार्यने अकार्य मानतां
एटले आ खोटुं थयुं! एम जाणतां थकां पोतानो संदेह निवारवाने माटे पोत
पोतानी माताने सम खवरावीने अतिशे आग्रहे करीने पोतपोतानुं स्वरूप
पूछयुं. ते अवसरे तेमनी माताए ते बे जणनी आगल मंजूषामांथी (पटी-
मांथी) कहाड्यां त्यांथी मांडीने सर्व पण वृतांत कह्युं. त्यार पछी कुबेरदत्त
माता पिताने कहेवा लाग्यो के, तमे अमने जोडले जन्मेलां जाणीने पण
आवुं अकार्य केम कर्युं? त्यारे ते कहेवा लाग्यां के, तम्हारा सरखी कन्या अने
तेना सरखो वर क्यांहि अमने मल्यो नहीं; तेथी सरखां शोभादि गुणवालां
तमने जाणीने तमारा बेनोज मांहोमांहे विवाह कर्यो. परंतु हजु सुधी कांइ

जलमां वहेती थकी अनुक्रमे करीने दिवसनो उदय थए सते, शौर्यपुर नगरे आवी. त्यां स्नान करवाने अर्थे आवेला एवा बे शेठना पुत्रो ते पेटीने आवती देखीने, तत्काल लेइने एक जणे तेनी मध्ये एक बालक अने बालिकाने जोइने, तेमनी मध्ये जे पुत्रनो अर्थि हतो, तेणे पुत्र लीधो. अने बीजो पुत्रीनो अर्थि हतो, तेणे बालिका लीधी. ए प्रकारे ते एक एक बालक लेइने पोत पोतानी स्त्रीने आप्युं. पछी मुद्रिकामां लखेला अक्षरने अनुसारे तेमनुं नाम पाड्युं. त्यार पछी ते कुबेरदत्त अने कुबेरदत्ता एवे नामे बे बालक, ते शाहुकारोने घेर अतिशे उद्यमे करीने महोटां थयां. पछी अनुक्रमे करीने जोबन अवस्था पाम्यां, त्यारे ते बे बालकोनुं सरखुं रूप जाणीने, ए बे शाहुकारो ते बे जणनो मांहो मांहे पाणीग्रहणनो उत्सव करता हवा. एटले लग्ननो उत्सव कर्यो. त्यार पछी ते स्त्री भरतार, एक दहाडो सोगटांबाजी रमवा बेठां, ते अवसरे कुबेरदत्तना हाथथकी ते नामांकित मुद्रिका कोइक प्रकारे निकली ने कुबेरदत्तानी आगल पडी. त्यार पछी तेणीए ते मुद्रिका पोतानी मुद्रि-

वसरे वेश्या कहेती हवी. क्लेश (दुःख) पण सहन करीश, परंतु मारा गर्भने कुशल रहो. एम कहीने पछी ते वेश्याए गर्भनी वेदना सहन करीने अवसरे पुत्र पुत्रीरूप जोमलुं प्रसव्युं. त्यारे वली कुट्टिनी कहेतां तेनी मा, कहेती हवी. हे पुत्री ! आ छोकरांनुं जोमलुं तहारा जवानीपणाने नाश करनारुं थशे; ए कारण माटे आ जोमलुं विष्टानी पेठे त्याग करीने, आजीविकानुं कारण एवुं पोतानुं जवानीपणुं राख्य. त्यारे वेश्या कहेती हवी. हे मातः! जो एम छे तो दश दिवस सूधी विलंब करो, पछी तमारुं कहेलुं करीश. त्यार पछी तेनी माताए आज्ञा आपी. त्यार पछी ते वेश्याए दश दिवस सूधी धवरावीने ते बालकोनुं सम्यक् प्रकारे प्रतिपालन करीने अगीयारमे दिवसे, एक जणनुं कुबेरदत्त, अने एक जणीनुं कुबेरदत्ता ए प्रकारे बे जणनां नाम पाडीने पछी तेमना नाम सहित एवी बे वींटीयो करावीने ते बे जणनी आंगलीयोमां घालीने पछी एक लाकडानी पेटीमां ते बे जणने मांही मूकीने संध्या समये यमुना नदीना प्रवाहने विषे ते पेटीने वहेती मूकी दीधी. त्यार पछी ते पेटी

शे; माटे केवल तेमनेज माटे पोतानुं धर्मध्यान चूकवुं, ते ठीक नही ॥ ३२ ॥
आ बात्रीशमी गाथामां आ जीवने भवांतर आश्रीने अनेक प्रकारना संबंध थाय छे, एम कह्युं. परंतु आने आ भवमांज अनेक प्रकारना संबंध थया छे, तेनी कथा नीचे प्रमाणे जाणवी.

॥ कथा १ ॥

